
આપણા કૌટુંબિક જીવનની માવજત કરી આપણાં સંસ્કૃતિ અને સંસ્કારને
વ્યક્તિ ઘડતર દ્વારા સમૃદ્ધ કરવાની ઝંખના સેવતું માસિક...
છૂટક કિંમત : રૂા. ૧૫/- ● વાર્ષિક લવાજમ : રૂા. ૧૫૦/- ● Publication 2nd of Every Month

સરસ્વતી વિદ્યામંડળ
સ્થાપના : ૧૯૪૪

# ઘરશાળા

વર્ષ : ૮૨ ● અંક : ૦૬
સળંગ અંક : ૯૮૨
ઓગસ્ટ-૨૦૨૨

## સરસ્વતી વિદ્યામંડળના સ્વપ્નદૃષ્ટા
## પદ્મશ્રી ડૉ. રઘુભાઈ નાયકના
## ૧૧૫માં જન્મ દિવસ નિમિત્તે શુભેચ્છાઓ...





# ફરજનું વેતન

આઠ આઠ વર્ષ સુધી સ્વાતંત્ર્ય-સંગ્રામ ખેલીને જ્યોર્જ વૉશિંગ્ટને અમેરિકાને ઈંગ્લૅન્ડના આધિપત્યમાંથી આઝાદી અપાવી.

આ સમયે એમણે પ્રજાને વચન આપ્યું હતું કે હું સેનાપતિપદ ધારણ કરીને વેતનરૂપે એક પાઈ પણ નહીં લઉં, આથી જ્યારે સેનાપતિપદેથી નિવૃત્ત થતા માટે એમણે રાજીનામું આપ્યું ત્યારે લશ્કરને માટે પોતે કરેલા ખર્ચનો પાઈ પાઈનો હિસાબ આપ્યો અને સહુની રજા લઈને રાષ્ટ્રપિતાનું બિરૂદ પામેલા વૉશિંગ્ટન પોતાના વતનમાં પાછા ફર્યા.

આ સમયે પેન્સિલ્વેનિયાની કૉંગ્રેસે જ્યોર્જ વૉશિંગ્ટનને આગ્રહભરી વિનંતી પણ કરી કે આઠ આઠ વર્ષ તમે સ્વાતંત્ર્ય-સંગ્રામમાં આપ્યાં છે અને ઘરખર્ચ તરીકે એક પાઈ પણ લીધી નથી, તો અમારી થોડી રકમ સ્વીકારો. પરંતુ જ્યોર્જ વૉશિંગ્ટને કહ્યું કે મેં દેશને ખાતર મારી ફરજ બજાવવા માટે આ કર્યું છે. ફરજનું વેતન ન હોય.

સમગ્ર દેશમાં સન્માન પામેલો વૉશિંગ્ટન પોતાના વતનમાં પાછો ફર્યો અને સામાન્ય ખેડૂતની માફક ખેતીવાડીનું કામ કરવા લાગ્યા. આઝાદી માટે જેમ એણે અવિરત પુરુષાર્થ કર્યો હતો એ જ રીતે એણે ખેતીની ઊપજ વધારવા અથાગ પરિશ્રમ શરૂ કર્યો.

કેટલીય નાની-મોટી યોજનાઓ એણે મનમાં વિચારી. એમાંની એક યોજના એવી હતી કે જેમાં પેન્ટૉમેન્યાક અને જેમ્સ નામની બે નદીઓને જોડી દઈને જળમાર્ગે સસ્તી કિંમતે વેપારની યોજના કરી. વર્જિનિયાની પાર્લામેન્ટે એ મંજૂર રાખી અને બે કંપનીઓએ કામની જવાબદારી સ્વીકારી.

બંનેએ જ્યોર્જ વૉશિંગ્ટનને એના નિયામક તરીકે નીમ્યા. યોજના સફળ થઈ એટલે બંને કંપનીઓએ જ્યોર્જ વૉશિંગ્ટનને ભેટ રૂપે ઘણી મોટી રકમ મોકલી. નિસ્પૃહી જ્યોર્જ વૉશિંગ્ટને એ તમામ રકમ શૈક્ષણિક યોજનાઓના વિકાસ ફંડમાં આપી દીધી.

(સૌજન્ય : ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ)


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

# ઘરશાળા

વર્ષ : ૮૨

સળંગ અંક : ૯૮૨ | ઓગસ્ટ-૨૦૨૨



| | |
|---|---|
| સ્થાપક તંત્રીઓ : | હરભાઈ ત્રિવેદી<br>રઘુભાઈ નાયક |
| તંત્રીઓ : | જશીબહેન નાયક<br>જ્યોતીન્દ્રભાઈ દવે<br>સજુભા ઝાલા |
| વ્યવસ્થા અને સંકલન | કે. ડી. પટેલ |
| પરામર્શ : | મૃદુલાબહેન ત્રિવેદી<br>અમીતાબહેન પાલખીવાલા<br>અશોકભાઈ સોમપુરા<br>હેતલબેન શાસ્ત્રી |
| ડિઝાઈન : | મનીષ પટેલ |

આ માસિકમાં પ્રગટ થતા અભિપ્રાયો સાથે તંત્રી મંડળની સહમતી ના પણ હોઈ શકે. લેખ, લવાજમ, અંક ન મળવાની ફરિયાદ, કેળવણી વિષયક સમાચાર વગેરે કાર્યાલયના સરનામે મોકલવા વિનંતી છે. છપાનાર સામગ્રી પાછી મેળવવા જરૂરી પોસ્ટલ ટિકિટો મોકલવી.

શિક્ષણ-કેળવણી, બાળઉછેર, કૌટુંબિક જીવન, શિક્ષક-શિષ્યના સંબંધો, પ્રયોગાત્મક અહેવાલ, બાળ માનસશાસ્ત્ર આધારિત લેખો આવકાર્ય છે.

“ઘરશાળા” માસિકના એજન્ટ થવા ઈચ્છનારે કાર્યાલય સાથે પત્ર વ્યવહાર કરવો.

પત્ર વ્યવહારમાં ગ્રાહક નંબર અચૂક લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તુરંત જાણ કરવી.


| લવાજમ | ભારત | પરદેશ | |
|---|---|---|---|
| વાર્ષિક | ₹ ૧૫૦ | $ ૪૦ | £ ૨૫ |
| આજીવન (૨૦ વર્ષ) | ₹ ૨,૦૦૦ | $ ૨૦૦ | £ ૧૦૦ |

## અનુક્રમ


ફિલ્મએ કરાવ્યું સ્નેહ મિલન — ઋતુ શાહ /૪
સંપાદકીય : બદલાતા મૂલ્યો અને શિક્ષણ વ્યવસ્થા — જ્યોતીન્દ્ર દવે /૫
શિક્ષણના સિતારા — ડૉ. ઈશ્વર પરમાર /૭
અમંગળમાં મંગળનો પ્રવેશ — હીરજીભાઈ નાકરાણી /૧૩
ઊગી નીકળેલું કામ : અન્નપૂર્ણા — મનસુખ સલ્લા /૧૬
ગાંધીજી અને વિદ્યાર્થીઓ — ડૉ. ઈશ્વરભાઈ વાઘેલા /૨૦
મૃત્યુ સાથે મૈત્રી — રણછોડ શાહ /૨૨
તારો એક મિત્ર બનીને... — અન્સારી સાહિસ્તાબાનુ /૨૪
શિક્ષકની ચેતના — ડૉ. અરૂણ કક્કડ /૨૫
કસ્તૂરી : પ્રકૃતિ શિક્ષણ — હેતલબેન ડી. શાસ્ત્રી /૨૭
શિક્ષણ: ગઈકાલ, આજ અને આવતીકાલ — ડૉ. ધર્મેન્દ્ર પટેલ /૨૯
આવો ચાલો બાળકો — ભારતસિંહ ઠાકોર /૩૧
અનુભવજન્ય શિક્ષણ અને એક શાળા ! — રાકેશ નવાનદીસર /૩૨
શાળામાં સ્થાપના દિવસની અનોખી ઉજવણી — તોરલ આર. પટેલ /૩૫
શિક્ષણમાં વસંત — રાજુ કાનાણી /૩૭
દીકરી વ્હાલનો દરિયો — પ્રવીણભાઈ એલ ખાચર ‘પાર્થ’ /૩૯
વાલી શિક્ષણ (વાલી જાગૃતિ) — આશાબેન પંચાલ /૪૧



કાર્યાલય

“ઘરશાળા” શૈક્ષણિક માસિક

સરસ્વતી વિદ્યામંડળ

ડો. રઘુભાઈ નાયક શિક્ષણ સંકુલ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮.

ફોન : ૦૭૯-૨૨૯૨૦૫૩૭ ● ૨૨૯૨૫૫૭૦


આપના લેખ તથા પ્રતિભાવ અમને અમારા ઈમેલ ઉપર મોકલવા વિનંતી.


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

# ફિલ્મએ કરાવ્યું સ્નેહ મિલન

**ઋતુ શાહ ● સંકલન : રમેશ તન્ના**
૩૦૨, યશ ઍક્વા કૉમ્પલેક્ષ, મૅકડૉનાલ્ડ ઉપર, વિજય ચાર રસ્તા, અમદાવાદ-૩૮૦૦૦૯.

એક વખત વિદ્યાદાન વિશે શૉર્ટ ફિલ્મ બનાવવાનું નક્કી થયું. આ ફિલ્મ એક આંતરરાષ્ટ્રીય ફિલ્મ મહોત્સવમાં મોકલવાની હતી. આ ફિલ્મમાં કામ કરવા માટે એક નાનકડો છોકરો જોઈતો હતો. સુનિલ નામનો છોકરો મળી ગયો. એ પછી શૂટિંગ ક્યાં કરવું તેની ચર્ચા થઈ. જ્યાં વિદ્યાદાનનું વેન્ચર આવેલું છે ત્યાં થોડાં ખેતરો પણ છે. એક ખેતરમાં ઘર હતું. ટીમ ત્યાં ગઈ. ઘર કાચી માટીનું અને જર્જરિત હતું. ઘરના તળિયે લિંપણ પણ નહોતું. અહીં એક માજી રહેતાં હતાં. માજીએ વિદ્યાદાનની ટીમને ખૂબ જ પ્રેમથી આવકાર આપ્યો. તેમની વાત સાંભળીને કહ્યું કે તમે ચોક્કસ અહીં શુટિંગ કરો. મને કોઈ વાંધો નથી. મને તો આનંદ થશે.

બીજા દિવસે સવારે નવ વાગ્યે વિદ્યાદાનની ટીમ અને ફિલ્મનું ક્રૂ ત્યાં પહોંચી ગયું. શૂટિંગ શરૂ થયું. માજી તો બાજુનાં ખેતરમાં આવેલાં અન્ય ઘરે જતાં રહ્યાં હતાં. જમવાનો સમય થયો એટલે તેઓ આવ્યાં. આવીને તેમણે બધાંને કહ્યું કે જમવાનું તૈયાર છે. ચાલો જમવા. બધાંને ખૂબ નવાઈ લાગી. ઋતુ શાહે કહ્યું કે અમે અમારી રીતે જમી લઈશું. તમને તકલીફ નથી આપવી. માજી કહે, તમે બધાં આજે આવવાનાં હતાં તેથી મેં ગઈ કાલે ખેતરમાંથી વીણેલાં કાચાં ટામેટાં વેચ્યાં નથી. તેનું શાક અને રોટલા બનાવ્યા છે.

બધા માટે આ એક આનંદ અને આશ્ચર્યના સમાચાર હતા. બધાને ભૂખ લાગી હતી. એક જર્જરિત ઝૂંપડામાં રહેતાં વૃદ્ધાનું દય કેટલું વિશાળ હતું ! તેમણે પ્રેમથી ૧૦-૧૫ વ્યક્તિ માટે જમવાનું બનાવ્યું હતું. એ પ્રેમથી દોરવાતાં દોરવાતાં બધાં બીજા ખેતરમાં આવેલા ઘરે ગયાં. એ ખેતર માજીના દીકરાનું હતું.

હવે એક નવાઈ જેવી વાત બની. બધાં જમવા તૈયાર થયાં, પરંતુ ફિલ્મમાં જે મુખ્ય રોલ કરતો હતો તે છોકરો સુનિલ ઘરની બહાર જ ઊભો રહ્યો. તેણે જમવાની ના પાડી. તપાસ કરતાં ખબર પડી કે આ માજી તેનાં દાદી હતાં. જેમના ઘરે તેઓ જમવા આવ્યાં હતાં તે પતિ-પત્ની સુનિલનાં કાકા-કાકી હતાં. સુનિલનાં માતાને સુનિલનાં દાદી સાથે બનતું નહોતું. તેથી દાદીમા એકલાં ખેતરમાં રહેતાં હતાં. જો સુનિલ જમે અને તેની મમ્મીને ખબર પડે તો તેને ઠપકો મળે.

જોકે, બધાએ આગ્રહ કરીને સુનિલને જમવા બેસાડ્યો. સુનિલનાં કાકા-કાકી પીરસતાં પીરસતાં સુનિલ પાસે આવ્યાં. તેમણે જ્યારે સુનિલની થાળીમાં પીરસ્યું ત્યારે સુનિલ રડવા લાગ્યો. એ પછી તો તેણે પોતે જમતાં પહેલાં પોતાનાં કાકા અને કાકીના મોંમાં કોળિયા મૂક્યા. એટલું જ નહીં, તેણે પોતાનાં દાદીમાને પણ જમાડ્યાં. આ એક અદ્‌ભુત દૃશ્ય હતું. વર્ષોથી સુનિલને થતું હતું કે પોતે પોતાનાં દાદીમાને મળે. વિદ્યાદાનની ફિલ્મને કારણે એ શક્ય બન્યું હતું. ફિલ્મ તો બાજુ પર રહી ગઈ અને એક નવી ફિલ્મનાં અદ્‌ભુત દૃશ્યોનું સર્જન થયું.

વિદ્યાદાન નિમિતે ક્યારેક આવું પણ બનતું હોય છે !


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication



## સંપાદકીય : બદલાતા મૂલ્યો અને શિક્ષણ વ્યવસ્થા

**જ્યોતીન્દ્ર દવે**

થોડા દિવસો પહેલા મારા ઘરમાં સુથારીકામ અને રીપેરિંગ કામ કરાવ્યું. આ કામનો કુલ ખર્ચ રૂ. ૭૫,૦૦૦/- જેવો થયો હતો. મેં કામ કરતા સુથારને છુટા પૈસા આપ્યા હતા. કામ પૂરું થયું એટલે ફાઈનલ હિસાબ પેટે મને કહેવામાં આવ્યું કે રૂ. ૧૫,૦૦૦/- ફાઈનલ પેમેન્ટ તરીકે આપવાના થાય છે. મારી એક ટેવ છે કે શ્રમ કરનાર કારીગરો ઉપર વિશ્વાસ મૂકી તે જે માંગે તે રકમ આપું છું. તેમના શ્રમના મૂલ્યમાં ભાવતાલ કરવા મને પસંદ નથી. મેં રૂ. ૧૫,૦૦૦/- ચેક આપી પેમેન્ટ ચૂકતે કર્યું.

બીજા દિવસે મારી ઑફિસમાં સુથારભાઈ આવ્યા અન મને રૂ. ૪,૦૦૦/- પરત કર્યા. મને આશ્ચર્ય થયું આ પૈસા શા માટે પરત કરે છે. તેમણે જણાવ્યું સાહેબ મારા હિસાબમાં ભૂલ હતી. ૧૧,૦૦૦/- લેવાના થતા હતા તમે મને ૪,૦૦૦/- વધુ આપ્યા છે.

તેજ સાંજે મારા એક સ્નેહી જે એક મોટી રાષ્ટ્રીયકૃત બૅંકમાં ઉચ્ચ હોદ્દા ઉપર છે તેમનો ફોન આવ્યો.

તેમના જ શબ્દો...

'અમારી બેંકમાં ઓડીટ ટીમની એક પ્રથા છે કે સવારના નાસ્તો, બપોરનું લંચ, સાંજનું ડીનર બધું જ બ્રાંચના ખર્ચે અથવા મેનેજરના ખર્ચે કરવાનું તેમને મળતા એલાઉન્સમાંથી પૈસો પણ ખરચવાનો નહીં. ઉપરાંત તે પસંદ કરે તેવી ગિફ્ટ પણ આપવાની એટલું જ નહીં એક ઓડીટરે તો જુદી જુદી બ્રાંચ પાસેથી રૂ. ૧,૦૦,૦૦૦/- કરતાં પણ વધુ ઉઘરાવ્યા છે. બ્રાંચ અને ઝોન કે સર્કલનું ઓડીટ રેટિંગ ખરાબ ન થાય તે માટે ઓડીટર ઉઘાડે છોગ લૂંટ કરે છે.

હમણાં એક નવો યુવાન DRO (Direct Recruitment Officer) આવ્યો છે. એકજ વર્ષની નોકરી થઈ છે. એગ્રીકલ્ચર/લોન ખાતુ સંભાળે છે. રૂ. ૧,૫૦,૦૦૦/- નો મોબાઈલ ખરીદ્યો છે.'

સરકારી કર્મચારીઓની વાત કરીએ તો પાના ભરાય તેમ છે. અમદાવાદ જિલ્લાની સરકારી શાળાના શિક્ષકોની રજા/પગાર/એલાઉન્સ અને અન્ય નાણાકીય વ્યવહારોમાંથી રૂ. સાત કરોડની ઉચાપાત થઈ છે તેવા સમાચાર છે.

GSTના ઉચ્ચ અધિકારીઓ અને EDના ઉચ્ચ અધિકારીઓ પણ મોટી લાંચ લેતા પકડાયા છે.
આ બધા શિક્ષિતો છે, ઉચ્ચ શિક્ષણ મેળવેલું છે. સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ઊંચા ગુણ સાથે નોકરીમાં પસંદ થયા છે, દેશના અન્ય નાગરિકોની સરખામણીમાં ઊંચો પગાર મેળવે છે. પ્રશ્ન થાય છે ક સમાજનો આવો સુખી, શિક્ષિતો, સાધનસંપન્ન વર્ગ મૂલ્યનિષ્ઠામાંથી શા માટે વિચલિત થતો જાય છે ?

મારો અંગત અનુભવ એવો છે કે માણસ વધુ શિક્ષિત, વધુ હોશિયાર તેમ આંટીઘૂંટી અને ખોટું કરવામાં નિષ્ણાત થતો જાય છે. મૂલ્યનિષ્ઠાની વાત જવા દો પણ મૂલ્યોમાંથી વિચલિત થવું તે શિક્ષિતોની હોશિયારી છે તેવી માન્યતા વધુ પ્રચલિત થતી જાય છે.
પેલો સુથાર અને આવા અનેક શ્રમિકો જે શિક્ષિત નથી. જેમનું જીવન સાદગીભર્યું છે, ખોટું ન લેવાય, પ્રામાણિકપણે જે મળે તેમાં સંતોષ માનવો અને ઈશ્વરનો આભાર માનવો તેવા મૂલ્યો કોની પાસેથી શીખ્યા હશે ? તેમના સંસ્કારનું ઘડતર કોણે કર્યું હશે ? ભૌતિકવાદ અને ઉપભોગતા વાદના વાતાવરણમાં નૈતિકતા જાળવવાની સમજ કોણે આપી હશે ?

અમને લાગે છે ચારિત્ર ઘડતર અને સંસ્કાર ઘડતરમાં આપણી શિક્ષણ પદ્ધતિ નિષ્ફળ ગઈ છે. સમાજ/દેશમાં મૂલ્યોનું ધોવાણ થતું જાય છે તેમાં શિક્ષણ વ્યવસ્થાનો ફાળો પણ છે તે આપણે સ્વીકારવું રહ્યું.

## "ઘરશાળાના ગ્રાહકો - વાચકોને વિનંતી"

શાળા, કૉલેજ તથા કુટુંબના બધા સભ્યો- પડોશીઓ 'ઘરશાળા' રસપૂર્વક આનંદથી વાંચે તેમ કરવાની અમારી નેમ છે. આપની પ્રાથમિક/માધ્યમિક શાળામાં 'ઘરશાળા' આવે છે ? આપના અધ્યાપન મંદિરમાં 'ઘરશાળા' આવે છે? આપના જાહેર પુસ્તકાલયમાં 'ઘરશાળા' આવે છે ? આપ સૌ 'ઘરશાળા'ના ગ્રાહક બની તેના પ્રચારક બની રહો. જો આપે હજુ સુધી તેનું લવાજમ ન ભર્યું હોય તો આપ આ અંકથી વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/- મોકલશો તેવી વિનંતી છે.

વાર્ષિક ગ્રાહક તરીકે જેમનું લવાજમ પૂરું થયેલ હોય તેમણે સત્વરે નવાં વર્ષનું વાર્ષિક લવાજમ મોકલી આપવું તેવી વિનંતી છે. 'ઘરશાળા'ના ગ્રાહક ગમે તે માસથી થઇ શકાય છે.

**વાર્ષિક લવાજમ રૂપિયા : ૧૫૦/- ● આજીવન રૂપિયા : ૨૦૦૦/-**

**લવાજમ મોકલવાનું સ્થળ :**

**'ઘરશાળા' માસિક**

**સરસ્વતી વિદ્યામંડળ, ડૉ. રઘુભાઈ નાયક શિક્ષણ સંકુલ, સરસપુર, અમદાવાદ- ૩૮૦૦૧૮.**

**gharashala@saraswatividyamandal.org**

**www.saraswatividyamandal.org/publication**

# શિક્ષણના સિતારા

**ડૉ. ઈશ્વર પરમાર**
'મોરપીંછ', સિદ્ધનાથ સામે, દ્વારકા-૩૬૧૩૩૫.
મો. ૯૪૨૭૨૮૪૭૪૨

*વીસમી સદી ગુજરાતના શિક્ષણ ક્ષેત્રે શિક્ષકોની બાબતમાં નસીબદાર રહી. એક નજર નાંખીએ તો ઋષિ તુલ્ય શિક્ષકોની એક આકાશગંગા ગુજરાતને મળી હતી. આ સૌ સિતારાનો પરિચય બે દાયકા પહેલા ગુજરાતના જાણીતા શિક્ષણવિદ્, લેખક, સંશોધક ડૉ. ઈશ્વર પરમારે "શિક્ષણના સિતારા" પુસ્તક દ્વારા ગુજરાતના શિક્ષણજગતને આપ્યો હતો. શિક્ષણ જગતની નવી પેઢી આ શિક્ષકોનો પરિચય મેળવે અને તેમના જીવનમાંથી પ્રેરણા મળે તે હેતુથી અમે "શિક્ષણના સિતારા"ની શ્રેણી ઘરશાળા માસિકમાં દર મહિને પ્રકાશિત કરીશું. આશા છે કે વાચકો અમારા આ નવતર પ્રયોગને આવકારશે.*

## એક શિક્ષકનું જીવન-સંગીત

ગુણવંતભાઈ શાહ
ટહુકો, ૧૩૯, વિનાયક સોસાયટી,
જે.પી. રોડ, વડોદરા-૩૯૦૦૨૦

સુરત જિલ્લાના ગામ રાંદેરથી વડોદરા જિલ્લાના પાવાગઢ મુકામે પગપાળા જવાને ત્રણ તરુણોએ ખભે થેલા ભેરવ્યા. એમાંના એક ઊજળે વાન અને ઊંચેરા તરુણની માએ પાંચ પરબીડિયાં તેને આપતાં કહ્યું, "લે બેટા, આ પાંચ ચિઠ્ઠીઓ પણ તારી જોડે રાખ, જરૂર કામ લાગશે તને."

"પગે ચાલતા જવું છે તેમાં આ તારી ચિઠ્ઠીઓ શા કામની છે, બા ? ચિઠ્ઠી કંઈ થોડી ખવાય-પિવાય કે પહેરાય-ઓઢાય છે ?"

"આ ચિઠ્ઠીઓથી એવી બધી સગવડો જરૂર થઈ જશે."

"કોના પર લખી છે આ ચિઠ્ઠીઓ ?"

"પગપાળા પ્રવાસમાં જે જે ગામમાં તમે રાતવાસો કરવાનાં છો તે તે ગામની મારી ઓળખીતી શિક્ષિકા બહેનો પર મેં ભલામણ લખી છે. એ બહેનો તમને રહેવા-જમવા માટે જરૂરી વ્યવસ્થા કરી આપશે. શિક્ષક શિક્ષકનું એટલું તો રાખે ને ? લે, આ ચિઠ્ઠીઓ. સાચવજે હોં."

ચાર ચાર પુત્રીઓ પછી પહેલાં અને છેલ્લા પુત્ર તરીકે ઊછરતા લાડલા પુત્રની સુખસુવિધા માટે મથતી માનું મન રાખવા એ તરુણે ચિઠ્ઠીઓ પોતાના ખિસ્સામાં મૂકી ખરી પણ પાદરમાં થંભી જઈને પોતાના માંહ્યલાનો સાદ સાંભળ્યો : "લ્યા, પગપાળા જવું છે તો અગવડોમાં અથડાવા માટે ને ? એ અથડામણોથી અકડાઈને માની આ ચિઠ્ઠીઓનો ઉપયોગ કરવાનું મન થઈ આવશે તો ?" સાથીમિત્રોને મનની વાત કરીને તે તરુણે તો પેલી ચિઠ્ઠીઓ ફાડી નાખી ! વધારે સાચું : સંભવિત સુવિધાઓને પાદરેથી જ વિદાય કરી દીધી !

આવનારાં વરસોમાં, જીવનની સફરમાં પણ, અગવડોને સામેથી આવકારવાનું એ તરુણને જાણે કે વ્યસન પડ્યું. સમસ્યાઓ અને સંઘર્ષો સામે ઝૂઝતાં ઝૂઝતાં, ધારેલી રીતે, ધારેલા મુકામે ને ધારેલા સમયે પહોંચીને જ એ જંપે. બથંબથાની ઘડીઓ વચ્ચે પણ એ ટહુકા એવા કરે, સંવાદ એવો સરજે, સંગીત એવું વહાવે કે બહેરા ન હોય તેવા કાનમાં તે ગુંજ્યા કરે, ગુંજ્યા કરે !

પોતાના પ્રભાવી અસ્તિત્વથી ગુજરાતના શિક્ષણ, સાહિત્ય અને સંસ્કાર જગતને ઉત્સાહથી આંદોલિત કરતા સદા યુવા એ ગુણવંતભાઈ શાહનો જન્મ બારમી માર્ચ, ઓગણીસો આડત્રીસના રોજ થયો હતો. એમના જીવનસંગીતની ઝાંખી તેમના મીઠા ને મર્માળા ટહુકાને જાણવા-માણવા માટે જરૂર સહાયક થશે.

ગુણવંતભાઈના જીવનને સદાય ધબકતું રાખતું

વિસ્મય નામનું પંખી બચપણથી જ એમના ચિત્તમાં સ્મૃતિનો માળો કરીને બેઠું છે અને તેથી જ નાની વયે ઘડિયાળના ટિક્ ટિક્‌ને સમજવા એને વીંખી-પીંખી નાખેલું ! તોફાની વછેરા જ જાતવાન અશ્વ બને !

રાષ્ટ્રપ્રેમી માતા પ્રેમિલાબહેને ગાંધીજીની હાકલ સાંભળીને સરકારી શાળાની નોકરી છોડી દીધી હતી અને પોતાના ગામ રાંદેરમાં જ રાષ્ટ્રીય શાળા શરૂ કરી હતી. ધર્મ-અનુરાગી અને વિદ્વાન પિતા ભૂષણલાલે પુત્રમાં ગીતા માટે અનુરાગ જગાવ્યો અને કેટલાય સંસ્કૃત-સુભાષિતોની અક્ષર-મૂડી બંધાવી.

રગરગમાં રાષ્ટ્રીય ભાવનાથી રસાયેલા વ્યક્તિ આપ્ટેજીના કિશોરવયના ગુણવંતભાઈના જીવનમાં પ્રવેશ અને પ્રભાવે એમનું ઘડતર કર્યું. આપ્ટેજી ગામમાં બાલમંદિર ચલાવતા અને ગામના નવયુવાનોને ગાંધીજીના વિચારો સમજાવતા અને કેટલાક રચનાત્મક કાર્યક્રમોમાં જોડાવા પ્રેરતા.

એકવાર રેંટિયાબારસને દિ' આપ્ટેજીએ સૂચવ્યું : બોરવડા નામના ફળિયામાં જઈએ. ત્યાંના જાહેર સંડાસમાંથી મેલું માથે ઉપાડીએ ને ગામની બહાર જઈ તે દાટીએ. આવા-તેવા કાર્યક્રમોમાં જોડાતા તરુણ વયના ગુણવંતભાઈ એમની પાસેથી સચ્ચાઈ, સાદગી, શ્રમ, સત્સંગ, સફાઈ, સંગીત અને સેવાના સંસ્કાર પામ્યા. આપ્ટેજીએ આ ગીતને કેટલીયવાર તરુણોના કંઠે ગુંજતું કર્યું હતું :

*"જગતપિતાની વિશ્વવાડી આ,*
*માનવપુષ્પે ખીલી રહી -*
*કોઈ ઊંચ નહીં, કોઈ નીચ નહીં..."*

રાંદેરથી સુરત સોળ કિલોમીટરનું અપ-ડાઉન સાઈકલિંગ દ્વારા કરતા કૉલેજિયન ગુણવંતભાઈ કૉલેજમાં ઉઘાડે પગે જવામાં ક્ષોભ અનુભવતા નહીં ને તે કાળમાં પિક્ચર તો એકેય જોયું નહોતું. તેઓ 'ઝરમર' હસ્તલિખિત સામયિક ચલાવતા.

કૉલેજના વિદ્યાર્થી તરીકે તો ગુણવંતભાઈ નામના જ ! વાસ્તવમાં તેઓ તે સમયે વિનોબા, જયપ્રકાશ નારાયણ, રવિશંકર મહારાજ અને બબલભાઈ જેવી જંગમ યુનિવર્સિટીના વિદ્યાર્થી હતા ! એમની સાથે કે એકલા તે સુરત - ભરૂચ વિસ્તારના ગામડાઓમાં ભૂદાનપ્રવૃત્તિ-પ્રચાર માટે પગપાળા ફરતા રહેતા. સર્વોદયનો સાદ કરતાં કરતાં આઘેરા ગામે નીકળી ગયેલ આ આદર્શપ્રેમી નવયુવાન ગુણવંતભાઈ પિતાજીના અંતિમ દર્શન પણ કરવા પામ્યા નહીં...

આ સંજોગોમાં કૉલેજના એક વર્ષે પરીક્ષાનાં પેપર્સ નબળાં ગયાં. મૂંઝાયા. એક પરીક્ષકને એમના માટે મમત્વ હતું. પરીક્ષકે એમની મૂંઝવણ જાણીને ધીમેકથી કહ્યું કે છાનાંમાનાં અમુક જગ્યાએ જઈને તમારા નંબર લખી નાખજો. તે નોંધી લઈશ પછી નચિંત રહેજો.

એમ કર્યા પછી ગુણવંતભાઈની બેચેની વધી ગઈ. ઊંઘી ન શક્યા. ઊઠ્યા તરતોતરત. પરીક્ષક નોંધે તે પહેલાં પેલા નંબર ભૂંસી આવ્યા ને પછી નિરાંત અનુભવી.

ઓછી તૈયારી અન ઉચ્ચક મને એમણે બી.એસસી.ની પરીક્ષા આપી. છેલ્લું પેપર આપ્યા પછીની સવારે નિરાંતે મોડેરા જાગવાને બદલે મળસ્કે પાંચ વાગ્યે ઊઠીને લોકનાયક જયપ્રકાશજીનું પુસ્તક હાથમાં લીધું - "આપણી ભૂમિ - સમસ્યાનો ઉકેલ."

ભારતની ભૂમિ-સમસ્યાનો ઉકેલ તો થશે થનાર હશે ત્યારે ; પારિવારિક સમસ્યાઓએ ઉકેલની ઉઘરાણીઓ કરવા માંડ ; પણ આદર્શનો અમલ કંઈ ઓર હોય છે !

ગુણવંતભાઈ બી.એસસી. થયા. (૧૯૫૭) માતા પ્રેમીલાબહેને તે જ વરસે ગામમાં લોકમાન્ય વિદ્યાલય શરૂ કર્યું. તે શાળામાં શિક્ષક તરીકે જોડાવા માતાએ આગ્રહ કરતા કહ્યું, "ગામના ભલા માટે આ સાહસ ખેડ્યું છે ; તેને તું ટેકો કરે તો એટલી રાહત રહે."

"પણ મા, મેં તો હજુ એક વર્ષ ભૂદાનપ્રવૃત્તિને આપવાનો સંકલ્પ કર્યો છે."

"પગાર મળે તો ઘરનેય ટેકો થાય ને ?"

"મારા સંકલ્પને પગાર ખાતર પોઢાડી દેવાનો ?"

"તારી ભાવના હું સમજું છું, બેટા. તું વગર પગારે થાળાને સમયદાન આપે તો ? આમેય તારે તો શિક્ષક જ થવું છે ને ?"

"શિક્ષક થવાનું તો મારામાં વહેલેરું ઊગેલું છે ; પણ ભૂદાનના કામનું શું ?"

"શાળા-સમય પછી આજુબાજુનાં ગામે તે કાળે ખુશીથી જજે. એમ કરીશ તો તારી આ બાને અને સંત વિનોબાને, બેયને ન્યાય મળી રહેશે !"

આ પ્રેમાગ્રહને સ્વીકારતા શાળાને જે બચત થઈ તે રકમમાંથી એક ઓરડો બાંધી શકાયો. સર્વોદયી શિક્ષકનું આ પહેલું પ્રદાન. એ વખતે કોઈને ક્યાં ખબર હતી. એ ગામડાગામના અવૈતનિક શિક્ષકને ભવિષ્યમાં આંતરરાષ્ટ્રીય માન અને માન્યતા હાંસલ થશે !

હવે ટ્રેઈન્ડ ટીચર થવા ગુણવંતભાઈએ વડોદરા યુનિવર્સિટીની વાટ લીધી. (૧૯૫૮) આ ગાળામાં એક ચર્ચાપત્ર પ્રસિદ્ધ કરીને એમણે ચકચાર જગાવી દીધી – તે કાળમાં ચાલતી ભૂદાનપ્રવૃત્તિની કેટલીક મર્યાદાઓ એમની નજરે ચડી અને માંહ્યલાને માન આપીને તે છતી પણ કરી ! સર્વોદય વિચારોથી વિમુખ થયા વગર તેઓ શિક્ષણની સન્મુખ થયા.

અને શિક્ષણ પણ વરદ્ હસ્તે એમની સન્મુખ રહ્યા કર્યું. બી.એડ્. (૧૯૫૯) : પ્રથમ વર્ગ અને યુનિવર્સિટીમાં બીજો ક્રમ એમ.એડ્ (૧૯૬૧) : પ્રથમ વર્ગ પ્રથમ. પીએચ.ડી. (૧૯૬૪) : અશાબ્દિક બુદ્ધિકસોટીઓ પ્રમાણિત કરી. આ ડિગ્રીઓ વધવાની સાથે તેમની આંતરસમૃદ્ધિ પણ વધતી રહી.

ઉચ્ચ શિક્ષણક્ષેત્રે એમની વ્યાવસાયિક કારકિર્દી વડોદરામાં વ્યાખ્યાતા તરીકે શરૂ થઈ. (૧૯૬૧) પછી રીડર તરીકે પણ પદોન્નતિ પામ્યા. અદ્યતન જ્ઞાનવિજ્ઞાન અંગેનો સ્વાધ્યાય સતત ચાલુ રાખવાની સાથે તેઓ વિદ્યાર્થીઓ પ્રત્યે સમભાવ કેળવીને એમનામાં ઉચ્ચતર સિદ્ધિ માટે જોમ જગાવતા; તેઓ વિદ્યાર્થીઓના પ્રિય અને પ્રેરક શિક્ષક ને નાયક અનાયાસ બની રહ્યા.

વડોદરા મુકામેના સેવાકાળના દાયકા દરમિયાન તેમને શિક્ષક-વિનિમય યોજના અંતર્ગત ઈંગ્લેન્ડની અને પછી અધ્યાપનના હેતુસર અમેરિકાની મુલાકાત લેવાની તક મળી, જીવનની ત્રીસી વટાવે તે પહેલાં. (૧૯૬૬)

વડોદરાના સેવાકાળના દાયકા (૧૯૬૧-'૭૧)ના અંતભાગે નવીન અનુભવ કરવા ખાતર ટેક્નિકલ ઈન્સ્ટિટ્યૂટ, મદ્રાસનો સંપર્ક કર્યો. આમેય ત્યાં જવા માટે રેલવેભાડું તો મળનાર હતું જ. જઈ આવ્યા. નિમણૂકની આશા ન હતી. થોડા સમય પછી એમ.એડ્.ના તાસ દરમિયાન પ્રોફેસર તરીકેનો નિમણૂકનો તાર મદ્રાસથી આવ્યો !

મદ્રાસ જવાનું બન્યું. (૧૯૭૨) તે ગાળામાં યુવાન બનેવીનું અવસાન થયું. પારિવારિક જવાબદારી વધી. એક જ વર્ષમાં મદ્રાસ છોડવું પડ્યું. અહીં તેમણે એજ્યુકેશનલ ટેક્નોલોજી વિષયને આત્મસાત્ કરવા માંડ્યો હતો ને આગળ જતાં તે ક્ષેત્રે એમણે આંતરરાષ્ટ્રીય કક્ષાએ નોંધપાત્ર પ્રદાન કર્યું.

મદ્રાસ છોડ્યા પછી ગુણવંતભાઈ મુંબઈની એસ.એન.ડી.ટી. વિમેન્સ યુનિવર્સિટીના સંશોધન વિભાગના પ્રોફેસર અને હેડ તરીકે નિમાયા.

'નૂતન શિક્ષણ' સામયિકના સંપાદક તરીકેની નોંધ (ગોષ્ઠિ) દ્વારા શિક્ષણક્ષેત્રમાં ચેતના, નિષ્ઠા અને ગૌરવ જગાડવા તેઓ કલમ દ્વારા અમી અને આગ ઠાલવતા રહ્યા. આ સિલસિલામાં લખાયેલ 'બોસની ત્રણ મુદ્રાઓ' નામના લેખે એવો તો વંટોળ જગાવ્યો કે એમણે સ્વમાનવશ રાજીનામું આપ્યું અને પછી પોતે અનિશ્ચિતતાના મહાસાગરના હિલોળે ચડ્યા. કંચનની કસોટી થઈ અને પરિણામે -

કંચનની ચમક શબ્દ-સ્વરૂપે શિક્ષણ અને સાહિત્યક્ષેત્રે સૌને આંજવા માંડી. તેમના કાવ્યો, નવલકથાઓ, ચરિત્રો, ચિંતન-લેખો અને સવિશેષ લઘુલિખિત નિબંધોએ તેમને ગણનાપાત્ર સાહિત્યકારોની પંક્તિમાં અને હજારો વાચકોના અંતરમાં સ્થાન અપાવ્યું.

સાહિત્યકાર ગુણવંતભાઈ શાહની તર્ક અને

ભાવનાના તાણાવાણાથી ઓપતી એમની અનેરી લેખનશૈલી ''ગુણવંત શૈલી'' જ કહેવી પડે. હાલપર્યંત (૧૯૮૫) એમના તેત્રીસ જેટલા પુસ્તકો પ્રકાશિત થયા છે. તેમાંના કેટલાક મરાઠી, અંગ્રેજી, તમિલ અને હિન્દીમાં અનુવાદિત થયાં છે. ગુજરાતી સાહિત્ય પરિષદ કે અકાદમી દ્વારા પુરસ્કૃત થયેલા પુસ્તકો : 'કાર્ડિયોગ્રામ' ('૭૭); 'વિચારોના વૃંદાવનમાં' ('૮૧); 'સાયલન્સ ઝોન' ('૮૪); 'કરુણામૂર્તિ બુદ્ધ' ('૮૪); 'કૃષ્ણનું જીવન-સંગીત' ('૮૭); 'અસ્તિત્વનો ઉત્સવ' ('૯૧); 'ઢાઈ અક્ષર પ્રેમકા' ('૯૩). ગુજરાત સરકાર તરફથી શ્રેષ્ઠ કટારલેખક તરીકેનો પચીસ હજાર રૂપિયાનો એવોર્ડ પણ એમને નાયત થયો. (૧૯૯૪-'૯૫) શિક્ષણક્ષેત્રે મનોવિજ્ઞાન અને ફિલસૂફી અંગેના તેમના ત્રણ પુસ્તકો શિક્ષક તરીકેની તેમની જબરી જ્ઞાનસાધના અને સજ્જતાના પાકા પુરાવા માની શકાય.

પ્રસિદ્ધ સાહિત્યકાર અને કેળવણીકાર શ્રી મનુભાઈ પંચોળી (દર્શક)એ ગુણવંતભાઈને ગુજરાતના શિક્ષણ અને ચિંતન જગતના એક ઝળકતા સિતારા તરીકે ઓળખાવતાં લખ્યું છે : ''અદ્યતન જ્ઞાનવિજ્ઞાનના તેઓ ચાહક છે. દરેક શિક્ષકમાં તે હોવું જોઈએ. દુર્ભાગ્યે તેવું ઘણા ભાગે હોતું નથી. તેથી જ શિક્ષણ નિર્જીવ છે... વહેતા પાણી નિર્મળા તે તેમણે દર્શાવી આપ્યું છે...''

જુલાઈ, ૧૯૭૪થી ડિસેમ્બર, ૧૯૮૭ : આ તેર વર્ષના ગાળા દરમિયાન ડૉ. ગુણવંતભાઈ શાહ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના શિક્ષણ ભવનમાં અધ્યક્ષપદે રહ્યા અને પોતાની સાથે ભવનને આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રસિદ્ધિ અપાવી.

એમણે ભવનના ભૌતિક વિકાસ માટે અને વિદ્યાર્થીઓને પોષક અને ઉત્સાહક પ્રવૃત્તિઓ માટે શિક્ષણપ્રેમી લોકો પાસેથી આર્થિક સહયોગ મેળવ્યો; અનેકવિધ સમિતિઓ અને સંસ્થાઓના ચાવીરૂપ હોદ્દાઓ શોભાવ્યા; શૈક્ષણિક પુસ્તકો ગુજરાતીમાં તેમજ અંગ્રેજીમાં રચ્યાં. લેખો તો અનેકાનેક. મૌલિક, સૂત્રાત્મક, અભ્યાસપૂર્ણ અને રમતિયાળ શૈલીમાં લખાયેલાં તેમના બધાં લખાણો ગુજરાતના શિક્ષણજગતનું મોંઘેરું અક્ષરધન ગણી શકાય તેવાં છે. તેમણે અનેક વિશ્વપરિષદો નિમિત્તે દુનિયાભરના દેશોમાં ભારતનું પ્રતિનિધિત્વ કરીને યાદગાર પ્રદાન કર્યું.

અનેક રોકાણો છતાં એમનો અધ્યાપન-પ્રેમ જરાયે ઘટવા પામ્યો નહીં. શિક્ષણ કે સાહિત્યની સભાઓ અધવચ્ચેથી છોડીનેય તેઓ પોતાનો તાસ લેવા એમ.એડ્.ના વર્ગખંડમાં સમયસર પહોંચી આવતા. લાંબા પ્રવાસના થાકને વિસારે પાડીને તરત ભણાવવા લાગી જતા અને વિદ્યાર્થીઓ એમના વક્તૃત્વથી સંમોહિત થઈને શિક્ષણના અઘરા ગણાતા વિષયોને મહાકાવ્યની જેમ માણતા. વિદ્યાર્થીઓને તેઓ પુસ્તકાલયમાં જવા સતત પ્રેરતા રહેતા.

સત્રારંભે ભવનના મંગળ પ્રવચનમાં ગુણવંતભાઈ કહેતા : ''અમારે એવા એકલવ્યની જરૂર નથી કે જે દ્રોણાચાર્યને પણ માન આપે અને અંગૂઠો પણ આપી દે... અમારે તો એવા એકલવ્યની જરૂર છે કે, ઉધાર ગુરુને કહે કે તમે જો તૈયારી કર્યા વગર આવશો તો તમને ક્લાસમાં દાખલ થવા નહીં દઈએ... મારા ડિપાર્ટમેન્ટમાં જે અધ્યાપક નોટ્સ ઉતરાવે તે અધ્યાપકના તાસનો બહિષ્કાર કરજો !''

શિસ્ત, સમયપાલન અને સંવેદનસભર સંબંધો જેવા ગુણો વાણી-વર્તનમાં વણી લેતા ગુણવંતભાઈ વિદ્યાર્થીઓ, અધ્યાપકો અને કાર્યાલય કર્મચારીઓના સ્વજન બની રહ્યા એથી જ તો 'અનુસંધાન' શિક્ષણનું ભવનના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું મંડળ થયું અને જળવાયું.

પરીક્ષણકાર્યમાં પ્રામાણિકતા માટેનો તેમનો આગ્રહ પ્રબળ રહ્યો. પરીક્ષણ પ્રવિધિના અનુસંધાને એમણે ઓપનબૂક એક્ઝામ ઉપરાંત વિદ્યાર્થીઓ દ્વારા સમગ્ર પરીક્ષાના સંચાલનના સાહસિક અને સફળ પ્રયોગો પણ કર્યા. પ્રાશ્નિક, પરીક્ષક અને નિરીક્ષક પણ વિદ્યાર્થી ! અને એ રીતે અપાયેલ માર્ક્સને ગ્રેડમાં ફેરવીને તે યુનિવર્સિટીના ગુણપત્રકમાં પણ નોંધાવ્યા. પોતાની યુનિવર્સિટીએ માસ-

પ્રમોશનનો બહુમતીએ નિર્ણય કર્યો તેના વિરોધમાં એમણે સિન્ડિકેટમાંથી રાજીનામું આપ્યું હતું.

આમ શિક્ષણક્ષેત્રે મૌલિક અન ક્રાંતિલક્ષી પ્રદાન કરનાર ગુણવંતભાઈએ એક અણધાર્યા પત્ર દ્વારા આંચકો આપ્યો - દુઃખદ અને સુખદ પણ !

તા. ૧-૧-'૮૭ના રોજ તેમણે દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલરને પત્ર લખ્યો :

"ડીઅર સર, લોંગ બેક આઈ હેડ ડિસાઈડેડ ટુ બી ફ્રી પ્રોમ ધ શેકલ્સ ઓફ એમ્પલોયમેન્ટ એન્ડ ટુ ગો ફોર વોલંટરી રિટાયરમેન્ટ આફ્ટર આઈ ક્રોસ્ડ ફિફ્ટી. ધ આઈડિયા વોઝ ટુ ડીવોટ મોર ટાઈમ ટુ રીડિંગ, રાઈટિંગ, રિફ્લેટિંગ એન્ડ સેલ્ફ-એક્ચ્યુઅલાઈઝિંગ..."

આ પ્રભાવી પત્ર દ્વારા ગુણવંતભાઈએ યુનિવર્સિટીના એક ઉચ્ચ ગણાય તેવા હોદ્દેથી સ્વૈચ્છિક રાજીનામું આપ્યું હતું. વાંચન, લેખન, ચિંતન અને સ્વબોધના ઉચ્ચ આશ સાથે.

નોકરીની બેડીમાંથી આ હેતુસર પચાસ વર્ષની વય પછી મુક્ત થવાનું તો ચૌદેક વર્ષ પહેલાં મનોમન ઠરાવી રાખ્યું હતું. નોકરીને લીધે જીવનના બીજા પાસાંઓને વિકસાવવાની ક્યાં તક રહે છે !

શિક્ષણ જગતની આ વિરલ ઘટના જ્યારે પ્રકાશમાં આવી ત્યારે અનેક સાક્ષરો, ચિંતકો અને શિક્ષણપ્રેમીઓના પ્રતિભાવો પડઘાવા માંડ્યા.

"પચાસ વર્ષની વયે તે કંઈ નિવૃત્ત થવાનો સમય છે, ભલા માણસ ? યુનિવર્સિટીને આવો સિનિયર અને સિન્સિયર તજજ્ઞ ગુમાવવો કેમ પાલવે ? આને રાજીનામું નહીં, આઝાદનામું કહેવાય ! અંદરથી શ્રી છલકાતી ન હોત તો આવડી મોટી જગા છોડવાની હિંમત ચાલે જ નહીં. અ સ્કોલર નેવર રિટાયર્ડ ! ગરવી નિવૃત્તિ... ગોવર્ધનરાયની યાદ આવે છે... નવી પેઢીને મારગ ચીંધનાર મળ્યા. નર્મદની જેમ તમેય કલમને ખોળો..."

સ્વૈચ્છિક નિવૃત્તિ પછી વર્ગખંડમાં ભણાવવાની ગમતી તક નહીં મળે તેનો અફસોસ ગુણવંતભાઈને રહ્યા કર્યો પણ વિસ્તરતા શિક્ષકનો વર્ગખંડ વિસ્તરતો રહે તમાં શી નવાઈ !

પસંદિત અખબારોની કલમો દ્વારા અનેકવિધ પ્રશ્નો પરત્વે પોતાની આગવી શૈલીમાં ચિંતનધારા વહાવતા રહેતા ગુણવંતભાઈના બે અસરકારી કાર્યક્રમો અણમોલ કહી શકાય તેવા છે ; વાર્ષિક વિચારમેળા અને પંચશીલ આંદોલન.

વિચારમેળામાં પસંદિત વાચનપ્રેમીઓ જાત-ખર્ચે નિયત સ્થળે સહવાસે છે અને સંવેદના સાથે સહચિંતન કરીને તાજગી અને પાથેય મેળવે છે. વીસેક વર્ષથી ચાલતા આ સંસ્કાર-પ્રયોગે નવી જ કેડી કંડારી છે.

પંચશીલ આંદોલન દૃઢ પરંતુ દિશાહીન યૌવનને વિશ્વાસમાં લઈ જવાબદાર અને રુઆબદાર યૌવનમાં પરિવર્તિત કરવાનો પ્રયાસ છે. દહેજ, વ્યસન, વૃક્ષઉછેર, સમાજસેવા, વસતિ-નિયંત્રણ, શાકાહાર, નિરક્ષરતા-નિવારણ અને વિશ્વશાંતિ જેવા મુદ્દાઓને સાંકળીને તૈયાર કરાયેલ પ્રતિજ્ઞાપત્રોમાં અત્યારસુધીમાં પચીસ હજારથી વધુ યુવક-યુવતીઓએ હસ્તાક્ષરો કર્યા છે.

ઉક્ત બંને કાર્યક્રમોમાં ગુણવંતભાઈના જીવનસંગિની અવંતિકાબહેન અને પરિવાર-પુષ્પો તેમજ સ્નેહીમિત્રો જાગૃત રહીને કાર્યક્રમની ઔપચારિક વિધિ વ્યવસ્થામાંથી ગુણવંતભાઈને મુક્ત રાખે છે.

કર્મયોગી ગુણવંતભાઈ અધિકારી કેળવણીકાર હોવા ઉપરાંત પ્રખર ચિંતક, લોકપ્રિય સર્જક અને જાગૃત નાગરિક પણ છે ; પરંતુ આ બધામાં પ્રથમ તો પોતે શિક્ષક જ હોવાનું ભારપૂર્વક કહે છે - "ફર્સ્ટ, આઈ'મ અ ટીચર."

એમને પોતાના કે બીજાના આચાર-વિચાર વચ્ચેનું અંતર માન્ય નથી અને એમને વહાલી આંધળી વાનીના - જુવારના પોંક જેવા પોષક ને પ્યારા સંબંધોનું તો તગડું બેંક બેલેન્સ છે.

પરમ આદરણીય ગુણવંતભાઈનો શિક્ષણ અને સાહિત્ય સાથેનો સુરીલો સંવાદ મારામાં સદા અહોભાવ જગાડતો રહ્યો છે. એમને એમ પૂછવાનું ઘણા વખતથી

મન હતું કે ગુણવંતભાઈ શિક્ષણ અને સાહિત્ય વચ્ચેના સંબંધનું રહસ્ય કહો ને ?

આ લટકતા પ્રશ્નનો ઉત્તર એમના નિવાસ 'ટહુકો'માં લાલચટ્ટાક તરબૂચના રસની લિજ્જત માણતાં માણતાં પામ્યો. એમણે કહ્યું, "ઈશ્વરભાઈ, શિક્ષણનો વ્યાપક અર્થ લઈએ તો તેનો અર્થ પ્રત્યાયન જ થાય છે. ટીચિંગ ઈઝ રીચિંગ." ટીચિંગનું માધ્યમ પ્રત્યાયન છે. શિક્ષણ દ્વારા વિદ્યાર્થીઓ લગી પહોંચવાનું છે. સાહિત્ય દ્વારા વાચકો સુધી પહોંચાય છે. માધ્યમના ઉપયોગ વિના પ્રત્યાયન શક્ય નથી. એકવાર મેં બાંગલા દેશમાં કહેલું - "મને ટીવી આપો, દસ વર્ષમાં ગરીબી દૂર કરી દઉં."

"પરદેશની શિક્ષણ પદ્ધતિમાંથી કઈ બાબત આપણે તુરંત અપનાવવા જેવી છે ?"

"વિદ્યાર્થીને ફરજિયાત પુસ્તકાલયમાં જવું પડે તેવી સ્વાધ્યાય-પદ્ધતિ."

"ગુણવંતભાઈ, શિક્ષક તરીકેની નોકરી મેળવવા 'ડોનેશન' આપવા તત્પર યુવક-યુવતી અંગે આપનો શો પ્રતિભાવ છે ?"

"ડોનેશન આપ્યા વગર નોકરી ન જ મળે તેવા સમાજમાં ડોનેશન આપનાર લાચાર યુવક-યુવતી કરુણાનાં અધિકારી છે, એમને ભ્રષ્ટ ન ગણાય. તેઓ શિક્ષણકાર્યમાં નિષ્ઠાચોરી તો ન જ કરે તેવી મને અપેક્ષા જરૂર રહે."

"પ્રત્યેક શાળાના કોમનરૂમમાં કાયમી લખી રાખવા જેવું અવતરણ આપશો ?"

"લખો - વર્ગમાં મોડા જવા બદલ પગાર કપાતો નથી તેથી હું વર્ગમાં મોડો / મોડી નહીં પડું, એની ખાતરી રાખજો."

અને પછી ઊગેલા સવાલ ગોરજની વિચારશિબિર (૧૯૯૩)માં મેં ધર્યા : "ગુણવંતભાઈ, લીંબુ-ઉછાળ સમયની રાજકીય સત્તા આપને મળે તો શિક્ષણક્ષેત્રે કયું પરિવર્તન કરવાનું આપ ઇચ્છો ?"

"કોઈ પણ શિક્ષકને, ગમે તે સંજોગોમાં છૂટા ન કરી શકાય - તેવી અતિસલામતી હું રદ કરું. ઉત્તમ શિક્ષકોને મોં-માગ્યો પગાર આપવાનું હું ઇચ્છું. એજ્યુકેશન શુડ બી ઓન કોન્ટેક્ટ બેઝ. આટલા પગારધોરણો સુધર્યા પછી, તૈયારી કર્યા વિના વર્ગમાં જવાનો શિક્ષકને અધિકાર નથી."

"હાલના શૈક્ષણિક અધઃપતન માટે આપ કોને જવાબદાર ઠેરવો છો ?"

"સમાજને. સમાજે શિક્ષણને ગંભીરતાથી લીધું નથી તેનું આ પરિણામ છે."

"આપના પ્રવૃત્તિ-સાતત્યનું રહસ્ય ?"

"માંહ્યલાને ધરવ થાય એવા જ કામ કરવાનો છંદ લાગે પછી આળસ ટકી શકતી નથી !"

જેમનો માંહ્યલો સદા મ્હોરતો રહ્યો છે તે ગુણવંતભાઈના વિચાર-સૂરો ક્યારેય ઘોંઘાટિયા કેમ અનુભવતા નથી ? કારણ કે કૃષ્ણપ્રેમી ગુણવંતભાઈ જીવન-સંગીતના કયા સૂરોને ક્યારે કેમ સંયોજવા ને વહાવવા તે તેઓ સુપેરે જાણે છે ને તેથી જ બૃહદ્ ગુર્જર-ભારતમાં ગૂંજી રહ્યું છે એ શિક્ષકનું જીવનસંગીત ! સદા વિકસતા એ કલમધર શિક્ષકને સલામ !

---

## ઊગી નીકળેલું કામ : અન્નપૂર્ણા

નથી. એટલે કે આગલી પેઢીએ મંત્ર ઝીલનારા કાળજીપૂર્વક તૈયાર કરવા જોઈએ. આ પણ મહત્વનું કામ છે. આજના ટ્રસ્ટીઓની નિઃસ્વાર્થતા અને સમર્પણમાંથી આ સંસ્થાની ઈમેજ ઊભી થઈ છે. અહીં એક શિક્ષકે બે લાખનું દાન આપ્યું કારણ કે ટ્રસ્ટીઓ ઉપર તેમને વિશ્વાસ છે. આવી પ્રવૃત્તિમાં જેઓ પોતાની લક્ષ્મી યોજે છે તેમની લક્ષ્મી પણ પવિત્ર થાય છે. ત્યારે જીવનસંદર્ભ વ્યાપક બને છે.

આપણે સૌ બે વર્ષે સાજાંનરવાં મળી શક્યા તેનો આનંદ છે. અન્નપૂર્ણાનું કામ હજુ વ્યાપક થાય, ઉત્તમ થાય અને ટ્રસ્ટના સહયોગીઓ સતત સાથ આપતા રહે તેવી શુભેચ્છા છે.

(**'અન્નપૂર્ણા'** ટ્રસ્ટ, મોડાસાના વાર્ષિકોત્સવ પ્રસંગે આપેલ વ્યાખ્યાન, તા. ૧૦-૪-૨૦૨૨)


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

# અમંગળમાં મંગળનો પ્રવેશ
## (સત્ય ઘટના)

**હીરજીભાઈ નાકરાણી**
મો. ૯૧૦૬૦૭૭૦૭૬

૧૯૭૫ જુલાઈ ૨૧નો દિવસ અમંગળમાં છુપાયેલ મંગળ દિવસ હતો. અમંગળ એટલા માટે કે મૈત્રી પી.ટી.સી. કૉલેજના પ્રિન્સિપાલનું ઓફિસમાં ખૂન થવાનું હતું. એક ક્ષત્રિય યુવાન ભૂલથી શિક્ષકની તાલીમ લેવા માટે અહીં આવી ચડ્યો. ગુજરાત સરકારે તેની નોકરી દરમિયાન બે વરસની તાલીમ લેવા જવાની ફરજ પાડી હતી. આ રીતે જામનગર જિલ્લાના દસ બિનતાલીમી શિક્ષકોને જિલ્લા શિક્ષણ સમિતિએ મૈત્રી પી.ટી.સી. કૉલેજમાં તાલીમ લેવા ધકેલી દીધા. તેઓને ધ્રોળની પી.ટી.સી. કૉલેજમાં ધકેલશે તેવી આશા હતી. પણ ગંગા ઊલટી વહી. તેઓ અમારે પનારે પડ્યા. એમ કહોને કે અમે તેઓના પનારે પડ્યા.

મૈત્રી પી.ટી.સી. કૉલેજ ૧૯૭૪ની સપ્ટેમ્બરની ૨૦મીએ નવી શરૂ થઈ. સ્થળ હતું જૂના રેલવે સ્ટેશન પાસેનું અનાથ આશ્રમ. નવ માસ પૂરા ઉત્સાહ અને ખંતથી પસાર થઈ ગયા. નવ માસમાં આખા વર્ષનો અભ્યાસક્રમ પ્રાયોગિક શિક્ષણ પૂરું કરવાનું હતું. નવી કૉલેજ એટલે બધું નવેસરથી વસાવવાનું અને ગોઠવવાનું હતું. એમાંય ટાંચા સાધનો, અલ્પ સુવિધાઓ છતાં પ્રથમ વર્ષનું પરિણામ ૧૦૦% આવ્યું. સૌ ખુશખુશાલ.

આ નવ માસમાં જાહેર રજાઓનો ભોગ લેવાયો. રાત્રે પણ વર્ગો ચાલતા. કર્મચારીઓ માટે પ્રતિષ્ઠાનો સવાલ હતો. સંસ્થા માટે પણ સામાજિક પ્રતિષ્ઠા અને રાજકીય પ્રતિષ્ઠાનો સવાલ હતો. સૌના સહચારી પ્રયાસથી ૧૦૦% પરિણામ તો આવ્યું. પ્રથમ કક્ષામાં ૭૫% અને બાકીના તમામ સેકન્ડ કક્ષામાં આવ્યા. નાપાસ કે ત્રીજી કક્ષામાં કોઈ નહીં.

આમ પરિણામે કર્મચારીઓની પ્રતિષ્ઠા વધારી. સંસ્થાની પ્રતિષ્ઠા અને ગૌરવમાં વધારો થયો. સરકારમાં પણ ગૌરવ અને પ્રતિષ્ઠાનો માહોલ ઊભો થઈ ગયો. કર્મચારીઓનો ઉત્સાહ ધગશ અને પુરુષાર્થ એ આખા જિલ્લામાં વાહા વાહ બોલાણી. આ પરિણામે જામનગરની શિક્ષણ સમિતિ પર ભારે પ્રભાવ પાડ્યો એટલે રિજેક્ટ થયેલ માલની મરામત કરવા અમારી કૉલેજમાં ધોળી મૂક્યા.

આ દસ ડેપ્યુટ શિક્ષકોની ધ્રોળ સરકારી પી.ટી.સી. કૉલેજમાં ટ્રાન્સફર કરી આપવાની માગણીનો આગ્રહ સતત થયા કરતો હતો. તે આશાએ તેઓનું મન હંમેશાં ઉચાટ અનુભવતું હતું. પરિણામે તેમને કોઈ પ્રવૃત્તિમાં ભાગ લેવામાં પણ દિલચોરી કર્યા કરતા હતા. છાત્રાલય અને કૉલેજના વાતાવરણને સતત ડોળી રહ્યા હતા. પણ આચાર્યે તેમની માગણીનો સ્વીકાર ન કર્યો એટલે તેઓ વધુ વિફર્યા. આ ટણક ટોળીનો નેતા હતો એક ક્ષત્રિય યુવાન. તેમના ઈશારે બાકીના ચાલતા હતા. આ દસમાંથી કોઈએ છાત્રાલયમાં પ્રવેશ ન લીધો અને બહાર રહીને કૉલેજના સમયે વર્ગો ભરવા પહોંચી જતા હતા.

તે વખતે છાત્રાલય જીવન ફરજિયાત હતું. જેથી છાત્રાલય અને અન્નપૂર્ણાની તમામ પ્રવૃત્તિઓમાં જોડાઈ શકતા નહતા. છાત્રાલયમાં રહીને ભણે તેને માટે સમૂહજીવનના ૧૦૦ ગુણ મળતા હતા. પણ છતાં આ મિત્રો છાત્રાલયમાં પ્રવેશ ન લીધો અને છાત્રાલય જીવનની પ્રવૃત્તિઓમાં ભાગ લેવો તે તેમને ગમતી વાત નહોતી.

બરાબર નવ માસ સુધી તેમની મનમાની ચાલી. પછી તો આચાર્ય પણ અકળાયા. એટલે એમણે વિચાર્યું કે સીધી આંગળીએ ઘી નહીં નીકળે. છાત્રાલય જીવન અને કૉલેજના કુલ ૨૦૦ દિવસની હાજરી હોય તો જ પરીક્ષાનું ફોર્મ ભરવા દેવાનો નિયમ હતો. આ નિયમને આધારે આ સરકારી જમાઈઓના ફોર્મ અટકી જાય. જેણે

સમૂહજીવનની પ્રવૃત્તિઓમાં ભાગ લીધો હોય તેને જ ફોર્મ ભરવા દેવું એવું નક્કી થયું એટલે ફરજિયાત સમૂહજીવનની પ્રવૃત્તિઓમાં ભાગ લેવો જ પડે. આ પ્રવૃત્તિઓમાં ભાગ ન લીધો હોય તેને સમૂહજીવનના મૂલ્યંકનમાંથી બાદ થઈ જવું પડે. તેમને ૧૦૦ ગુણમાંથી એક પણ ગુણ ન મળે. તેથી ફોર્મ અટકી પડે.

આચાર્યે નોટિસબોર્ડ ઉપર એક નોટિસ મૂકી.

'જેમને સમૂહજીવનના ગુણ ન મેળવ્યા હોય તેને ફોર્મ ભરવા દેવામાં નહીં આવે.'

આ વાંચીને જુદી પડી ગયેલી જમાત અકળાણી. અંતે તેઓએ સમૂહજીવનની પ્રવૃત્તિઓમાં ભાગ લેવાનું સ્વીકાર્યું તો પણ ધ્રોળ બદલી આપવાનું વળગેલું ભૂત તેમના મનમાંથી ગયું નહીં.

એક ઉત્સવમાં તે વખતના શિક્ષણપ્રધાન નવલભાઈ શાહ આવેલા. આ ટોળીના નેતા એક ક્ષત્રિય યુવાન મારી પાસે આવ્યો અને નવલભાઈને સમજાવીને બદલી કરાવી આપવાની વાત આચાર્ય પાસે મૂકી. આચાર્યએ સ્પષ્ટ કહી દીધું કે મારાથી બદલી નહીં થાય. પણ તમારે બદલી કરાવવી જ હોય તો તમને જેણે અહીંની કૉલેજમાં ડેપ્યુટ કર્યા છે તેની પાસે જ પહોંચી જાવ એટલે પ્રશ્ન પતી જશે.

શિક્ષણ સમિતિના પ્રમુખ પાસે બદલીની વાત કરી શકે એટલી કોઈમાં હિંમત નહોતી. પેલો ક્ષત્રિય યુવાન ત્રણ દિવસ ધુંધવાયેલો રહ્યો. બીજા મિત્રોએ તેને પ્રતિપોષણ આપ્યા કર્યું.

એક દિવસ તેણે એકાંતનો મોકો ઝડપી લીધો. ઓફિસમાં આચાર્યા એકલા જ હતા. આસપાસ કોઈ જ નહોતું. તેણે ઓફિસમાં ધીમા પગલે પ્રવેશ કર્યો. ટેબલ સામે આવીને ઊભો રહી ગયો. આંખો લાલઘુમ, મૂછોના આંકડા વળ ખાઈ ગયા હતા, લીંબુની ફાડ જેવી ચકળ-વકળથી બે આંખો ફર્યા કરતી હતી. તેમણે કહ્યું, 'સાહેબ, અમારી બદલી કરવી છે કે નહીં ? એમ કહીને ગુસ્સાથી પૂરી ક્ષાત્રત્વની ખુમારીથી તેણે કમરમાંથી જમૈયો કાઢ્યો ને બોલ્યો, આ સગો નહીં થાય. બોલો બદલી કરવી છે કે નહીં ?'

આચાર્ય તરત જ ઊભા થઈ ગયા ને બોલ્યા. તમારામાં હિંમત હોય તો હુલાવી દો જમૈયો. મારી છાતી ખુલ્લી જ છે અને હિંમત ન હોય તો ફરી જાઉં, પાછળથી ઘા મારી દો. એમ કહી આચાર્ય ફરી ગયા. તેમણે પીઠ ફેરવી તરત હાથાંથી છરો નીચે પડી ગયો.

આચાર્ય અવાજ સાંભળી તેના તરફ ફરી ગયા ને જોયું તે તેની આંખમાંથી ગંગાજમના વહેવા લાગ્યા હતા.

આ પ્રસંગ તેમના જીવનમાં માઈલસ્ટોન બની ગયો. સંપૂર્ણ આત્મ સમર્પણ કરી દીધું. જેની વિગતે નોંધ પ્રકરણ...માં આગળ આવી ગઈ છે.

ભણીને ગયા પછી ત્રીસ વરસે ફોન આવ્યો;

'સાહેબ, તમે હાલ ક્યાં છો ?'

'સુરત છીએ.'

'તમારું એક અગત્યનું કામ પડ્યું છે.'

'એવું તે શું અગત્યનું છે ?'

'હું સર્વિસમાંથી નિવૃત્તિ થાઉં છું. મારી શાળાના કર્મચારીઓ અને ગામના આગેવાનોએ વિદાય સમારંભ રાખ્યો છે. તેમાં તમારે અચૂક આવવાનું છે. મુખ્ય મહેમાન તમારે થવાનું છે. લખી લો તા. ૨૪-૧૦-૨૦૦૭. સ્થળ : મટોડા ગામની પ્રાથમિક શાળાનું પ્રાંગણ. વિધિસરનું 'નિમંત્રણ કાર્ડ તમને હવે પછી મળશે.' '

અમારા પર અચાનક વીજળી પડી. ઘડીક તો સુરતથી લાંબા થવા માટે મન તૈયાર ન થયું. પણ વિચાર કરતા એવું લાગ્યું કે ગુંડામાંથી ગુરુ બનેલાં આ યુવાને જિંદગીમાં શું અને કેટલું રળ્યો છે તે પરખાઈ જશે. તેમનો સદ્‌ભાવ અને સાચા દિલની લાગણીઓ વિદાય સમારંભમાં ખેંચી લાવી. અમે આગલા દિવસે સુરતથી સુરેન્દ્રનગર આવી ગયા અને તા. ૨૭-૧૦-૨૦૦૭ના રોજ મિત્ર હીરાભાઈ આહિરને લઈને પહોંચી ગયા સમારંભમાં. તેમણે ખૂબ આદરભાવથી અમારું સ્વાગત કર્યું અને શાળાનો ઈતિહાસ રજૂ કર્યો.

મટોડા ગામથી એક કિ.મી. દૂર રાજકોટ-જામનગર

હાઈવે નજીક એક બંજર ધરતીમાં સરકારે શાળા શરૂ કરી. આ શાળાનું સુકાન ક્ષત્રિય યુવાન ખુમાનસિંહને આપવામાં આવ્યું. તે વખતે એક શિક્ષકની શાળા શરૂ થયેલી. એક ટેકરા પર શાળા. આસપાસ ઊંડાઊંડા ખાડા. જમીન ખડકાળ. બાળકોના સહારાથી જમીન સમથળ કરી, માટી પૂરી ને ચોમાસુ આવતા ચારે બાજુ લીમડા રોપી દીધા. દરેક બાળકને દરરોજ પોતાના વૃક્ષને નિયમિત પાણી પીવાની જવાબદારી આપી દીધેલી. બે વરસે લીમડાની શિતળ છાયા મળવાની શરૂઆત થઈ. પૂરા સાત વર્ષ સુધી શાળાનાં બાળકો અને શિક્ષકોએ સંયુક્ત રીતે કાળજી લઈ શાળાના મેદાનમાં સુંદર મજાનું ઉપવન તૈયાર થઈ ગયું.

કાર્યક્રમનું વિધિસરનું નિમંત્રણ મળ્યું અને ફોન પણ ગયેલો. શાળાની બહાર વિશાળ મંડપ બંધાઈ ગયો. ખુરશીઓ ગોઠવાઈ ગઈ. નિમંત્રિત સરકારી-અર્ધસરકારીઓ, નિરીક્ષકો, કોર્ડિનેટરો તથા શુભેચ્છક સાથી મિત્રો, આસપાસની શાળામાં કર્મચારીઓ અને ગામના સદ્‌ગૃહસ્થો પહોંચી ગયા હતા. હાસ્યકલાકાર ધીરુભાઈ સરવૈયા પણ આવી ગયા હતા. પ્રથમ પ્રાર્થના બાળકોનાં ગીતો, બાળાઓનો રાસ-ગરબાનો કાયક્રમ હતો. શુભેચ્છકો અને અધિકારીઓના વક્તવ્યો પૂરા થયા. ખુમાનસિંહે પોતાની જિંદગીના યુ-ટર્નની વાત કરી. ‘એક ગુંડાને સુધારીને કેમ ગુરુ બનાવવો તે કળા મારા આ સાહેબે મારી પર અજમાવી. તેમની કુનેહ, પ્રેમભાવ અને સાચા દિલની સહાનુભૂતિથી એક ગુંડો શિક્ષક બની ગયો. શાળાનાં બાળકોનો ગુરુ બની ગયો એમ કહેતા તેમની આંખો ભીની થઈ ગઈ અને છેલ્લે એ ભીનાશે બહાર વહેવાનું શરૂ કર્યું. ગળગળા અવાજથી બોલતા હતા. તેમના માતૃશ્રી, ધર્મપત્ની અને બે યુવાન દીકરીઓ પણ ઢીલા થઈ ગયેલા.’

આખું ગામ ત્યાં મંડપ નીચે હાજર હતું. ગામલોકો પણ ચકિત થઈ ગયા. છેલ્લે મુખ્ય મહેમાનને વધુ બોલવાનું રહ્યું નહીં. વાતાવરણ ગંભીર બની ગયું હતું.

બગડેલા શાકને સુધારી શકાય, બગડેલા કામને સુધારી શકાય, બગડેલી વાણીને પણ સુધારી શકાય, બગડેલા યંત્રને પણ સુધારી શકાય, પણ બગડેલા માનસને સુધારવું કઠિન છે. એને સુધારવા માટે જોઈએ સાચા દિલનો પ્રેમ, સ્નેહ, હૂંફ અને અંતરની શુભ લાગણીઓનો સ્પર્શ થાય તો જરૂરી સુધારી શકાય અને એ પણ સુધરનાર સ્વીકારીને આત્મસાત કરે તો એ પણ શક્ય છે.

કોઈની સાથે પ્રેમ ન બાંધી શકાય, કોઈને પરાણે આપણી બાહોમાં ન બાંધી શકાય. એ માટે જોઈએ નયનનો નેહ, દિલની દિલાવરી અને કોમળ હૈયાનું હેત. આ બધું ન મળે તો દુનિયાની કોઈ તાકાત બગડેલા માનસને સુધારી શકાય નહીં.

ખુમાનસિંહની અસલ ખુમારી તો તલવાર અને બંદૂક સાથે જોડાયેલી હતી. ક્ષાત્રત્વ જરૂર માગે છે ખુમારી. જ્યારે ખુમાનસિંહની ખુમારીએ કલમ અને કાગળ પકડી લીધા. તેના ક્ષત્રિય સમાજને એક રીતે ટીકાપાત્ર બન્યા પણ કલમ અને કાગળે તેમની તમામ નબળાઈઓને દૂર કરી દીધી.

ઉપલેટાની કૉલેજમાં ભણવા ગયો તો ત્યાં એક અધ્યાપક સાથે બાખડી પડ્યો અને જાહેરમાં ગાલ પર તમાચો ચોડી દીધો. કૉલેજમાંથી તેની ફાટ્ય તો હતી જ. એમાંથી વિદ્યાર્થી શું અધ્યાપકો પણ ડરતા હતા. તેમને કૉલેજમાંથી છુટા કર્યા. એવામાં જામનગર જિલ્લા શિક્ષણ સમિતિએ બિનતાલીમ શિક્ષકોની ભરતી કરી તેમાં ખુમાનસિંહનો પણ નંબર લાગી ગયેલો.

મૈત્રી પી.ટી.સી.માં તેમની ગુંડાગીરી ઓગળી ગઈ. માનસિકતા બદલાઈ ગઈ. તેનું કારણ ગુંડા સાથે હકારાત્મક સંબંધો અને વ્યવહાર.

ખરેખર કોઈ કોઈને સુધારી શકતું નથી. સુધારો અંદરથી થાય છે બહારથી થતો નથી. પ્રેરણા બહારથી મળે છે પણ તેના પ્રયોગ તો અંદરથી જ થાય છે. જેને બગડવું છે એને કોઈ રોકી શકતું નથી અને જેને સુધરવું છે તેને કોઈ અટકાવી શકતું નથી.

•

# ઊગી નીકળેલું કામ : અન્નપૂર્ણા

મનસુખ સલ્લા

કાર્યક્રમના અધ્યક્ષ, જેમનો સહયોગ અન્નપૂર્ણા ટ્રસ્ટને કાયમ મળ્યો છે એવા ડૉ. અરુણભાઈ શાહ, નાગરિક બૅંકના ચેરમેન દીપકભાઈ શાહ, નગરપાલિકાના પ્રમુખ જલ્પાબેન ભાવસાર, જેમની સાથે અનેક કાર્યક્રમ નિમિત્તે સંબંધ રહ્યો છે તેવા નટુભાઈ શાહ, બિપીનભાઈ શાહ, શકુંતલાબહેન, સૌ ટ્રસ્ટીઓ અને આપ સૌ ભાઈઓ-બહેનો.

હું અન્નપૂર્ણાના કાર્યક્રમમાં અગાઉ આવી ગયો છું. ત્યાં ઉપસ્થિત વડીલો સાથે વાતો કરી હતી. આ અન્નપૂર્ણા નામ બહુ ગૌરવભર્યું છે. કશું સ્વીકારતા કોઈ માણસને સંકોચ ન થાય એવું ટ્રસ્ટ અન્નપૂર્ણા છે. જે બધાને ઘણું આપે, ઘણી કાળજી લે છે. એટલું જ નહીં, કાળજીનું ક્ષેત્ર વધારતા જ જાય છે. પહેલાં દાદા-દાદીનો વિસામો, પછી જમવાનું (ટિફિન) શરૂ થયું, પછી છાશકેન્દ્ર, પછી નાસ્તો, આંખની સારવાર, વોકર અને વ્હીલચેર, હવે પગરખાં સેવા ઉમેરાશે. મુંબઈના ચંદ્રવદન શાહ અને મનુભાઈ લાટીવાલાના દાનથી પ્રારંભ થયો અને આજે પણ તેમનું અને અનેકનું દાન મળી રહ્યું છે. ખેડૂતો માર્કેટમાં માલ વેચવા આવે તો એક ગુણ ઘઉં કે બટાટા પહેલાં અન્નપૂર્ણામાં આપે છે. અનેક લોકોના સહયોગથી આ પ્રવૃત્તિ સરસ રીતે ચાલી રહી છે.

જો શિક્ષણ ઉત્તમ હોય તો એનાં વાવેલાં બી નિષ્ફળ જતાં નથી, ઊગે જ છે. મોડાસા જિલ્લાનું કેન્દ્ર તો હમણાં બન્યું, પરંતુ આખા ગુજરાતે કેળવણી કેન્દ્ર તરીકે મોડાસાને સ્વીકાર્યું તે ધીરુભાઈ ઠાકરસાહેબ અને દાઉદભાઈ ઘાંસીસાહેબને કારણે. તેમણે આ નગરને સાચું ગૌરવ આપ્યું. અહીંનું વિશિષ્ટ વાતાવરણ સર્જ્યું છે.

આવી પ્રવૃત્તિને દાન બે ભાવથી અપાતું હોય છે. એક દાન હોય છે ઉપકારના ભાવથી અપાયેલું. પોતાની નામના માટે. બીજું દાન હોય છે ‘તમે અમારું દાન સ્વીકાર્યું એ માટે અમે આભારી છીએ’ એવા નમ્રતાના ભાવથી અપાયેલું દાન. એવું દાન પ્રવૃત્તિને આગવી ઊંચાઈ આપે છે. મેં જાણ્યું કે પૂર્વ મુખ્યમંત્રી આનંદીબહેન પટેલે અન્નપૂર્ણાનું કામ જોઈને કહેલું કે ‘દરેક જિલ્લામાં આવું કેન્દ્ર હોવું જોઈએ.’ એવો આ સ્વીકાર્ય નમૂનો છે. પ્રેરણા આપનારી પ્રવૃત્તિ છે.

મેં ૩૬ વર્ષ લોકભારતી - સણોસરામાં જ કામ કર્યું છે. એના અનુભવે કહી શકું કે સંસ્થા એટલે એમાં કામ કરનારા કાર્યકરો. ટ્રસ્ટીઓથી લઈને રસોઈ કરનારા સુધીનાં સૌ. એમની કાળજી, સમર્પણ અને પોતાપણાનો ભાવ સંસ્થાને તેજસ્વી બનાવે છે. સૌનો સહયોગ અને ઉમદાભાવ પ્રવૃત્તિને ઉજ્જવળતા આપી શકે છે.

જેમની પાસે જે કાં વિશેષતા હોય એ કુદરતની દેણ છે. કોઈમાં વ્યવસ્થાની, કોઈમાં આયોજનની, કોઈમાં સંચાલનની, કોઈમાં કમાવાની, કોઈમાં ગાવાની, નૃત્યની, સાહિત્યની શક્તિ હોય છે. એમ અનેક પ્રકારની ક્ષમતાઓ હોય છે. ભગવાને આપેલી શક્તિ સાર્થક ક્યારે થાય? રવીન્દ્રનાથ ટાગોરે કહ્યું છે કે ‘તમને મળેલી વિશેષ ક્ષમતા અન્ય માટે યોજાય ત્યારે સાર્થક થાય છે. ત્યારે તમને મળેલું વરદાન સાર્થક થાય છે.’ અન્નપૂર્ણાના કામમાં જોડાયેલા સૌમાં એ જોવા મળે છે.

કોરોનાને કારણે આપણે બે વર્ષ ન મળી શક્યા. આપણે સૌ ઇચ્છતા હતા કે મળી શકીએ. કારણ કે અન્નપૂર્ણા સૌનો કાર્યક્રમ છે. અહીં દાનની યાદી વંચાઈ ત્યારે અરુણભાઈએ મને કાનમાં કહ્યું કે ‘અમારી જવાબદારી વધતી જાય છે.’ વધવી જ જોઈએ. ભગવાને તમને ઉમદા કાર્ય કરવાની તક આપી છે. રંતિદેવ નામના પુણ્યશાળી રાજાની પૌરાણિક કથા છે. જીવનભર તેમણે અનેક પુણ્યકાર્યો કર્યા હતા. ભગવાને તેમને પૂછ્યું કે ‘તમારા પુણ્યકાર્યોથી હું પ્રસન્ન થયો છું. તમે જે માગો તે આપું. રંતિદેવે માગ્યું કે,

न त्वहं कामये राज्यं न स्वर्गं नापुनर्भवम् ।
कामये दुखतप्तानां प्राणिनाभार्तिनाशनम् ॥


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

કેટલાક લોભીઓ માગતા હોય છે કે મારા દીકરાના દીકરાની વહુ સાતમે માળે સોનાના ઘોડિયામાં પુત્રને હિંચોળતી હોય એ હું જોઈ શકું. એ તો સ્વાર્થથી માગેલું છે. પણ ઉપરનો શ્લોક બહુ જાણીતો છે. 'મારે સ્વર્ગ, રાજ્ય કે મોક્ષ નથી જોઈતાં. કોઈપણ આર્ત્ત (દુઃખી)નું દુઃખ નાશ પામે એવું વરદાન માગું છું.' પીડા એક જ પ્રકારની નથી. અનેક પ્રકારનાં દુઃખો છે. એનો નાશ કરી શકે છે એ ભગવાનને પ્રિય બને છે.

બાઈબલમાં ઉપદેશો છે તેમ જ તત્ત્વને સમજાવતી કથાઓ પણ છે. એવી એક માર્મિક કથા છે. એક નગરમાં એક સાધારણ માણસ હતો. રોજનું કમાય ને રોજ ખાય એવો. બીજો એક શ્રીમંત હતો. તેની હવેલી હતી. દોમદોમ સાહ્યબી હતી. શેઠે મંદિર બંધાવ્યું હતું. દરરોજ સેવા-પૂજા-માળા કરતા હતા. બંનેનું એક જ દિવસે મૃત્યુ થયું. ગરીબ માણસને કહેવાયું કે તમને સ્વર્ગવાસ મળે છે.

શ્રીમંતને કહેવાયું કે તમને સ્વર્ગવાસ નહીં મળે. શેઠ નારાજ થઈ ગયા. 'મેં મંદિર બંધાવ્યું, પૂજા-પાઠ-આરતી કર્યાં અને મને સ્વર્ગ નહીં ?'

ત્યારે ભગવાને કહ્યું, 'તને યાદ છે એક દિવસ તારે ત્યાં ભૂખ્યો માણસ આવ્યો હતો. તે બે દિવસનો ભૂખ્યો હતો. તેને તેં કહેલું, 'તારા જેવા ભિખારી તો ઘણા આવે છે.' એને ધક્કા મારીને તેં કાઢી મૂક્યો હતો. વળી શિયાળાની એક સાંજે ફાટેલ-તૂટેલ કપડાવાળો માણસ તારે ત્યાં આવ્યો હતો. ધાબળો કે ગરમ કપડું માગ્યું હતું. તેં કહેલું 'તારી જેવા માટે મારી હવેલી નથી.' તેને તેં કાઢી મૂક્યો હતો. એકવાર મોડી સાંજે ચાલી ચાલીને થાકેલો એક માણસ આવેલો. તેણે એક રાત ઢાળિયામાં આશરો માગ્યો હતો. ત્યારે તેં કહેલું કે 'મારી હવેલી તારી જેવા રખડું માટે નથી' ને તેને તેં ધક્કા મારી કાઢી મુકાવ્યો હતો.'

'અને આ ગરીબ માણસે હું એને ત્યાં ગયો હતો ત્યારે તે અર્ધો ભૂખ્યો રહીને મને જમાડ્યો હતો. એક જ ધાબળો હતો છતાં મને ઓઢાડ્યો હતો અને આશરો આપતા ઘરમાં સુવડાવ્યો હતો. શેઠ તમે મને નહોતા ઓળખી શક્યા. જ્યારે તમે ભૂખ્યાને જમાડો છો ત્યારે મને જમાડો છો. ઉઘાડાને ઓઢાડો છો ત્યારે મને ઓઢાડો છો. નિરાધારને આશ્રય આપો છો ત્યારે મને આશ્રય આપો છો. ત્યારે એ પુણ્ય બને છે.'

આપણે ત્યાં ધર્મનો ખ્યાલ પૂજા-પાઠ-મંદિરમાં સંકોચાઈ ગયો છે. ધર્મની સાચી વ્યાખ્યા છે માનવધર્મ. પૃથ્વી ઉપરની આ શ્રેષ્ઠ વ્યાખ્યા છે. કારણ કે માત્ર મનુષ્યને જ ધર્મભાવના હોય છે. કોઈ કૂતરો-ગાય કે પોપટ ધાર્મિક કે અધાર્મિક છે કે નહીં એવું નથી પૂછાતું. આહાર, નિદ્રા, ભય, મૈથુનને મનુષ્યેતર સૃષ્ટિ કુદરતે આંકેલી સીમામાં જ ભોગવે છે. મનુષ્યને તેમાં પસંદગી મળેલી છે. માટે ધર્મનો સંદર્ભ આવે છે. માણસ કૃષ્ણ થઈ શકે અને કંસ પણ થઈ શકે છે. માણસ બીજાનું ઝૂંટવીને ખાઈ શકે છે અને અર્ધો ભૂખ્યો રહીને બીજાને જમાડી પણ શકે છે. માણસ વિલાસી બની શકે છે, સંન્યાસી પણ બની શકે છે. મનુષ્યેતર સૃષ્ટિમાં એવું શક્ય નથી. એટલે માનવધર્મ મહત્વનો બને છે.

આ તત્ત્વને વધુ વ્યાપક રીતે આજના સંદર્ભમાં સમજવાની જરૂર છે. રામકૃષ્ણ પરમહંસ અને સ્વામી વિવેકાનંદની એક ઘટના જાણીતી છે. ત્યારે તેઓ નરેન્દ્રનાથ હતા. રામકૃષ્ણ દેવ માટે પુત્ર જેવા હતા. નરેન્દ્ર જોતા કે ગુરુદેવ બેઠા હોય, ગાતા હોય, વાત કરતા હોય અને સમાધિમાં ચાલ્યા જાય છે. એટલે ગુરુ પાસે નિર્વિકલ્પ સમાધિની માગણી કરતા હતા. આખરે એક દિવસ ગુરુદેવે નરેન્દ્રને બેસાડ્યા. કપાળ વચ્ચે કાંકરી દબાવી. નરેન્દ્ર નિર્વિકલ્પ સમાધિમાં ચાલ્યા. ત્રણ દિવસ સૂતા રહ્યા. ગુરુભાઈઓની વિનંતીથી રામકૃષ્ણદેવે નરેન્દ્રનાથને જગાડ્યા. જાગીને નરેન્દ્રનાથ કહેવા લાગ્યા, 'મને સમાધિમાંથી શા માટે જગાડ્યો ? કેવી પરમ શાંતિનો અનુભવ થતો હતો ! મારે એ સ્થિતિમાં જ રહેવું છે. સંસારમાં પાછા નથી આવવું.' ત્યારે રામકૃષ્ણદેવે જે કહ્યું એ હૈયે કોતરી રાખવા જેવું છે : 'તું આવો સ્વાર્થી ? તને પરમ શાંતિ

લાગતી હતી. પરંતુ તને એ નથી દેખાતું કે તારાં લાખો ભાઈ-બહેનો ગરીબીમાં, રોગમાં, અજ્ઞાનમાં સબડી રહ્યાં છે ? તને તેમનાં સુખદુઃખનું કાંઈ નથી ? તને તેમની પીડા નથી દેખાતી ? હવે કદી નિર્વિકલ્પ સમાધિ માગતો નહીં. હું તાળું મારી દઉં છું એના પર. તારો જન્મ એ સૌને પીડા અને અભાવમાંથી બહાર કાઢવા થયો છે.' ગુરુદેવનો આ આદેશ સ્વામી વિવેકાનંદે જીવનભર નિભાવ્યો હતો.

આ ઘટના સાથે જ બીજી એક ઘટના પણ સમજવા જેવી છે. તો સંન્યાસ, સંસાર અને તેના સંબંધો સમજી સંસ્થા સામાજિક કાર્યો કરે એ સંદર્ભ જ નહોતો. ખ્રિસ્તીધર્મમાં એ સંદર્ભ હતો. એટલે સ્વામી વિવેકાનંદે ગુરુના નામ પર 'રામકૃષ્ણ મિશન'ની સ્થાપના કરી. રામકૃષ્ણ મિશનના સંન્યાસીઓ દુષ્કાળ, માંદગી કે કુદરતી આફતો વખતે પીડિતની પડખે ઊભા રહે છે. આપણે ત્યાં ધર્મસંસ્થાઓમાં આદરણીય વ્યક્તિ હતી, પરંતુ રામકૃષ્ણ મિશનનો સંદર્ભ નહોતો. જેઓ તપથી નિર્મળ બન્યા હોય તેઓ પીડિતોની સેવા કરે એ ધર્મક્ષેત્ર નવો સંદર્ભ હતો.

એકવાર વિદેશી પત્રકારે સ્વામી વિવેકાનંદને પૂછ્યું કે, 'સંન્યાસીનો તમારો ખ્યાલ શો છે ? તમે કોને શ્રેષ્ઠ સંન્યાસી ગણો છો ?' ત્યારે સ્વામીજીએ અદ્‌ભુત જવાબ આપ્યો હતો : 'મારો સંન્યાસી ઘડીક પહેલા બધાની વચ્ચે બેસીને ઉપનિષદના સૂક્ષ્મમાં સૂક્ષ્મ તત્ત્વોની ચર્ચા કરતો હશે અને ત્યાંથી ઊઠીને, ખેતરમાં જઈને, શાક ઉતારીને ટોપલો માથે ઊંચકીને, બજારમાં જઈને, છેતરાયા વિના વેચીને પાછો આવશે.'

સંન્યાસીનો આ નવો યુગબોધ છે. આપણું દુર્ભાગ્ય છે કે લાંબી રાજાશાહીને કારણે ખોટાં વલણો અને મૂલ્યો સ્થિર થયાં. ઉપરનાને પ્રણામ કરો, નીચેનાને પાટું મારો. આખો ઐતિહાસિક સંદર્ભ જુઓ. આમાંથી કામ કરનાર હલકા, નીચા, ઉતરતા ગણાયા. એને ગૌરવ ન મળે. એથી સ્વામી વિવેકાનંદે સંન્યાસી પણ પરિશ્રમ કરે તેના પર ભાર મૂક્યો. એ પછી ભારતીય પ્રજાને ગાંધીજીએ પરિશ્રમનું ગૌરવ ચીંધ્યું; સ્થાપ્યું. મારી ધારણા છે કે તેમણે સ્વામી વિવેકાનંદ અને પશ્ચિમમાંથી આ મૂલ્ય ગ્રહણ કર્યું. આપણે ત્યાં બુદ્ધિ, રૂપ, કુલથી બહુમાન મળે છે, પણ પરિશ્રમથી નહીં અને જીવનનો કાયદો છે શ્રમ દ્વારા જીવન ટકે છે. પરિશ્રમ મનુષ્યમાં આત્મવિશ્વાસ અને કાર્યક્ષમતા વિકસાવે છે. પરંતુ આપણું તંત્ર આ સમજતું નથી. ઉત્તર બુનિયાદી શાળાઓમાં વિદ્યાર્થીઓ રસોઈમાં મદદ કરે, સફાઈ કરે, ખેતરમાં પરિશ્રમ કરતા હોય છે તો એક જિલ્લાના શિક્ષણાધિકારીએ સંસ્થાને નોટિસ આપી કે 'બાળકો કામ કરે એ મજૂરી છે. માટે ન કરાવી શકો. નહીં તો તમારા ઉપર કાયદેસર પગલાં ભરવાં પડશે.' આ અધિકારી શિક્ષણનો કક્કોય નથી જાણતા. હજુય મેકોલે આ રીતે જીવે છે.

વિનોબાજી તો હિમાલયમાં જવાના હતા. ગાંધીજીનો પત્ર મળ્યો ને સાબરમતી આશ્રમ આવ્યા. જોયું તો ગાંધીજી શાક સુધારતા હતા. આફ્રિકાની લડતનો વીરનાયક શાક સુધારતો હોય ? આ નવું મૂલ્ય હતું. વિનોબાજીએ પછી કહ્યું કે 'બંગાળની ક્રાંતિ અને હિમાલયની શાંતિનો મને ગાંધીજીમાં એક સાથે અનુભવ થયો.' એટલે ગાંધીજી ભલામણ કરી શક્યા કે સંન્યાસીએ પણ કાંતવું જોઈએ. આજના કોઈ રાજકીય નેતા માટે આ કલ્પી શકાશે ? આજે વિકૃત જીવનસંદર્ભ પ્રચલિત બન્યો છે. જેમ સ્થાન ઊંચું એમ જાતે કશું ન કરવું એ ખ્યાલ દઢ થયો છે.

એટલે ગાંધીજીએ સાચા શિક્ષણ માટે 'થ્રી એચ'ની વાત કરી. મગજ (હેડ), હૈયું (હાર્ટ) અને કર્મકૌશલ માટે હાથ (હેન્ડ)ની સમન્વિત કેળવણી ઉપર ભાર મૂક્યો. આજની શિક્ષણ-વ્યવસ્થા વિદ્યાર્થીને આપરખો - સ્વાર્થી બનાવે છે, એની સંવેદનશીલતા વિકસાવવાનું કાન નથી થતું. સંવેદનશીલતા એટલે અન્યના સુખદુઃખને પોતાનાં હોય એમ અનુભવવાની ક્ષમતા. બાળકોના  દય કેળવાશે તો તેઓ બીજાની કાળજી લેતા થશે. એટલે મારી ભલામણ છે કે આ નગરની તમામ શાળાનાં તમામ બાળકોને અન્નપૂર્ણાનું કામ નિરાંતે બતાવો. તો તેઓ બીજાની પીડા કે અભાવ વિશે જાગૃત્ત થશે.


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

ભારતમાં ૧૩૦ કરોડની વસ્તી છે તો ૧૩૦ નોબેલ વિજેતા કેમ નથી? કારણ કે અહીં બધો ભાર સ્મૃતિ વિકાસ ઉપર અપાયો છે, બૌદ્ધિક વિકાસ ઉપર નહીં. એ માટે પ્રશ્ન કરવાની મોકળાશ હોવી જોઈએ, સ્થિર થયેલા માટે પણ પ્રશ્ન પૂછી શકાવો જોઈએ. બિનઅંગત રીતે પ્રશ્નોને તપાસવાની તાલીમ મળવી જોઈએ. આજે શિક્ષણમાં કશું કરવાનું આવતું નથી. ઈજનેરીનો અભ્યાસક્રમમાં પણ જોવાનું હોય છે, કરવાનું નહીં. એટલે વિદ્યાર્થીઓ માહિતીથી સમૃદ્ધ થાય છે, પણ કશુંય કરવાની આવડત વગરના હોય છે. સ્વતંત્રપણે વિચારી શકતા નથી, કારણ કે યાદ રાખવામાં સર્જનાત્મકતા ખોઈ બેઠા હોય છે.

અને આપણે પાંચ હજાર વર્ષની મહાન સંસ્કૃતિના વારસદાર હોવાથી ફુલાઈએ છીએ. એક બહેન પીએચ.ડી. થયેલી, શાળાની આચાર્યા છે, પણ તેનો વર કહે છે કે 'તને ખબર ન પડે.' કારણ કે બહેનોને ભાઈઓ કરતાં ઉતરતાં ગણવામાં આવે છે. એક વીડિયો જોઈને હું બેચેન બની ગયો હતો. એક ગામમાં દલિતના લગ્ન હતા. તેણે પગમાં ચંપલ પહેર્યાં હતા. ગામના ચોકમાં સવર્ણોએ તેને માર્યો, ચંપલ કઢાવી નાખ્યા. કારણ કે તે અમુક જાતિનો હતો. આ ભારતીય સંસ્કૃતિ છે ? ભારતીય સંસ્કૃતિએ તો સૌને સમાન ગણ્યા છે, ગૌરવવાળા ગણ્યા છે. દરેકમાં આત્મા છે તેનું પ્રતિપાદન કર્યું છે.

આ મુદ્દાને સમજાવનારું સરસ દૃષ્ટાંત રામકૃષ્ણ પરમહંસે આપ્યું છે. લાકડાનો જન્મજાત ગુણ પાણી ઉપર તરવાનો છે. પરંતુ લાકડાની ઉપર ગારાનું પડ અને કપડાનું પડ ચડાવી, સૂકવો. એમ સાત પડ ચડાવી પાણીમાં નાખો તો લાકડું તળિયે પહોંચી જશે. તેનો જન્મજાત ગુણ નાશ નથી પામ્યો, ઉપરના પડોને કારણે દબાઈ ગયો છે. જેમ જેમ એક પડ ઓગળતું જશે એમ લાકડું ઉપર આવતું જશે. બધાં જ પડ ઓગળી જશે ત્યારે લાકડું પાણી ઉપર તરવા લાગશે. માણસ ઉપર પણ આવા પડો ચડેલાં છે. ક્યાંક સંપ્રદાયનાં, ક્યાંક જાતિનાં, ક્યાંક ભણેલાનાં, ક્યાંક પૈસાનાં, ક્યાંક ટૂંકી વફાદારીનાં એવા અનેક પડો ચડેલાં છે. આવા ખોટા પડોને ઉતારવાનું અને ઓગાળવાનું કામ શિક્ષણનું છે. પણ આજનું શિક્ષણ તો પડો ચડાવનારું છે. મહિલાઓ વિશે, જાતિઓ વિશે, શ્રમિકો વિશે, સાચું બોલવા વિશે, છેલ્લા માણસની કાળજી લેવા વિશે ઊલટાં પડો ચડેલાં છે. એને ઓગાળવા જરૂરી છે. તો વિદ્યાર્થીને સમજાશે કે માત્ર ભણવું, માત્ર કમાવું, માત્ર પરિવારને સાચવવો એટલી જ ફરજ નથી, બીજા અનેકની કાળજી લેવાની મારી ફરજ છે.

આ કરવું હોય તો જે બગડ્યું છે એ સુધારવું પડશે. જેમ કે ખેલદિલી અને હાર પચાવવી ખૂબ જરૂરી છે. એ રમત દ્વારા આવે છે. પણ આજે રમત નીકળી ગઈ છે. પ્રાર્થના એ ઘડતરનો અસરકારક કાર્યક્રમ છે. પણ આજે દરેક રૂમમાં ભૂંગળાં મૂકીને પ્રાર્થના સંભળાવી દેવાય છે. વિદ્યાર્થીમાં સાહસિકતા વિકસાવી જોઈએ તો તે પરાક્રમ કરી શકશે. એ માટે પ્રવાસ ખૂબ જરૂરી છે. પણ આજના સરકારના નિયમોની મહાજાળમાં કોઈ આચાર્ય કે શિક્ષકો પ્રવાસ નહીં ગોઠવે. આ કેટલી મોટી ખોટ છે ? એટલે ગાંધીજીએ પોતાની શિક્ષણ સંકલ્પનાને 'નઈ તાલીમ' કહી. પ્રોજેક્ટ મેથડ જેવી ઉત્તમ પદ્ધતિ પણ આપણે ત્યાં દંભમાં ચગદાઈ ગઈ. કેમ આપણે એવું નથી વિચારતાં કે શાળામાં જ વિદ્યાર્થી પ્રોજેક્ટ તૈયાર કરે. તો વિદ્યાર્થી મૂંઝાશે, વિચારશે, શોધશે, પ્રયોગો કરશે તો Learning by doingનો મંત્ર સમજાશે. તો આપણી કેળવણી ઊગી નીકળશે.

આ સઘળાને સમગ્રપણે જોવું જોઈએ તો જીવનનો અખિલાઈ ભર્યો સંદર્ભ સમજાશે.

મેં લોકભારતી-સણોસરામાં ૩૬ વર્ષ કામ કર્યું છે. તેના અનુભવે છેલ્લી વાત કહું છું કે નવી પેઢીને અન્નપૂર્ણા માટે આયોજનપૂર્વક અને વ્યવસ્થિત રીતે તૈયાર કરજો. આ ઉમદા કામ મુખ્ય માણસો ખસે પછી પણ ચાલુ રહેવું જોઈએ. સૌરાષ્ટ્રની દરિયાકાંઠાની એક બેનમૂન સંસ્થા હતી. સંચાલક-સ્થાપકના અવસાર પછી થોડાં વર્ષોમાં સરેરાશ બની ગઈ. મકાનો ઊભાં છે, પણ તેમાં પ્રાણ

(અનુસંધાન પૃષ્ઠ ૧૦ ઉપર)

# ગાંધીજી અને વિદ્યાર્થીઓ

**ડો. ઈશ્વરભાઈ વાઘેલા**
વૃંદાવન બંગ્લોઝ, ધારાનગરી રોડ,
વલ્લભવિદ્યાનગર, તા.જિ. આણંદ.
મો. ૭૭૭૮૦૬૯૨૩૫

ગાંધીજીએ કહ્યું હતું કે મેં જે લખ્યું છે તે નહીં પણ હું જે જીવ્યો છું તેને ધ્યાનમાં લઈને તમે કંઈ કરશો. ગાંધીજીનું જીવન સેવાર્થી તરીકે, ભારત-આફ્રિકામાં ગુલામી દૂર કરવામાં અને ગરીબોનો ઉદ્ધાર કરવામાં વ્યતીત થયું હતું. તેમના જીવનમાંથી હરેક વ્યક્તિએ શીખવા જેવું છે. પણ આપણે તે કરી શકતા નથી. તેની ઊણપો આજે પણ દેશમાં વર્તાય છે. ગાંધીજીના જીવનમાંથી વિદ્યાર્થીઓ-બાળકો એ જે કંઈ શીખવા જેવું છે તેનું આલેખન કરવાના હેતુસર આ લેખન કરેલ છે.

મોહનદાસને પાંચ વર્ષે શાળામાં બેસાડેલા. એક વર્ષે શાળામાં તપાસાર્થે ઈન્સ્પેક્ટર આવ્યા હતા. તેઓએ જોડણીની પરીક્ષા લેવા પાંચ શબ્દો લખાવ્યા. મોહને એક શબ્દની જોડણી ખોટી લખેલી. શિક્ષકે ઈશારો કરીને બાજુના છોકરાની નોટમાં જોઈ જોડણી સુધારી લેવા કહ્યું. ઈશારાથી કામ ન થતાં શિક્ષકે બૂટની અણીથી પગ હલાવી ઈશારો કર્યો. પણ મોહને જોડણી સુધારી નહીં. ઈન્સ્પેક્ટરના ગયા પછી શિક્ષકે મોહનને ઠપકો આપ્યો. પણ ગાંધીજીને નાનપણથી ચોરી ન કરવાના સંસ્કાર મળ્યા હતા તેથી ચોરી ન કરી. આજતો વિદ્યાર્થીઓએ આ પ્રસંગ ઉપરથી ચોરી કરવાનો નિશ્ચય કરવો જોઈએ. સાથોસાથ પરિશ્રમ કરીને, સમજી-વિચારીને શિક્ષણ લેવું-શીખવું જોઈએ. જેથી જીવન સુખમય બને. પણ આજનો વિદ્યાર્થી પરીક્ષામાં ચોરી કરવાની અનેક તરકીબો અજમાવીને પાસ થવાના અભરખા રાખે છે. આખું વર્ષ ભણવામાં ધ્યાન ન આપે, વાંચે નહીં, સમજે નહીં પછી તેને શું મળે ? જ્ઞાનના વિશાળ પગથારેથી એક અંશ જીવનમાં આચરે તેનું જ જીવન ઉન્નત બને.

ગાંધીજીએ બાળપણમાં હરિશ્ચંદ્રનું નાટક જોઈને સત્ય બોલવાનું પાલન કર્યું. શ્રવણની વાર્તા વાંચીને માતા-પિતાની સેવા સાથે લોકોની સેવા કરવાનું જ્ઞાન મેળવ્યું હતું. આમ નાટક જોઈને જે યોગ્ય છે - સારું છે તે ગ્રહણ કરવું જોઈએ. આજના વિદ્યાર્થીઓ પણ ફિલ્મો જુએ છે પણ તેમાંથી જે સારો બોધ છે તેને જીવનમાં પાળવા કૃતનિશ્ચયી થાય તે જરૂરી છે. જે આ કરે છે તે વિશાળતા પ્રાપ્ત કરે છે.

ગાંધીજી નાનપણમાં ડરપોક હતા. અંધારામાં કદી જતા નહીં. છતાં બહાદુર અને પહેલવાન બનવાની ઝંખના ખરી. ગાંધીજી અંધારામાં જતાં બીક અનુભવે તેની જાણ રંભા દોસ્તને થઈ. 'તેણે ગાંધીજીને કહ્યું, તું અંધારામાં જતાં બીવે છે. પણ જો તને બીક લાગે અથવા કોઈ મુશ્કેલી આવી પડે તો તરત રામનું નામ લેવાનું શરૂ કરી દે જે. તારી બીક-મુશ્કેલી ગાયબ થઈ જશે.' ગાંધીજીએ હિંમત મેળવીને રંભાએ બતાવેલો માર્ગ અપનાવ્યો અને ડરપોકપણું જતું રહ્યું. જીવનભર પ્રભુના આશ્રયે-પ્રભુમાં શ્રદ્ધા રાખીને ડર્યા વિના સત્યાગ્રહો કરીને આફ્રિકામાં રંગભેદની નીતિ સંદર્ભે ઘણા પ્રશ્નો નિપટાવ્યા હતા. તેમજ ભારતમાં સ્વરાજ પ્રાપ્તિમાં મોટું યોગદાન આપ્યું હતું. આજનો વિદ્યાર્થી પણ સત્યના પાલન અર્થે, અન્યાયના વિરોધાર્થે ડર્યા વિના લડવાની તાકાત કેળવી શકે તો દેશમાં ઘણા સુધારા લાવી શકે તેમ છે.

મિત્રોના સંગે અને પહેલવાન બનવાના ઈરાદે પાંચ-છ વખત માંસાહાર કર્યો હતો. પહેલેથી સમજ હતી કે માંસ ન ખાવું જોઈએ. એટલે માંસ ખાવું અને જુઠ્ઠું બોલવું પડતું. આથી તેમને આઘાત લાગ્યો. માતાપિતાને છેતરવા અને જુઠ્ઠું બોલવું એ માંસ ન ખાવા કરતાં ય ખરાબ છે. તેથી માતાપિતાનાં જીવતાં માંસ ન ખવાય તેવા ખ્યાલ સાથે માંસાહારનો ત્યાગ કર્યો. અને ત્યાર બાદ ઈંગ્લેન્ડ ભણવા જતાં માતાની આજ્ઞાઓનું પાલન કરવા સાથે કસ્તૂરબાના સંગે અને આહારની ઓળખે જીવનભર


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

માંસાહારી ન બન્યા. આ ઘટનામાંથી ખાસ સંસ્કારિતા છોડવી ન જોઈએ અને સત્યના પાલન માટે, કોઈને છેતરીને અયોગ્ય માર્ગે ન જવું તે આજના વિદ્યાર્થીએ શીખવા જેવી બાબત છે.

એક સગાની સાથે કાકાને બીડીના ધુમાડા કાઢતા જોઈને બીજી પીવાની ઇચ્છા થઈ. પૈસા તો મળે નહીં તેથી ફેંકી દીધેલા બીડીના ઠૂંઠા વીણી-સંતાઈને પીતા. ચાકરના ગજવામાંથી પૈસા કાઢી લઈ બીડી ખરીદી પીવા લાગ્યા. સંતોષ ન થતા - પરાધીનતાનો ખ્યાલ આવતા આપઘાત કરવા ધતૂરાના બેચાર બી ડરતાં ડરતાં ખાધા. બીજા ખાવાની હિંમત ન ચાલી. મોતથી ડર્યા. મંદિરે જઈ દર્શન કરી શાંત થવું અને આપઘાતનો વિચાર ભૂલી જવો તેવું નક્કી કર્યું. આમ કરવાથી બીડી પીવાની - પૈસા ચોરવાની ટેવ ભૂલી ગયા. આ ઘટનામાં વિદ્યાર્થીઓએ ખરાબ થઈ જાય ત્યારે અયોગ્ય માર્ગ ન લેતા સકારાત્મક માર્ગે જવામાં જ હિત છે તે બોધ લેવો.

ગાંધીજીના ભાઈએ ૨૫ રૂ.નું દેવું કરેલું હતું, ભઈએ તેમને વાત કરી. બંનેએ વિચાર કરીને ભાઈના હાથે સોનાનું કડું હતું. તેને કાપીને એક તોલા જેવું સોનું વેચીને કરજ ચૂકવ્યું. પણ ગાંધીજી માટે આ ઘટના અસહ્ય બની. પિતાજી પાસે આ વાત કબૂલ કરવી પણ જીભ ઉપડે નહીં. તેથી ચિઠ્ઠી લખીને દોષ કબૂલ કર્યો અને સજા માગી. સાથોસાથ પુનઃ આવી ભૂલ નહીં થાય તેની પ્રતિજ્ઞા પણ લીધી. ચિઠ્ઠી પિતાને આપી. તેમણે તે વાંચી અને તેમની આંખમાંથી આંસુ ટપકવા લાગ્યા. થોડીવાર પછી ચિઠ્ઠી ફાડી નાખી પિતા સૂઈ ગયા. ગાંધીજી પણ રડ્યા. આ ઘટનાએ ગાંધીજીને વીંધ્યા. તે શુદ્ધ થયા. અહિંસાનો પદાર્થપાઠ શીખ્યા. જીવનમાં ભૂલો થાય ત્યારે તેનું પ્રાયશ્ચિત્ત વડીલ સમક્ષ કરવું જોઈએ અને ભૂલને સુધારી લેવી જોઈએ. અને પુનઃ તેવી ભૂલ ન થાય તે માટે દૃઢતા કેળવવી જોઈએ. ગાંધીજીએ પુનઃ ચોરી ન થાય - અયોગ્ય ન થાય તે માટે સતત દૃઢતા રાખી આથી તેઓ મહાન બની શક્યા.

પિતાજીને ભગંદર થયેલું. તે દરમિયાન ગાંધીજી તેમના વાને ઘાને ધોતા, દવા તૈયાર કરતાં, દવા લગાવતા અને દવા આપતા. રાત્રે પગચંપી કરતા, બાપુજી રજા આપે અથવા ઊંઘી જાય પછી જ સૂઈ જતા. શાળામાંથી છૂટીને તરત જ પિતાજીની સેવા કરી શકાય તે માટે ઘેર આવતા. સેવામાં વિઘ્ન ન પડે તે માટે ફરજિયાત કસરત કરવાના નિયમમાંથી પણ મુક્તિ મેળવી હતી. સેવા કરતા હતા છતાં મૃત્યુની પળે પિતાજી પાસે હાજર ન રહી શક્યા તેનું દુઃખ થયું હતું. આમ ગાંધીજી પાસેથી શીખવા જેવી બાબત મા-બાપની સેવા કરવી જ જોઈએ. એ સંતાનની ફરજ છે. તે ફરજ નિભાવનાર પર પ્રભુની કૃપા ઊતરે છે.

ગાંધીજી બેરિસ્ટર બનવા વિલાયત ગયા ત્યારે માતા પૂતળીબાઈએ ત્રણ પ્રતિજ્ઞા — માંસ ન ખાવું, દારૂ ન પીવો અને પરસ્ત્રીનો સંગ ન કરવો. તે એમણે ખૂબ જ સભાનતાપૂર્વક પાળી હતી. શરૂઆતમાં પહેરવેશ અને અન્યમાં પૈસા ખર્ચતા. પણ મોટાભાઈ પૈસા ક્યાં સુધી અને કેટલા મોકલી શકશે ? તે વિચારે હિસાબની ચોપડી કાઢીને મોંઘી અને નકામી લાગતી તે વસ્તુઓનો ત્યાગ કરવાનો નિર્ણય કર્યો. દર માસે ૧૫ પાઉન્ડથી વધારે ન ખરચવાનો નિશ્ચય કર્યો. અને તેમાં પણ ઘટાડો કરવાના પ્રયાસો કર્યા. બસમાં બેસવાનું ઓછું કર્યું. જાતે રાંધીને ખાવા લાગ્યા. બે ઓરડાને બદલે એક નાના ઓરડામાં રહેવા માંડ્યું. આમ ઓછા ખર્ચે શિક્ષણ મેળવવાનો પ્રયાસ કર્યો. આમાં વિદ્યાર્થીઓએ પણ મા-બાપનો-કુટુંબનો વિચાર કરીને જરૂર પૂરતા પૈસા વાપરી, ખોટા મોજ-શોખ પાછળ ખર્ચ ન કરી, ઓછા ખર્ચે, સાદાઈથી રહીને શિક્ષણ મેળવવું જોઈએ. જે આમ કરે તે જ ખરેખર સારું શિક્ષણ મેળવી શકે.

ગાંધીજીના જીવનમાંથી ઘણું જ શીખવા જેવું છે. અહીં તેમના વિદ્યાર્થીજીવનમાંથી પ્રસંગો - ઘટનાઓ લઈ વિચારણા કરી છે. વિશેષ માટે તેમની આત્મકથા 'સત્યના પ્રયોગો' વાંચો. સમજો-વિચારો અને તેમને અનુસરશો તો તમે પણ મહાન બની શકશો.

# મૃત્યુ સાથે મૈત્રી

રણછોડ શાહ
ઍમિટી સ્કૂલ, ભરૂચ
મો. ૯૯૭૯૮૬૧૬૩૧

આ પૃથ્વી ઉપર અવતરતા પ્રત્યેક મનુષ્યના જન્મ તારીખની સાથે જ તેની અવસાનની તારીખ પણ લખાયેલી જ હોય છે. જન્મ અને મૃત્યુ એક સિક્કાની બે બાજુ છે. રજનીશજીએ મૃત્યુને પણ ઉત્સવ ગણાવ્યો છે. જન્મનો આનંદ હોય તો પછી મૃત્યુનો શોક શા માટે ? જો અવસાન અકળ છે તો જન્મની પણ ક્યાં અગાઉથી ખબર હોય છે ? જન્મ અને મૃત્યુ આકસ્મિક ઘટનાઓ છે. કોરોના કાળમાં તો મૃત્યુ વિશે વિશેષ મનન-ચિંતન થાય તે આવશ્યક છે. આ વૈશ્વિક બિમારીએ તો કદાચ મૃત્યુને મિત્ર - સખા તરીકે સ્વીકારવું પડે તેવી પરિસ્થિતિમાં મૂકી દીધા. જન્મ લેનારને ક્યાં જન્મ લેવો તે બાબતે પસંદગીનો અવકાશ નથી હોતો તેમ જ મૃત્યુ ક્યાં, ક્યારે અને કેવી રીતે થશે તે બાબતે પણ નક્કી કહી કે કરી શકાતું નથી. માટે તો કવિ હરીન્દ્ર દવે કહે છે;

*શબ્દ ક્યાં પહોંચે છે તે જાતે નિરખવા માટે,*
*ભાનની સૃષ્ટિની સીમાને પરખવા માટે,*
*દિલના વિસ્તારની દુનિયાઓમાં વસવા માટે,*
*કોઈ મહેફિલથી ઊઠી જાય તો મૃત્યુ ન કહો.*

જીવનની એક વાસ્તવિકતા એટલે મૃત્યુ. મૃત્યુ વિશે ઘણું લખાયું છે. પરંતુ પ્રસ્તુત લેખ સવાયા ગુજરાતી કાકાસાહેબ કાલેલકરની ૪૧મી પુણ્યતિથિ (તા. ૨૧-૦૮-૨૦૨૧)ને કેન્દ્રમાં રાખી લખાયો હોવાથી તેમના એક ઉત્તમ પુસ્તક **'પરમ સખા મૃત્યુ'** આધારિત છે. મહારાષ્ટ્રના સતારા જિલ્લામાં જન્મેલ કાકાસાહેબનું મરાઠી ઉપર જેટલું પ્રભુત્વ હતું એટલું જ ગુજરાતી, હિન્દી, અંગ્રેજી ઉપર પણ હતું. તેઓ સમગ્ર ભારતમાં કાર્યરત રહ્યા છે. ગુરુદેવ ટાગોરના શાંતિનિકેતનમાં અધ્યાપક હતા. ગાંધી બાપુ સ્થાપિત સાબરમતી આશ્રમમાં પ્રધાનાધ્યપક અને વડોદરાની રાષ્ટ્રીય શાળામાં આચાર્યની જવાબદારી પણ નિભાવી ચૂક્યા છે. મહાત્મા ગાંધીના અવસાન બાદ 'ગાંધી સંગ્રહાલય'ના પ્રથમ સંચાલકની કામગીરી પ્રેમપૂર્ણ રીતે કરી ચૂક્યા છે. ભારત સરકારે પદ્મભૂષણથી નવાજ્યા છે. રાષ્ટ્રભાષાના પ્રચાર અને પ્રસાર માટે તેઓશ્રીએ અનહદ કાર્ય કર્યું છે. તેથી રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિએ માનપૂર્વક 'ગાંધી પુરસ્કાર'થી તેમને સન્માનિત કર્યા હતા. તેઓશ્રી ઉચ્ચકોટિના વિચારક અને વિદ્વાન હતા. તેઓની હિન્દી જીવંત અને પ્રભાવશાળી હતી. તેઓનું ગદ્ય પદ્ય જેવું હતું. તેમના લખાણમાં વિદ્વતા, વ્યંગ, હાસ્ય અને મૂલ્યો સતત ઉજાગર થતા નજર પડે છે. ૧૯૧૫ની સાલમાં તેઓ ગાંધીજીને શાંતિનિકેતનમાં મળ્યા અને સમગ્ર જીવન ગાંધી અને રાષ્ટ્રને ચરણે ધરી દીધું. તેઓશ્રી ૧૯૨૮થી ૧૯૩૫ સુધી ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદના કુલનાયક પદે આરૂઢ હતા. તેઓએ રવીન્દ્રનાથના બંગાળી સાહિત્યનો ગુજરાતી અને મરાઠીમાં અનુવાદ કર્યો છે. ત્રીસ કરતાં વધુ પુસ્તકો ગુજરાતી, મરાઠી, હિન્દી અને અંગ્રેજીમાં લખ્યા છે.

'પરમ સખા મૃત્યુ'ની પ્રસ્તાવનામાં કાલેલકરજી લખે છે : 'એ સજ્જનનાં હવે દર્શન થવાનાં નથી, એનો સહવાસ નહીં મળે, એની કિંમતી સેવા કાયમને માટે આપણે ખોઈ બેઠાં - એ જાતનું દુઃખ જરૂર થવાનું. એવું દુઃખ થાય એ સ્વાભાવિક છે. તેનો શોક ક્યાં સુધી કરીશું ? શોક સ્વાભાવિક હોય તો એ ઓસરી જવો જોઈએ, કેમ કે શોક ચાલુ રાખવાથી કોઈની ઉન્નતિ નથી.' સ્વજનના અવસાનથી અકલ્પનીય આંચકો જરૂર અનુભવાય, તૂટી પડાય. પરંતુ પડ્યા પછી ઊભા તો થવું પડશે ને ? વિદાય થનારની સાથે સ્વજનો અને મિત્રોનાં અનેક સ્મરણો હોય તે સ્વાભાવિક છે. તો જીવન વ્યવહાર પણ ચલાવવો આવશ્યક હોવાથી અમુક મર્યાદાથી વિશેષ શોક કરતાં માણસ પોતાની જવાબદારીઓમાંથી દૂર થઈ જાય, તે પણ કેટલું યોગ્ય ગણી શકાય ? વિદાય હંમેશાં વસમી હોય છે પરંતુ તેમાંથી ફરીથી બેઠા તો થવું જ પડે.

*મોત કેરા નામથી ગભરાઉં એવો હું નથી,*
*બીકથી વહેવાર ચૂકી જાઉં એવો હું નથી;*
*જાન દીધો છે ખુદાએ ચાર દિ' માટે ઉધાર,*
*એને પાછો સોંપતાં અચકાઉં એવો હું નથી.*

**- ઉમર ખય્યામ (અનુવાદ : શૂન્ય પાલનપુરી)**

પ્રસ્તુત પુસ્તકમાં આડત્રીસ પ્રકરણોમાં મૃત્યુને સંલગ્ન વિવિધ બાબતોની વિસ્તારથી ચર્ચા કરવામાં આવી છે. જીવન સાધન પૂર્તિ, મૃત્યુ તર્પણ, મરણદાન, મૃત્યુની તૈયારી અને તેનું રહસ્ય, મરણનું સહચર્ય, મૃત્યુની કલ્યાણકારિતા, વસિયતનામું, શ્રાદ્ધ, સ્મશાન, મોક્ષ, પુનર્જન્મ, સ્વર્ગ વગેરે જેવા મૃત્યુને સંલગ્ન જ વિવિધ વિષયાંગોને કેન્દ્રમાં રાખી તલસ્પર્શી ચર્ચા અત્યંત સરળ અને રસાળ ભાષામાં કરી છે. વર્તમાન સમયની અત્યંત કટોકટીભરી સમસ્યા 'ઇચ્છામૃત્યુ'ની વિષદ છણાવટ લેખકે લગભગ પચાસ વર્ષ પહેલાં કરી છે જે તમની દૂરંદેશીતાનો જીવતો જાગતો પુરાવો છે. આજ સૌ અંગદાનની વાત કરે છે ત્યારે તેઓએ તો તે સમય મરણદાનની સમજણ આપી હતી. વર્તમાન સમયની વૈશ્વિક બિમારીએ કોરોનાકાળમાં અચાનક અને બિહામણા મૃત્યુનો સૌને પરિચય કરાવી દીધો. લગભગ તમામના જીવનમાં દૈનિક ધોરણે સવાર પડતી અને સ્વજનની વિદાયનો અચાનક આંચકો અનુભવવો પડતો. પ્રસ્તુત પુસ્તકમાં મૃત્યુની તૈયારી અને તેના રહસ્યની વાત વિગતે સમજાવી છે. કોરોનાના સમયમાં આપણે અનેકના આકસ્મિક મૃત્યુ થયાનું અનુભવ્યું છે. લેખક જણાવે છે : 'શ્રદ્ધા કહે છે કે જે પ્રમાણે દરેક કાર્યનું કે ઘટનાનું કારણ હોવું જ જોઈએ, તે જ પ્રમાણે જગતમાં પ્રત્યેક ઘટનાની પાછળ ઈશ્વરનો એટલે કે નિસર્ગ-સ્વામીનો કોઈ હેતુ હોવો જ જોઈએ. કશુંક સિદ્ધ કરવાની તેની ઇચ્છા હશે એથી તેણે અમુક ઘટના ઘડી એમ કહેવું જોઈએ.'

લેખક દીર્ઘદૃષ્ટા છે જે તેમના બે પ્રકરણોમાંથી વિશેષ સ્પષ્ટ થાય છે. એક પ્રકરણ છે — વસિયતનામું. હાલના સંજોગોમાં સૌને વસિયતનામું અનિવાર્ય હોવાનું સમજાઈ ગયું છે. અચાનક અવસાન અનેક સમસ્યાઓની જનની બને છે. એમ કહેવાય છે કે કોઈ રોમન વસિયતનામું કર્યા વિના મૃત્યુ પામે તો રોમન સમાજમાં તેની આબરૂ રહેતી નથી. જો કે ભારતમાં વસિયતનામું એટલું પ્રચલિત બન્યું નથી.

સામાન્ય રીતે મોટાભાગના લોકો પોતાની સંપત્તિ સંતાનોને આપે છે. ત્યારે લેખક જણાવે છે : 'પુત્ર, શિષ્ય, સગાંસંબંધી વગેરે માટે આવશ્યકતા કરતાં વધારે મૂકી જવું એ તેમનું અપમાન કરવા બરાબર છે. તેમનાં પુરુષાર્થ અને પરાક્રમ બાબતમાં સંદેહ હોય ત્યારે તો તેમની ઉપર અનહદ મિલકત લાદવામાં આવી છે.' કેટલું ઉત્તમ અને સચોટ નિરીક્ષણ છે. આજે તો સંતાનો અને તેના સંતાનોને અઢળક સંપત્તિ આપી જવાની સ્પર્ધા થઈ રહી છે. સૌ ત્રણ-ચાર પેઢી માટેનું ભેગું કરી લેવાના લોભમાં રચ્યાપચ્યા બની ગયા છે.

તેઓએ આના કરતાં પણ વિશેષ ઉમદા વાત તો એ કહી છે : 'સમાજના જે વિભાગની કે વર્ગની ઉપેક્ષા થઈ રહી છે તેને જ આપણી વધારેમાં વધારે મદદ પહોંચવી જોઈએ. ઇચ્છાપત્ર બનાવતી વખતે આ દૃષ્ટિએ પ્રાધાન્ય મળવું જોઈએ.' કેવા ઉમદા વિચાર ! મૃત્યુ સમયે તો જરૂરિયાતમંદોને યાદ કરી મદદ કરવી જોઈએ તેમ તેઓ સમજાવે છે. આપણે સમગ્ર જીવન આપણા અને આપણાં સગાઓ માટે ગાળ્યું હોય તો પણ જીવનના અંતે તો 'વંચિતો' અને 'ઉપેક્ષિતો' તરફ કંઈક કરી છૂટવું જ જોઈએ તેવી ઉત્તમ શીખ આપી છે.

*શું કુબેરો ? શું સિકંદર ? ગર્વ સૌનો તૂટશે,*
*હો ગમે તેવો ખજાનો બે જ દિનમાં ખૂટશે;*
*કાળના કરડી નજરથી કોઈ બચવાનું નથી,*
*આજ તો ફૂટી છે પ્યાલી, કાલ કૂંડો ફૂટશે.*

**- ઉમર ખય્યામ** (અનુવાદ : શૂન્ય પાલનપુરી)

વર્તમાન સમયની બીજી અત્યંત ગંભીર સમસ્યા છે : લાંબુ આયુષ્ય. આઝાદી સમયે સરેરાશ ભારતીય આયુષ્ય લગભગ પાંત્રીસની આજુબાજુ હતું જે આજે વધીને લગભગ સિત્તેરની આસપાસ પહોંચ્યું છે. સંયુક્ત કુટુંબો વિલય પામી

ચૂક્યા છે અને તેથી વૃદ્ધોની વિકટ સમસ્યાઓ સર્જાઈ ચૂકી છે. વૃદ્ધાશ્રમોમાં જગ્યા નથી. લેખકે પોતાના ઉદાહરણ દ્વારા તે બાબત 'દીર્ઘાયુષ્યનું રહસ્ય' પ્રકરણમાં સમજાવવાનો પણ પ્રયત્ન કર્યો છે. સ્વાસ્થ્ય જાળવવા માટે આહાર ઉપર કાબૂ રાખવો અનિવાર્ય છે. ગમે તેટલું સ્વાદિષ્ટ ભોજન હોય તો પણ આહારના પ્રમાણ બાબતે સજાગ રહેવું જરૂરી છે. 'વાનગી સ્વાદિષ્ટ છે માટે હદથી વધારે ખાવા મંડું તો મારી જ દૃષ્ટિમાં હું મારી પ્રતિષ્ઠા ગુમાવી બેસું.' સ્વાદની સરખામણી આબરુ સાથે કરી પોતાનું સ્વાસ્થ્ય જાળવવાની શિખામણ આડકતરી રીતે આપી દીધી છે.

તેઓ પોતાના વિચારો બાબતે ખૂબ સ્પષ્ટ છે જે આપણને જાણવા મળે છે : 'હું માનું છું કે સંયમી માતાપિતા દ્વારા જેમને સશક્ત શરીર મળ્યું હોય તેઓ પોતે જો સંયમી રહે તો દીર્ઘાયુ થાય એ સ્વાભાવિક છે. સારું સ્વાસ્થ્ય સંયમ, મિતાહાર અને નિયમિત જીવનને કારણે જ શક્ય બને. આજથી લગભગ સિત્તેર વર્ષ પહેલાં વૃદ્ધાવસ્થા કેવી રીતે ગાળવી જોઈએ તેની સમજ તો કાકાસાહેબ જ આપી શકે. 'પરમ સખા મૃત્યુ' પુસ્તકની સંક્ષિપ્ત આવૃત્તિનું સંપાદન શ્રી મહેન્દ્ર મેઘાણીએ બત્રીસ પાનાની પુસ્તિકામાં કર્યું છે. જેની કુલ નવ લાખથી વધુ નકલ છપાઈ હતી.'

'પરમ સખા મૃત્યુ' જીવન જીવવાની ગીતા છે તેમ કહી શકાય. મૃત્યુને કેન્દ્રમાં રાખી કાકા સાહેબ સૌને જિંદગીમાં કઈ કઈ બાબતો પરત્વે સજાગ રહેવાનું છે, ધ્યાન રાખવાનું છે અને તે રીતે જીવનમાં વર્તનમાં પરિવર્તન લાવવાનું છે તેની વિશદ સમજ આપી છે. મૃત્યુનો ડર રાખવાને બદલે તેની સાથે મૈત્રી કેળવી અને મરણને સારી રીતે સમજી શકાય તેની અત્યંત સરળ-સહજ ભાષામાં સમજણ આપી છે.

**આચમન :**

*આપણા ખભા પરથી શ્વાસોનો બોજ કોઈ લઈ લેશે પોતાના કાંધે,*
*એ જ ક્ષણે કોઈ ચીજ, કોઈ વાત, કોઈનો સંબંધ નહીં આપણને બાંધે;*
*જેટલું હયાતી વિશે સાચવશોને તમે, મોત જેટલું જ તમને સમજાશે.*

**- રમેશ પારેખ**

**નોંધ :** વિશ્વ સમન્વય સંઘ, ન્યુ દિલ્હી આયોજિત આચાર્ય કાકા સાહેબ કાલેલકરની ૪૧મી પુણ્યતિથિ - તા. ૨૧-૦૮-૨૦૨૧ના રોજ આપેલ પ્રવચન આધારિત લેખ છે.

## તારો એક મિત્ર બનીને

**- અન્સારી સાહિસ્તાબાનુ અખ્તરહુસૈન**
**ભૂ.પૂ. વિદ્યાર્થિની (જે.એન.બાલિકા)**

જ્યારે તું હતાશ થાય અને તને મુશ્કેલી પડે;
ત્યારે થોડી પ્રેમાળ સંભાળની જરૂર પડે,
તેમજ કશુંજ સારું ન થતું હોય ત્યારે
આંખો મીંચીને મારો વિચાર કરજે
અને હું ત્યાં હોઈશ
તારી અંધારી રાત ને અજવાળવા.

તારે ફક્ત મારા નામનો સાદ પાડવાનો,
અને તું જાણે છે હું ક્યાં છું,
તને ફરીથી મળવા હું દોડતો આવીશ,
શિયાળો, વસંત ઉનાળો કે પાનખર ગમે તે હોય,
તારે સાદ જ પાડવાનો છે,
અને હું ત્યાં હોઈશ,
તારો એક મિત્ર બનીને.

તારા ઉપરનું આકાશ
ઘેરાય અને વાદળોથી ઉભરાય
અને ઉત્તરનો પેલો જોરદાર પવન
ફુંકાવા લાગે,
ત્યારે તારું મન મક્કમ રાખજે,
અને મોટેથી સાદ પાડજે,
તરત જ તારા બારણે ટકોરા પાડતો,
મને તું સાંભળીશ,
અને હું ત્યાં હોઈશ,
તારો એક મિત્ર બનીને.

# શિક્ષકની ચેતના

**ડો. અરુણ કક્કડ**
બી-૪૦૩, મોતી પેલેસ પ્લસ, પેટ્રોલ પંપ પાસે,
વંથલી રોડ, ટીંબાવાડી, જૂનાગઢ-૩૬૨૦૧૫.
મો. ૯૯૨૫૨૬૦૬૪૮

## શિક્ષણને કેન્દ્રમાં રાખતી આત્મકથા

ચિત્રાત્મક બાળકાવ્યોનાં સર્જક તરીકે જાણીતા કવિ ત્રિભુવન વ્યાસની સૌરાષ્ટ્ર રાજ્યના શિક્ષણ વિષયક માસિક 'સરસ્વતી'માં હપ્તાવાર પ્રગટ થયેલી આત્મકથા 'મારી શિક્ષણ સાધના' રૂપે આપણને પ્રાપ્ત થઈ છે.

સ્વતંત્ર ભારતનાં તે વખતના અલગ રાજ્ય ગણાતાં સૌરાષ્ટ્રના શિક્ષણખાતામાં ઉપશિક્ષણ નિયામક તરીકે ફરજ બજાવતાં શ્રી પ્ર. ત્રિવેદી નોંધે છે કે : '૧૯૦૬ના સપ્ટેમ્બરની બીજી તારીખે ગાયકવાડ સરકારના અમરેલી પ્રાંતના ધારી મહાલના વહીવટદારની સહીનો માસિક રૂ. ૭/- (અંકે સાત)ના પગારથી નિમણૂંક કર્યાનો હુકમ ખિસ્સામાં લઈ ધારીથી દરખાણિયા જતી સડકે પ્રયાણ આદરીને શિક્ષક તરીકે જે જીવન પ્રયાણનો સ્વ. ત્રિભુવનભાઈએ આરંભ કરેલો અને જે શિક્ષણ સાધના શરૂ કરેલી તેની અનુભવકથાના સત્તર હપ્તા 'સરસ્વતી' સામયિકમાં નવેમ્બર ૧૯૫૧થી ડિસેમ્બર ૧૯૫૩ દરમિયાન પ્રસિદ્ધ થયેલા તે સત્તર પ્રકરણ આ પુસ્તકરૂપે તેમની જન્મ શતાબ્દી પ્રસંગે પ્રગટ થાય છે, એ અત્યંત આવકારદાયક સુયોગ છે.'

આ આત્મકથા મુખ્યત્વે એક ખંતીલા શિક્ષકની કથા છે. એક ઉદ્યમી અને સ્વચ્છ શિક્ષકના પુરુષાર્થની રસભરી વાત છે. માસિક સાત રૂપિયાના પગારે ગીરના જંગલમાં એક રળિયામણી શાળા કેમ ઊભી કરી, શાળા જોડાજોડ વિશેષ અભ્યાસ કરતાં-કરતાં પોતાની જાતને પણ કેમ ઊભી કરી તેની કથા છે. શ્રી મનુભાઈ પંચોળી 'દર્શક' આ આત્મકથા સંદર્ભે નોંધે છે કે : "ખૂબીની વાત એ છે કે આત્મકથાઓમાં સામાન્ય રીતે કથા કહેનાર કેન્દ્રમાં રહે છે. પછી તે પ્રવાસ હોય, શાળાનાં નાટકો કે પ્રાર્થના હોય, બધે જ શિક્ષણ અને શિક્ષક જ કેન્દ્રમાં રહે છે."

તા. ૨૨-૫-૧૮૮૮ના રોજ ભાવનગરના સેંજળ ગામે મોસાળમાં જન્મેલા ત્રિભુવનભાઈનું વતન શેત્રુંજી કાંઠાનું સાવર ગામ હતું. કુટુંબના સ્વામિનારાયણ સંપ્રદાયનો ધર્મ પળાતો હતો. પિતા વૈદ્ય હતા. ૧૬ વર્ષની વયે પિતાની છત્રછાયા ગુમાવેલી. ચાર ભાઈ-બહેનોમાં સૌથી મોટા હોવાને કારણે કુટુંબની જવાબદારી માથે આવતાં સાત ધોરણ પછી અભ્યાસ છોડી નોકરી સ્વીકારી. દલખાણિયા જેવા નાનકડા ગામમાં ઉત્તમ શિક્ષણકાર્ય કર્યું. અણખેડાયેલી જમીનનું પ્રથમ વાવેતર જેમ જોરથી ઊગી નીકળે છે તેમ કેળવણીથી વંચિત રહેલા આ પ્રદેશમાં પ્રેમપૂર્વક કરેલા પ્રયોગો સફળ રીતે વિકસવા લાગે છે. આગળ અભ્યાસ વધારવાની ઈચ્છા તથા તેમનું ઉત્તમ શિક્ષણકાર્ય અધિકારીઓની નજરે ચડતાં તેમને ૧૯૧૦માં દલખાણિયાથી અમરેલી બોલાવી લેવામાં આવ્યા. ગ્રામશાળામાંથી જીવનના એક અતિમધુર પ્રકરણને સંકેલી અમરેલી આવ્યા. ત્યાંથી વધુ અભ્યાસ માટે વડોદરા ગયા. ત્યાં ટ્રેનિંગ કૉલેજમાં આઠેક વર્ષ સેવાઓ આપી.

એ અરસામાં સ્વરાજ આંદોલન વેગમાં હતું. ઠક્કરબાપાની રાહબરી નીચે ચાલતાં ખાદી પ્રચારના કાર્યમાં જોડાવા માટે ત્રિભુવનભાઈએ વડોદરા સ્ટેટની નોકરી છોડી ખાદી કાર્યાલયમાં જોડાયા. ખાદી કાર્યાલય સંકેલાઈ ગયું ત્યારે અમદાવાદ નવજીવન કાર્યાલયમાં સ્વામી આનંદ અને કાકાસાહેબ કાલેલકર સાથે ત્રણેક વર્ષ કામ કર્યું. જુગતરામભાઈ દવેની સૂચનાથી ધ્વજ-લડત પ્રસંગે પ્રથમ ધ્વજગીત 'નહીં નમશે, નહીં નમશે નિશાન ભૂમિ ભારતનું' લખ્યું. 'રતનબાનો ગરબો' લખ્યો, જે

સાંભળીને ગાંધીજી પ્રસન્ન થયા હતા. નવજીવનમાંથી તેમના કાવ્યસંગ્રહો 'નવાં ગીતો' નામે બે ભાગમાં પ્રગટ થયા હતા. જમનાદાસ ગાંધીની માગણી અને ગાંધીજીની સંમતિથી તેઓ રાજકોટ રાષ્ટ્રીય શાળામાં આવે છે. રાજકોટના રાજવી લાખાજીરાજે તેમને ફરી શિક્ષણક્ષેત્રમાં ખેંચી લાવી સુંદર કામગીરી ચલાવી. 'શિક્ષાપત્રી અધ્યયન' નામનો ગ્રંથ લખ્યો. 'મેઘદૂત'નું ઝૂલણા છંદમાં ભાષાંતર કર્યું. તેમણે 'ભગવદ્ ગોમંડલ'માં ૧૦૦૦ શબ્દો અર્થ સાથે આપેલા છે. તા. ૪-૭-૧૯૭૫માં તેમનું અવસાન થાય છે. આમ, સમગ્ર જીવન શિક્ષણ અને સાહિત્યની પ્રવૃત્તિમાં વીત્યું છે.

ત્રિભુવનભાઈ આશાવાદી શિક્ષક હતા. માત્ર સાત ધોરણ પાસ થયેલા હોવા છતાં નિરીક્ષક કે તેથીયે ઊંચેરા પદે પહોંચે છે. દલખાણિયામાં તેઓ ઈ.સ. ૧૯૦૬માં ૧૮ વર્ષની ઉંમરે ગયા. સંસારની દોડધામથી કપાઈ ગયેલું આ દલખાણિયા ગામ પચરંગી વસ્તીવાળું ખોબા જેવડું હતું. પણ તેની પાસે નિસર્ગસૃષ્ટિ બહોળી હતી. બાળકો વહેલામાં વહેલા આવતાં અને મોડામાં મોડા જતાં. આથી સ્વેચ્છાપૂર્વક દસ કલાક સુધી શાળા ચલાવી. ઈ.સ. ૧૯૦૬માં ગાયકવાડ સરકારે પોતાની હકૂમતના વિસ્તારમાં પ્રાથમિક શિક્ષણ ફરજિયાત કરેલું હતું અને તે અંગેનો કાયદો તે વર્ષના ઓગસ્ટની પહેલી તારીખથી અમલમાં આવ્યો હતો. ગાયકવાડી રાજયના છથી બાર વર્ષનાં તમામ બાળકો માટે શિક્ષણ ફરજિયાત બનતાં સંખ્યાબંધ નવી શાળાઓ ખોલવાની આવશ્યકતા ઊભી થઈ. તે પૈકી નવી શાળા ગીરના જંગલમાં પ્રવેશદ્વાર સમા ગામ દલખાણિયામાં શરૂ કરવાનું થતાં તે શાળાના મહેતાજી તરીકે ત્રિભુવનભાઈની નિમણૂંક થઈ હતી.

તે જમાનામાં કેળવણીનો વ્યાપ ઓછો હતો. માત્ર છ ધોરણનો અભ્યાસ પૂરો કરનાર ઉમેદવાર પણ શિક્ષકની નોકરી મેળવવા માટે લાયક ગણાતો. ત્રિભુવનભાઈએ રાજકોટની ટ્રેનિંગ કૉલેજની પ્રાવેશિક પરીક્ષા પસાર કરેલી હતી. પણ તાલીમ લીધી ન હતી. આમ છતાં શ્રદ્ધા, દૃષ્ટિ અને હૈયા ઉકેલતથી નવી શાળામાં નોકરીની શરૂઆત કરી. શિક્ષણ દ્વારા સદ્ગુણોનો વિકાસ કરવાના ધ્યેય સાથે ધૂડી નિશાળમાં જોડાયા. બાળકો માટે નવી સ્તુતિઓ વગેરે લખાવા સાથે કવિતા લખવાની વૃત્તિ પણ જાગે છે. કેળવણી અને કવિત્વનો અદ્ભુત સમન્વય સધાય છે. શિક્ષણને સમૃદ્ધ અને જીવનલક્ષી બનાવવા માટે તેમનામાં કવિત્વનો આવિષ્કાર થાય છે. તેઓ 'આવર્તન' કાવ્યસંગ્રહથી જાણીતા છે. તેમનું   દય પ્રકૃતિપ્રેમી હતું અને આત્મા શિક્ષકનો હતો.

આત્મકથામાં આલેખાયેલ કેટલાક પ્રસંગ તત્કાલીન સ્થિતિનો ચિતાર આપે છે. પરિશિષ્ટમાં મૂકેલો કિસ્સો પણ આજના સંદર્ભે મહત્વનો છે :

ફરજિયાત કેળવણીને કારણે અજ્ઞાન વર્ગનાં બાળકોને હાજર રાખવા દંડ પણ થવા માંડ્યો. દંડનો નિર્ણય શાળાના હાજરીપત્રકને આધારે થતો. તેના પરથી દંડપત્રક થતું. દંડની ભીતિને કારણે લોકોને શિક્ષકવર્ગની ગરજ પડવા માંડી. શિક્ષક કંઈક સત્તાધીશ જેવો દેખાવા લાગ્યો હતો. કેટલાક કુટિલ અને સ્વાર્થી શિક્ષકો ગરજનો લાભ પણ લેતા. મોસમ ટાણે ખેડૂત બાળકોને શાળામાં જતા રોકે. દંડની બીકે તેને શિક્ષકની ગરજ કરવી પડે. એકાદ અઠવાડિયાની રજા માટે પાંચ-પાંચ રૂપિયા મુઠ્ઠીમાં લઈને આપવા આવનાર પણ હતા. (પૃ. ૨૧-૨૨)

જર્મનીના શહેનશાહ વિલિયમ કૈસરે જર્મન પ્રજાને ઊંચી લાવવા માટે વિચારણા આદરી. તેને અંતિમ ઉપાય કેળવણીમાં જ દેખાયો. પરંતુ જ્યારે કેળવણીના વાહકોનો ખ્યાલ કર્યો, ત્યારે તો તેને ઢીલો પોચો, માનહીન અને દુર્બળ મનનો શિક્ષકવર્ગ નજરે પડ્યો. કૈસરને થયું કે આવા સામાજિક પ્રતિષ્ઠા વગરના વર્ગથી પ્રજામાં તેજ શી રીતે લાવી શકાશે ? કૈસરની સત્તા, મહત્તા અને તેજસ્વિતા એ સમયે એટલી પ્રચંડ હતી, કે તેની મુલાકાત મોટા

(અનુસંધાન પૃષ્ઠ ૪૨ ઉપર)

# કસ્તૂરી : પ્રકૃતિ શિક્ષણ

**હેતલબેન ડી. શાસ્ત્રી**
**આચાર્યા, જે.એન. બાલિકા વિદ્યાલય, સરસપુર.**

સંસ્કૃતમાં પ્રકૃતિ એટલે 'પ્ર + કૃતિ' એટલે પ્રમુખ - મુખ્ય અને 'કૃતિ' એટલે સર્જન. પ્રકૃતિનું સર્જન પંચતત્વો ધરતી, પાણી, આકાશ, અગ્નિ અને હવાથી થયેલું છે. પ્રાણી સર્જન પણ પંચતત્વો પર આધીન છે. આપની અંદર જ પ્રકૃતિ અને પ્રકૃતિની અંદર આપણે છીએ. પ્રકૃતિના આપની સાથેના જોડાણમાં તે જવાબદાર, રક્ષણાત્મક, પાલન-પોષણ કરનાર, સંતુલિત, ઉત્કૃષ્ટ, ઉદાર, નિષ્ઠાવાન, સમપૈતૃક ભાવવાળી અનુભવાય છે. પ્રકૃતિ અનંત-શાશ્વત છે મનુષ્યની ધારણાઓથી પર છે. પ્રકૃતિ જ્ઞાનાત્મક, નૈતિક, મનોવૈજ્ઞાનિક, ભાવાત્મક, ભૌતિક એવા સાતત્યના બધા જ પાસાઓને સ્પર્શે છે. પ્રાણીમાત્ર માટે પ્રકૃતિ માતાની ગરજ સારે છે. આપણા વેદો, ઉપનિષદોમાં પ્રકૃતિની મહિમાનું વર્ણન કરવામાં આવ્યું છે. આપણા અસ્તિત્વનો આધાર પ્રકૃતિ છે. પ્રાણીમાત્રના અસ્તિત્વના પ્રકૃતિને જાણવી, માણવી અને જાળવવી મનુષ્યની પ્રથમ ફરજ છે.

માનવી સિવાયના અન્ય પ્રાણીજગતના બચ્ચાઓ ધરતી પર જન્મતાની સાથે જ પ્રકૃતિ સાથે જોડાઈ જાય છે. પ્રકૃતિ સાથે તેનો અતૂટ સંબંધ બંધાઈ જાય છે. જ્યારે માનવી સાથે આ પ્રકૃતિ - જોડાણ સહજતાથી થતું નથી. માનવ બચ્ચાં પર માનવ સમાજે રચેલી પોતાની કૃત્રિમ સંસ્કૃતિનો વિશેષ પ્રભાવ પડે છે. જે અન્ય પ્રાણી સમુદાય કરતાં વધુ સંરક્ષણવાદી હોવાથી પ્રકૃતિ સાથેના તાદાત્મ્યથી વંચિત રહે છે. શહેરી વસવાટ અને ગ્રામ્ય વસવાટમાં બાળક પોતાની જાતને સહેલાઈથી પ્રકૃતિ સાથે જોડી શકે છે. શહેરી વસવાટમાં પણ આમ બનતું નથી. શહેરી વિસ્તારો આધુનિકતાનાં નામે પ્રકૃતિ સાથેનો છેડો તોડવા માટે વિહ્વળ બનતી લાગે છે. 'જો જે માટીમાં ગંદો ના થતો', 'કપડાં ના બગડવા જોઈએ', 'પાણીમાં છબછબિયા ના કરાય', 'વરસાદમાં પલળી ના જવાય', 'ઝાડ પર ના ચડાય', 'પ્રાણીઓના બચ્ચાઓથી દૂર રહેજો !' વગેરે જેવી અનેક સંરક્ષણવાદી બાબતો બાળકને પ્રકૃતિના જોડાણથી દૂર રાખે છે. ખળખળ વહેતા ઝરણાનું મધુર ગાન, ધોધરૂપે પડતા પાણીનો પથ્થર સાથેનો અથડામણનો પ્રચંડ અવાજ. પવનથી ડોલતા ઝાડ-પાનનો ધ્વનિ, ખેતરોમાં લહેરાતો મોલ, પંખીઓના મધુર કલરવ, પંખીઓના માળા... પ્રકૃતિનો લ્હાવો માણવો શહેરનાં બાળકો માટે દુર્લભ બનતા જાય છે.

માનવ જીવનના ત્રણ તબક્કા બાળપણ, યુવાની અને વૃદ્ધાવસ્થા. આ તબક્કા પૈકી બાળપણમાં પ્રકૃતિ-જોડાણનાં મૂલ્યનું સિંચન કરવામાં આવે તો, માનવીના બાકીના તબક્કાને અર્થપૂર્ણ બનાવી શકાય છે. બાળકનો ઉછેર, તંદુરસ્ત, ડહાપણભર્યો, શાંતિ અને આનંદદાયક બનાવવો હશે તો તેનું પ્રકૃતિ સાથેનું જોડાણ કરાવવું પડશે. આ જોડાણ કરાવવા માતાપિતાએ, શિક્ષકે, શૈક્ષણિક-બિનશૈક્ષણિક સંસ્થાઓએ સભાનપણે પ્રયત્નો કરવા પડશે. પ્રકૃતિ સાથેનાં જોડાણની વિવિધ તકો ઊભી કરવી પડશે.

બાળકોનાં પ્રકૃતિ સાથેનાં જોડાણ માટે કોઈ ખાસ મહેનતની જરૂર નથી. બાળકને પ્રકૃતિના ખોળે રમવા દો, ધૂળમાં કપડાં ગંદા કરવા દો, બીજ કે નાના છોડ તેમના હાથમાં આપો અને તેને યોગ્ય જગ્યાએ રોપવાનું જણાવો. ખાડો ખોદવા દો, છોડ રોપવા દો, છોડની જરૂરિયાતો પૂરી કરવા જણાવો, અંકુરણ પામતા છોડને જોવા દો,

તેનું દરરોજ નિરીક્ષણ કરી વૃદ્ધિ પામતા જોવા દો, પાંદડાનો આકાર, ફૂલોનો રંગ-આકાર નીરખવા દો. ફુરસદના સમયમાં પક્ષીઓના ગાનને સાંભળવાનું જણાવો, વિવિધ ઝાડ, પંખીઓની સમજ આપો, તેમના આકારોને દોરવાનું જણાવો, યોગ્ય પુસ્તકો દ્વારા તેને માહિતી આપો, જંગલો, નદીઓ, ઝરણાં, પર્વતો, ગામમાં લહેરાતા પાકોની મુલાકાત લેવાનું આયોજન બનાવો. આપણી થાળીમાં આવતો ખોરાક કેવી રીતે, કેટલી મહેનતથી, ક્યાં ઊગે છે ? તેની સમજ તેને કેળવવામાં મદદરૂપ બનો. પ્રકૃતિના મૂળ સ્વરૂપની, તેના વિકાસની, જૈવ-વિઘટનની સમજ આપો. આપણા અસ્તિત્વની સાથે અન્ય સાથીજીવોના વૃદ્ધિ-વિકાસથી પરિચિત કરાવો, પ્રકૃતિ ફક્ત માનવીના ઉપભોગ માટે નથી પરંતુ સર્વ જીવો માટે છે, તેની પ્રતીતિ કરાવો. અબોલ જીવોને મદદરૂપ કેવી રીતે બની શકાય તેનો ખ્યાલ આપો, પશુ-પંખીઓનાં બચ્ચાઓનાં જન્મ, વૃદ્ધિ, વિકાસ કેવી રીતે થાય છે તે જોવાનો અનુભવ પૂરો પાડો. ફૂલોને જોઈને તેને ચૂંટતા બાળકોને તેનું વનસ્પતિક મૂલ્ય સમજાવો, પ્રકૃતિમાં ક્યારેય કશું નકામું હોતું નથી તેની પ્રતીતિ કરાવો, બાળક પ્રકૃતિ સાથે ધીમે-ધીમે તાદાત્મ્ય અનુભવશે. પ્રકૃતિના સાદને, ગીતને સાંભળી શકશે, તે જોશે કે પ્રકૃતિમાં કોઈ જગ્યાએ સ્પર્ધા, અસંતોષ કે હતાશા નથી. પ્રકૃતિ બધાની છે. પ્રકૃતિમાં કોઈ જગ્યાએ આત્મહત્યા નથી. પ્રકૃતિમાં કોઈ જગ્યાએ ઉતાવળ નથી. તે જોશે પ્રકૃતિ ધૈર્યવાન છે. બાળક માતાપિતાની જેમ પ્રકૃતિને પણ પોતાનો વાલી ગણતો થશે. આવી ઊંડાણપૂર્વકની સમજથી બાળકનું બાળપણ વધુ સમૃદ્ધ, સંવેદનાભર્યું, મુક્ત અને ઉદાર બનશે. આવા પ્રયત્નો બાળકને ભવિષ્યમાં સૂચક લાભદાયી પરિણામો તરફ લઈ જશે. જે દુનિયાને વધુ સારી બનાવવામાં પોતાનું યોગદાન આપશે.

આપણે આપણી આસપાસનાં બાળકોને જોઈએ છીએ કે, તેમની પાસે પ્રકૃતિ-જોડાણનો અનુભવ ખૂબ ઓછો છે, ન બરાબર છે. તેમની દિનચર્યા મોટેભાગે ટી.વી., મોબાઈલ, ઈયરપ્લગ જેવા આધુનિક ઉપકરણો સાથે વ્યતીત થાય છે. પરિણામે બાળકો કેટલીક શારીરિક અને માનસિક બિમારીઓના ભોગ બનતા જોવામાં આવી રહ્યા છે. ગુસ્સો, ભય, અસહિષ્ણુતા, અધીરાઈ જેવા નકારાત્મક આવેગોનું પ્રમાણ બાળકોમાં વધતું જોવા મળી રહ્યું છે.

બાળકોના પ્રકૃતિ સાથેના જોડાણથી ઘણા બધા હકારાત્મક ફાયદા જોવા મળશે. પ્રકૃતિને નુકસાન કરનારી બાબતોનો અસ્વીકાર કરવાની અને તે માટે જરૂરી કાર્યો કરવાની નેમ તેના વલણમાં સ્પષ્ટ બનશે. જન્મજાત પોતાના પ્રકૃતિ સાથેના જોડાણને શોધનારો બનશે. પર્યાવરણ વિકાસ, પ્રકૃતિને બચાવાની ઉત્તમ તકોનો તે ભાગીદાર બનશે. પ્રકૃતિમાં ઉછરતા અન્ય જીવોને પોતાના સાથીદાર માનશે અને તેમના અસ્તિત્વ માટેના પ્રયત્નોમાં ભાગીદાર બનશે. મદદરૂપ બનશે. જીવનના હતાશા, સંઘર્ષો, નિષ્ફળતાના દિવસોમાં પ્રકૃતિનું જોડાણ તેના માટે દવા બનશે. બાળકની પુખ્તાવસ્થાના તબક્કામાં અનુભવાની મુંઝવણો, મુશ્કેલીઓનો સામનો કરવાની તાકાત, વ્યવસ્થિત જોખમો લેવાની આવડત, પડકારો, વિવિધ શોધખોળોમાં પ્રકૃતિનું જોડાણ મદદરૂપ બનશે. પ્રકૃતિના વિવિધ વિષયોમાં અભ્યાસ કરી પોતાની કારકિર્દી આગળ ધપાવશે.

પ્રકૃતિ સાથે ઉછરેલ બાળક ભાગ્યે જ ગુનાહિત જીવન જીવશે. બાળકમાં સૌંદર્યશાસ્ત્રનો દૃષ્ટિકોણ વધુ વિસ્તૃત બનશે. જ્યારે પ્રકૃતિ અને સંસ્કૃતિ બંને બાળકના માર્ગદર્શન બનશે ત્યારે કલા, સંગીત, સાહિત્ય, ઈતિહાસ જેવા વિષયો વધુ અસરકારક રીતે અભિવ્યક્ત કરશે.

શિક્ષણમાં ગમે તેટલો બદલાવ આવે કે નવી નીતિઓ આવે, પ્રકૃતિ-જોડાણ જો મૂળભૂત વિચાર નહીં બને તો પ્રકૃતિના આપણે ગુનેગાર બનીશું અને આવનારી પેઢી આપણને ક્યારેય માફ નહીં કરે તે નિર્વિવાદ છે.

# શિક્ષણ : ગઈકાલ, આજ અને આવતીકાલ

- ડો. ધર્મેન્દ્ર પટેલ
એ-૯, રઘુકુળ બંગ્લોઝ, શ્રી રામજીમંદિર પાછળ, અયોધ્યાનગર સોસાયટીની પાસે, જકાતનાકા, નાનીકડી, તા. કડી, જિ. મહેસાણા. મો. ૯૭૧૪૩૯૭૮૨૮

આજે અભણ વ્યક્તિ પણ જેના પર વિસ્તારથી બોલી શકે તેવું ક્ષેત્ર એટલે શિક્ષણ. હા, આ વરવી વાસ્તવિકતા છે અને શિક્ષણની સચ્ચાઈ પણ છે અને સૌથી વધુ વપરાતું છતાં સૌથી વધુ ઓરમાયું ક્ષેત્ર એટલે પણ શિક્ષણ. વાતો અને વાસ્તવિકતા વચ્ચેની યોજનો લાં... બી ખાઈની પેલી પારનું ક્ષેત્ર એટલે શિક્ષણ. શિક્ષણ વિશે વાત કરવી હોય ત્યારે એને એક દષ્ટિએ જોવું યોગ્ય નથી. શિક્ષણની ગઈકાલ, આજ અને આવતીકાલ ને ધ્યાને રાખીને જ વાતને વધારે સારી રીતે કહી શકાય.

આપણે કોઈપણ પ્રકારના શિક્ષણને છેક વેદકાળથી જોવા માટે ટેવાયેલા છીએ અને વાત કરતાં આપણી છાતી ગજગજ ફૂલે છે. હા, અમુક વાતે ફૂલવી પણ જોઈએ. નિયમબદ્ધ અને મૂલ્યલક્ષી શિક્ષણ પ્રાચીન સમયની ઓળખ હતી. પ્રકૃતિ અને વ્યક્તિને જોડતું શિક્ષણ વાસ્તવમાં ખરી કેળવણી હતી. सा विद्या या विमुक्तये અને असतो मा सद्गमय। तमसो मा ज्योतिर्गमय। શિક્ષણનું ધ્યેય હતું. શિક્ષણ સાર્વજનિક નહોતું એ એકમાત્ર ખામી. પણ જે શીખવાતું એ સો ટચનું. શિક્ષક-ગુરુ સર્વોપરી હતા અને પોતાની રીતે, વિદ્યાર્થીની કક્ષા મુજબ શિક્ષણ અપાતું. એક સારો નાગરિક અને સારો મનુષ્ય તૈયાર કરવાનું ઉત્તમ કાર્ય થતું.

પછી સમય બદલાયો. શિક્ષણનો હેતુ પણ થોડો બદલાયો. વ્યાપ વધ્યો. વિષયો વધ્યા. સંસ્થાઓ વધી અને શાખાઓ પણ વધી. પણ માનવ કેન્દ્રમાં રહ્યો. વિદ્યા કેન્દ્રમાં રહી અને આ સમય પણ ખૂબ લાંબો ચાલ્યો. છેક અંગ્રેજ શાસન સુધી.

અંગ્રેજો આવ્યા. પરંપરાગત શિક્ષણમાં બદલાવ આવ્યો. જરૂરી સુધારો પણ થયો. ભારત સરહદ બહાર નીકળ્યું. અભ્યાસક્રમ તૈયાર કરવામાં આવ્યો અને સૌથી મહત્વનું કામ એ થયું કે શિક્ષણ સર્વજન માટે શકય બન્યું. અંગ્રેજોએ દેશમાં શિક્ષણ માટે કરેલા પ્રયાસોને બિરદાવવા ઘટે. જો કે આઝાદીની લડાઈનું એટલું મહત્વ હતું કે ગામની શાળા કેન્દ્રમાં ન રહી. ખૂબ ઓછા લોકો ભણ્યા. ખાસ તો અક્ષરજ્ઞાન મેળવ્યું.

અને પછી આપણું આઝાદી બાદનું સ્વદેશી શિક્ષણ આવ્યું. દેશની પહેલી સરકારે શિક્ષણને ખૂબ મહત્વ આપ્યું. છેક અંતરિયાળ વિસ્તારમાં શાળાઓ ખોલી. 'શિક્ષણ જ કલ્યાણ કરશે.' એવો નારો આપી જનતાને શાળા સુધી આવતી કરી. બહુ નહીં તો પણ પાયાનું જ્ઞાન તો આપતું જ હતું. જે લોકોએ પાયાનું શિક્ષણ મેળવી આગળ અભ્યાસ ચાલુ રાખ્યો તે વિકસ્યા. દેશના વિકાસમાં એમનો ફાળો છે. એમણે સંશોધનો કર્યા અને એમણે જ દેશવિકાસનો સાચો રોડમેપ તૈયાર કર્યો. પરિણામે દેશને સારા લેખકો, ઉમદા વૈજ્ઞાનિકો, ઉત્તમ વિચારકો અને પ્રામાણિક પત્રકારો મળ્યા. શિક્ષણને યોજનાઓ આપી. એના પર નક્કર કામ કર્યું. શાળાઓને સ્વતંત્રતા આપી. શિક્ષકોને સ્વતંત્રતા આપી અને એનું પરિણામ એ આવ્યું કે શિક્ષકોએ સજ્જન નાગરિકો તૈયાર કર્યા. ગામને બાંધી રાખ્યું. સંપ જાળવી રાખ્યો. શાળા ગામનું નાક બની રહી. શિક્ષક પૂજનીય અને વંદનીય હતો. એનું માનસન્માન જળવાતું. પગાર કરતાં પ્રતિષ્ઠા વધુ મળતી. સમાજ સુરક્ષિત અને સંવેદનાસભર હતો. અહીં, બુદ્ધિ નહિ, કરુણા કેન્દ્રમાં હતી.

શિક્ષણની ગઈકાલ હાઈફાઈ નહોતી, પણ હરીભરી તો હતી જ. સાધનો ટાંચા હતા, પણ પ્રયત્નો સાચા હતા. પ્રામાણિક સરકાર હતી અને પ્રામાણિક નિયત હતી. પ્રામાણિક પદ્ધતિ હતી અને પ્રામાણિક પાલન હતું. જે હતું તે શુદ્ધ હતું. શિક્ષણમાં મેલીમુરાદે પ્રવેશ કર્યો નહોતો.

શિક્ષણમાં વેપાર નહોતો.

શિક્ષણની આજ એટલે સૌથી ગંદી અને ભૂંડી. શિક્ષણનાં કેન્દ્રમાંથી વિદ્યાર્થી નીકળી ગયો, શિક્ષક નીકળી ગયો અને શિક્ષણ પણ નીકળી ગયું. વેપાર અને વેપારીઓ આવી ગયા. શાળાઓ સરકારના પ્રચારનું સાધન બની ગઈ. શિક્ષક ગુરુમાંથી 'સહાયક' બની ગયો. આચાર્ય આંકડા ભર્યા કરતો ક્લાર્ક બની ગયો. પુસ્તકો માહિતી ભરેલાં થોથાં બની ગયાં. શાળાનું ભાવાવરણ પરિપત્રના પર્યાવરણમાં ક્લુષિત થઈ ગયું. શાળા કોઈ જીવ વિનાના શરીર જેવી નિષ્પ્રાણ બની ગઈ. સવાર પડેને બદલાતા નિયમોએ શાળાની નૈતિકતા મારી નાંખી. શિક્ષકોનું મૂલ્યાંકન પગાર આધારિત થઈ ગયું. શાળા પરિણામ આધારિત બની ગઈ. અને સૌથી વધુ ખરાબ તો એ બન્યું કે શિક્ષકોની નૈતિકતાનું સ્તર ઘટ્યું છે. પગારદાર બની ગયેલો શિક્ષક શિક્ષણને વ્યવસાય સમજે છે અને શાળાને વ્યવસાયસ્થળ. અંગૂઠા અને તર્જનીની ભાષા વધી છે. સરકાર શિક્ષણ પ્રત્યે જરાય ગંભીર નથી. એમાંય વર્તમાનમાં તો શાળા માત્ર અને માત્ર મકાન છે. શિક્ષકો માત્ર અને માત્ર રોજમદાર છે અને શિક્ષણની કચેરીઓ માત્ર અને માત્ર આંકડા ભરેલા ગોદામો છે. શિક્ષક દીન, હીન અને લાચાર છે. સાચો શિક્ષક મૂંઝાય છે. એ થાકી ગયો છે અને છેવટે કાં તો તે નિષ્ક્રિય બની જાય છે કાં તો મંગુની નાતમાં વટલાઈ જાય છે. કેળવણીની વાતો કરી વેપાર કરતાં, ઉદરનિર્વાહ કરતાં કે સરકારી પુરસ્કારો મેળવતાં કેળવણીકારો હરફ સુધ્ધાં ઉચ્ચારતા નથી. શિક્ષણનાં ગળાં પર ભીંસ રોજ રોજ વધતી જાય છે. પરીક્ષા જ એકમાત્ર લક્ષ્ય છે. પરિણામ શાળાને ઓળખ આપે છે. પરિણામનો પ્રચાર થાય છે, અને એ વિદ્યાર્થીઓની (કે ગ્રાહકોની) સંખ્યા વધારે છે. સરકારી શાળા સરકારે જ આયોજનપૂર્વક કે ષડયંત્રથી બંધ કરવા ધાર્યુ છે.ખાનગી શાળાઓને પ્રોત્સાહન આપવામાં આવે છે. પરિણામ એ આવ્યું છે કે ગામડાઓમાં સરકારી શાળા માંડ માંડ જીવી રહી છે. કદાચ વધુમાં વધુ એકાદ દાયકો જીવે. તૂટતાં ગામડાં સાથે શાળાઓ બંધ પણ થઈ રહી છે. શહેર અને ગામડાની શાળાને એક લાકડીએ હાંકવાનો સિલસિલો અવિરત ચાલુ જ છે. એમાંય કોરોના આવ્યો. શિક્ષણ બચવાની રહી સહી આશા પણ પડી ભાંગી. ભણ્યા વિનાના વિદ્યાર્થીઓ માસ પ્રમોશન લઈ આગળ વધી ગયાં. હવે, આવનારા સમયમાં આવા નહીં ભણેલાં વિદ્યાર્થીઓ જાહેર સમાજમાં આવશે ત્યારે શું પરિસ્થિતિ થશે ! બહુ સ્પષ્ટ કહીએ તો, છેલ્લા બે અઢી દાયકા શિક્ષણની દુર્દશાનો વરવો કપરો કાળ છે. શિક્ષણ એના પાટા પરથી ઊતરી ગયું છે અને એની કોઈ દિશા પણ નથી.

શિક્ષણની આવતીકાલ આજ પર નિર્ભર છે. આજનો પાયો કાચો છે તો મજબૂત ઈમારત ઊભી થવાની કોઈ શક્યતા નથી. આજે શિક્ષણનું સ્તર નીચું ગયું છે કારણ કે શિક્ષકોનું સ્તર નીચું ગયું છે. ડિગ્રીધારી વ્યક્તિ સારો શિક્ષક હોય જ એ બહુ મોટો ભ્રમ છે. આજે શાળા, કૉલેજમાં બહુ ઊંચા ડિગ્રીધારી મેરિટમેન છે, પણ નખશિખ આદર્શવાદી શિક્ષક ક્યાં છે ?

શિક્ષણનું ધ્યેય માત્ર રોજગારી પૂરતું બની ગયું હોવાથી માર્કશીટ શણગારવાનું જ કામ થશે. શાળા પ્રમાણપત્ર આપતી ફેક્ટરી બની રહેશે. માણસ હાલતો ચાલતો રોબોટ બની જાય તો કોઈ નવાઈ નહીં ! શિક્ષણમાં ઓનલાઇન... ઓનલાઇન રમત શરૂ થઈ છે. વેપારીઓએ વિવિધ માધ્યમો દ્વારા શાળાનાં વર્ગખંડમાં પ્રવેશ કર્યો છે. માત્ર પગારદાર બની રહેલો અને નહીં સુધરવા મન બનાવી ચૂકેલો શિક્ષક ખૂણામાં ધકેલાઈ ગયો હશે. શક્ય છે કે રોબોટ ભણાવતો હશે. એક રોબોટ બધાં વિષયો ભણાવશે. સરકારનો ખર્ચ બચશે. શિક્ષણ વધારે માહિતીસભર બનશે. વર્ગમાં આખી દુનિયાના દર્શન થશે. પણ એમાં લાગણી નહીં હોય. સંવેદના નહીં હોય. લાગણી વિનાનું, સંવેદના વિનાનું શિક્ષણ શિક્ષણ કેવી રીતે કહી શકાય?

જો આજ નહીં સુધરે તો આવતીકાલ પાસે કેવી રીતે આશા રાખીએ ? આજને સુધારવા સરકારે માત્ર શિક્ષણનું હિત જોઈ નીતિઓ ઘડવી પડશે. પરિપત્રો અને તાયફાઓ


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

બંધ કરવા પડશે. શાળાઓને સ્વાતંત્રતા આપવી પડશે. શિક્ષકોને વધારે સજ્જ કરવા પડશે. એનું મૂલ્યાંકન કરી એને કામગીરીમાં રાખવા કે મુક્ત કરવા બાબતે નીડર નિર્ણય લેવો પડશે. માત્ર વ્યવસાયી શિક્ષકોને, કે જે માત્ર શાળાના ઘંટને વફાદાર છે તેમને ફરજિયાત નિવૃત્ત કરી દેવા પડશે. શિક્ષકોએ નીતિવાન બનવું પડશે. પગાર માટે નહીં, પ્રતિષ્ઠા માટે વિચારતાં થવું પડશે. સમાજના નવનિર્માણ માટે અને માનવતાના ધર્મને ટકાવી રાખવાના શિક્ષણનો વ્યાપ વધારવો પડશે. સંશોધનાત્મક શિક્ષણ પર વિશેષ ભાર મૂકવો પડશે. શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચે સ્નેહસંબંધ પુનઃ સ્થાપિત કરવો પડશે. કાગળિયે કહોર બંધ કરવો પડશે. અભ્યાસક્રમ, પદ્ધતિ, આયોજન અને પરીક્ષા વિશે નવેસરથી ગંભીરતાપૂર્વક વિચારવું પડશે. શિક્ષકે જીવંત, વિકાસશીલ અને જ્ઞાનસાધક બનવું પડશે. પુસ્તકાલયોને શાળાનો પ્રાણ બનાવવો પડશે. રમતના સૂના પડેલાં મેદાનો પુનર્જીવિત કરવા પડશે. પ્રયોગશાળાના કબાટમાં બંધ સાધનો બહાર કાઢવા પડશે. પ્રજાએ સ્વયંભૂ બહાર આવવું પડશે. શિક્ષણમાં બિનજરૂરી ચંચૂપાત બંધ કરાવવો પડશે. શિક્ષકની પણ સમયાંતરે ચકાસણી કરવી પડશે.એના વિષયની અને એની શિક્ષણ સૂઝની પરીક્ષા લેવી પડશે. એના કામના આધારે વેતન નક્કી કરવું પડશે. બિન રાજકીય વિદ્વાન તજજ્ઞોની ટીમ બનાવી શિક્ષણ એમને સોંપી દેવું પડશે.

ટૂંકમાં, શિક્ષણની ગઈકાલ આજના સંદર્ભે ઊજળી હતી. અને આવતીકાલ આજના કાળાડિબાંગ વાદળો પાછળની સવાર જેવી છે. વાદળો હટે તો અજવાળું થાય.

**રેપિડ ફાયર**

‘ભાડભૂંજા અનાજની ધાણી કરવા ધાનને ભૂંજી નાખે છે, તે ધાન ખાવા જેવું ઉપયોગી અને ફૂલ જેવું હોઈ દેખાવમાં સુંદર લાગે છે, પણ તેવા શેકેલા અનાજમાં અંકુર બળી ગયા હોય છે. તે ફરી ઉગવા અસમર્થ હોય છે. શિક્ષણશાસ્ત્રીઓ અને આપણો સમાજ આજે ભાડભૂંજાનું કાર્ય કરી રહ્યા છે.’ - **કરુણાશંકર ભટ્ટ**

# આવો, ચાલો બાળકો

**ભારતસિંહ ઠાકોર ‘સરલ’**
ચોરસા, વિરપુર, મહીસાગર

*આપણે નિશાળ નિશાળ રમીએ,*
*આવો, ચાલો બાળકો*
*આપણે પાદરે નિશાળ બનાવીએ.!*
*આવો, ચાલો બાળકો*
*તળાવ કાંઠે સુંદર નિશાળ બાંધીએ.!*
*નવા નવા એમાં ફૂલ છોડ વાવીએ,*
*સુંદર મજાના નાના ક્યારા બનાવીએ.,*
*આવો, ચાલો બાળકો*
*આપણે એમાં પાણી રે સિંચીએ.!*
*કેવું ખીલ્યું છે ગુલાબ કાંટાની વચમાં,*
*એવી રીતે રહીએ એકબીજાના ટચમાં..*
*આવો, ચાલો બાળકો*
*આપણે ભણવા ગણવા રે જઈએ.!*
*ચી ચી કરતી ચકલી રે આવતી,*
*કબર આવીને કલબલ રે કરતી.*
*આવો, ચાલો બાળકો*
*આપણે ગીત મધુરા રે ગાઈએ.!*
*મોર આવીને કળા રે શીખવતો,*
*કીડી બેન તો દાણા રે ગણતા.*
*આવો, ચાલો બાળકો*
*આપણે ગણતા દોરતા રે શીખીએ.!*
*પશુ પંખીની જેમ ઉડતા રે શીખીએ,*
*પ્રાણીઓની જેમ સંપથી રહેતા રે શીખીએ.*
*આવો, ચાલો બાળકો*
*આપણે ભણવા ગણવા રે જઈએ.!*
*પ્રકૃત્તિનું જ્ઞાન રે આપણે મેળવીએ,*
*જીવનની મોજ મજા રે માણીએ!,*
*આવો, ચાલો બાળકો*
*આપણે નિશાળ નિશાળ રમીએ!*

# અનુભવજન્ય શિક્ષણ અને એક શાળા !

રાકેશ નવા નદીસર
શાળાનો વોટ્સેપ નંબર : ૭૦૪૩૭૧૮૮૭૫

**● 'સ્વ'ને સવાલ :**

વર્ષોથી આપણે શાળા અંગે એક ચોક્કસ પ્રકારના માળખામાં ધરબાઈ ગયેલા છીએ. ચાર દીવાલો, કતારમાં બેઠેલાં બાળકો, આગળ ટેબલ, તેની પર ચોપડીઓ, એક ડસ્ટર અને વિખરાયેલા ચોક. ટેબલની પાછળ મુકાયેલી ખુરશીમાં બેઠેલો શિક્ષક. અને તેની પાછળ એક કાળું પાટિયું ! આવા, કેટલાક ઓરડાઓમાં રોજ 'બાળકો' શિક્ષણ મેળવવા આવે છે. આ સ્થિતિમાં બે સવાલ હતા : બાળકો શીખે છે શું ? અને બાળકો શીખે છે શું કામ ? મોટાભાગે આપણે બાળકોને સપના બતાવીએ છીએ કે આજે ભણો તો આવતીકાલે સુખી થશો ! એનો અર્થ એવો પણ થાય ને કે કાલે સુખી થવા આજે દુખી થાઓ !

વ્યક્તિ પાસેથી બચપણના દિવસો અને કિશોરવસ્થા લઈ લઈએ છીએ, એ વ્યક્તિ આપણી આ વ્યવસ્થા પાસેથી એક વ્યવસ્થાના અનુભવ સિવાય પ્રાપ્ત શું કરે છે? અને એમાંથી જ ઉદભવ્યો 'મસ્તી કી પાઠશાલા'નો વિચાર !

આ પ્રકારની શાળા તરફ અમારી ગતિ ક્યારથી શરૂ થઈ તે કોઈ તારીખથી કહી શકાય એમ નથી – પણ હા, ૧૯૯૮માં શરૂ થયેલા પચરંગી અનુભવોએ શીખવ્યું કે જુદા જુદા વિસ્તારોમાંથી સ્થળાંતર કરીને આવેલા જુદી જુદી સામાજિક માન્યતાઓ ધરાવતા લોકોનું શિક્ષણ કેવી રીતે થઈ શકે.

**કાર્ય અને શીખવું :**

શરૂઆતમાં જરૂરિયાત હતી, જીવન અને શિક્ષણ બંને અલગ અલગ નહિ પણ એક વાત છે તે સમજાવવાની. જેમ કે શાળામાં આવતા બાળકો અક્ષરજ્ઞાન મેળવે અને પછી તેઓ પોતાના ઘેટાં બકરાંની કાળજી લેવાના ગુણ ગુમાવી દે તો તેઓએ પિત્તળના ભાવે સોનું વેચી માર્યા જેવો ઘાટ થાય. આખરે આપણા પુસ્તકો એ કોઈકના અનુભવો છે. તો એ કોઈકના અનુભવોના લખાણ માટે આપણા અનુભવોની બલી તો ન જ ચડાવાય.

અમારા વર્ગો શરૂ થયા તેમના ઘેટાંબકરાં વચ્ચે. તેઓ ત્યાં જ સમજે કે આ બધાની કાળજી લેવા માટે શું કરાય છે ? તેમની કાળજી ના લઈએ તો શું નુકસાન થાય ? કેવા પ્રકારની વનસ્પતિ કઈ ઋતુમાં તેમને આપવી ? અમુક બિમારી આવતા તે પ્રાણીને શું ખવડાવવું પડે ? આ સવાલોના જવાબોમાં જ તેમને છોડ, ક્ષુપ,વેલા જેવા પુસ્તકના શબ્દો જોડી દઈએ એટલે અમારું શીખવવાનું કામ થઈ જતું. ગામમાં જ સુથારીકામ અને કડિયાકામ કરતા વ્યક્તિઓ અમારા શિક્ષક થતા. અમારા વર્ગખંડમાં ઈંટ આવે પણ ખરી અને અમે ઈંટો વચ્ચે જઈએ એવું પણ બને. અમારા માટે ક્યારા કરવા, ખાડા ખોદવા, લોન કટિંગ કરવી, પક્ષીઓની કાળજી લેવી, ચબૂતરો સાફ કરવો, ગામમાં જઈ દાણા લાવવા જેવા 'કામ' અમારામાં જીવન ઉમેરવાની ઘટનાઓ છે.

**લોકશાહીમાં ચર્ચા :**

લોકોનો મત લેવો અને બહુમતી શું કહે છે તે સમયાંતરે જાણવું એ જ લોકશાહી નથી. જો એમ જ હોત તો એ વ્યવસ્થા અંગ્રેજો પાસેથી આઝાદી મેળવ્યા વગર પણ થઈ શકી હોત. લોકશાહીનું સૌથી અગત્યનું પાસું છે : ચર્ચા અને તેના દ્વારા સૌને ન્યાય મળે એવી જીવનરીતિ !

જુદા જુદા વિસ્તારોમાંથી આવીને વસેલા લોકો : જાણે કે ભારતની વિવિધતાનો નાનકડો એકમ હોય એવું ગામ. બાળકો સમૂહમાં શાળામાં જ હોય બાકી ઘરે જઈ


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

દરેકનો જુદો જુદો ચોકો અને દરેકને પોતપોતાનું જુદું જુદું કામ. આ બધાને "દેશ શું છે?" હું માત્ર અહીં વસુ છું, પણ અમે પણ આ દેશના નાગરિક છીએ એવી વ્યવસ્થા કેવી રીતે સમજાવવી ? અને જો બોલીને સમજાવી પણ દઈએ તો તેઓ તે સમજ્યા એ આચરણમાં ક્યારેય મૂકશે કે કેમ એ પ્રશ્ન હતો ? લોકશાહીમાં ચર્ચાનું મહત્વ તેઓ ક્યારે સમજે ? લોકશાહી શબ્દ જ નહિ તેની વિભાવના અને જેના માટે થઈ ૧૯૪૭ પહેલા જોયેલા સ્વપ્ન અને સ્વરાજની આકૃતિની ઝાંખી તેમને કેવી રીતે થાય ? ભારતનું ભાવિ તેના વર્ગખંડોમાં ઘડાઈ રહ્યું છે ? શું એ વાક્ય જ છે કે તે મુજબ કાર્યપ્રણાલી વિકસાવી શકાય ? આ સવાલોએ અમને "નાગરિક ઘડતર" નામની પ્રવૃત્તિ આપી. જેમાં ધોરણ ત્રણથી આઠના તમામ બાળકોને જૂથમાં કાર્ય કરવાનો મોકો મળે છે. ધોરણ ત્રીજાથી આઠમા સુધીનાં બાળકોને સાત જૂથમાં વહેંચેલા છે. દરેક જૂથ લોકશાહી ઢબે પોતાના લીડરને ચૂંટે છે. લીડર કુમાર હોય તો એક કન્યા ઉપલીડર તરીકે વર્તે છે. બંનેની આગેવાની હેઠળ આખું જૂથ એક ટીમ તરીકે પોતાને ફળવાયેલ કામગીરીમાં જોડાય છે. એક પખવાડિયા બાદ બાળસંસદની બેઠક થાય છે, કયા જૂથે કેવી કામગીરી કરી એટલે કે બાળકો દ્વારા કામગીરીની ખામીઓ અને ખૂબીઓની ચર્ચા થાય છે અને અંતે તે પખવાડિયાના શ્રેષ્ઠ જૂથ માટે મતદાન થાય છે. પછીથી જે તે જૂથોની કામગીરીનો વિભાગ બદલાઈ જાય છે.

(આ પ્રવૃત્તિ વિશે શાળાના બ્લોગ https://nvndsr.blogspot.com/ અને https://www.facebook.com/navanadisar પર પણ જોઈ જશો.

આમાં કાર્ય થાય તે કરતાં વધુ અગત્યની બાબત તે અંગે શાળામાં સતત થતી રહેતી ચર્ચા છે. દરેક જૂથની કામગીરી સંવિધાનની જેમ સોંપાય છે. જે જૂથને કામગીરી મળે તે એ સમજી કાર્ય કરે છે. અને શાળાના અન્ય બાળકો તેને રિવ્યુ કરી શકે . દરરોજ થતી સંધ્યા સભામાં તે અંગે તેમની ફરિયાદ અને ટીકા ટિપ્પણી કરી શકે છે. અહીં તેમને બંને બાબતો : તેમની 'જવાબદારી' અને 'હક' માટે જાગૃત કરવાનો પ્રયાસ થાય છે. તેઓ જાતે જ સમજે છે કે દેશનું સંચાલન કેવી રીતે થાય છે. તેઓ સમજે છે કે જો આપણા પૈકી કોઈ એક પણ પોતાની ફરજ યોગ્ય રીતે ના બજાવે તો તે આપણા સૌની સામૂહિક સમસ્યા બને છે. તેઓ શીખે છે કે સમર્થ શાળા બનવા માટે જેમ દરેકે જોડાઈ ને કામ કરવું પડે છે તેમ જ દેશના તમામ નાગરિકોએ પણ એ જ રીતે જોડાઈ ને જ કામ કરવાથી રાષ્ટ્ર નિર્માણ થઈ શકે.

**ગામ અને શાળા :**

ગામડું માત્ર કાચું ઉત્પાદન કરે અને શહેર તેની પર બીજી પ્રક્રિયા કરી ઉપયોગ કરે. એ માત્ર ખાદ્ય પદાર્થો જ નહિ માણસો પર પણ લાગુ પાડી શકાય એમ છે. શિક્ષણ મેળવ્યા બાદ તેમના પગ અહીંની જ ધરતી સાથે જોડાયેલા રહે અને તે એના માતા-પિતા પ્રત્યે હીનતાની નજરે ના જુએ અને પોતાના ગામ માટે તેને ગૌરવ રહે તે જરૂરી હતું. આ કાર્યમાં અમારું ગામ જ અમારું શિક્ષક બન્યું.

જેમ કે ભાષા અંતર્ગત તેમને તેમની માતા/દાદી પાસેથી લગ્નગીતો સાંભળી લખી લાવવા કહેવું.

- તેમના દાદા પાસેથી લોક ભજન કે જે ક્યાંય છપાયા ના હોય તે લખવા અને શાળામાં ગાવા માટે કહેવું.
- ગામનો ઈતિહાસ ગામના વડીલો જ કહે તેવું આયોજન.
- નફો-ખોટ-સરવાળા-બાદબાકી ગુણાકાર માટે ગામમાં જઈ વિવિધ વસ્તુઓના ભાવ પૂછી લાવવા અને તેના આધારે વર્ગમાં જુદી જુદી ગાણિતિક પ્રક્રિયાઓ કરાવવી.
- સ્થાનિક વાતાવરણને લગતા પ્રોજેક્ટ વર્ક, રૂબરૂ મુલાકાત જેથી સ્થાનિક વાતાવરણની સમજ મેળવી શકે અને પોતાના ગામનાં વ્યવસાય- વ્યક્તિઓ વિશે જાણે.

- સ્વચ્છતાની ટેવ સ્વભાવગત થતાં વિદ્યાર્થીઓ સ્વચ્છતાની સુટેવ ઘર અને ગામ સુધી લઈ ગયા છે. અમારા બાળકોની એક રેલી અને ગામની વચ્ચે અમારા નાનકડા ગાંધીએ કરેલા પ્રવચનની અસરથી ગામની દુકાનો આગળ પતરામાંથી બનાવેલી કચરાપેટીઓ મુકાઈ એ બાબત અમને હજુ પ્રોત્સાહિત કરે છે. આ જ વાત આગળ વધતા ગામના યુવાનો એ જાતે ગ્રામ સફાઈનું કાર્ય હાથ પર લીધું.
- એજ રીતે પર્યાવરણ માટે શાળાના કેમ્પસ અને ગામની વનસ્પતિઓને અવલોકન કરવાનો મોકો આપવો. તેમને તે ચર્ચા કરવા માટે પ્રેરે તે માટે "વનસ્પતિ દર્શાવતા કપડાં પહેરીને આવવું તેવા ગૃહકાર્ય પણ અપાય. આદિમાનવ વિષે જાણકારી જ નહિ. તેમના વિષે વાંચેલી વિગતોને સમજણમાં ફેરવો કે તે સતત શીખતો રહ્યો અને તે મુજબ સુવિધાઓ શોધતો ગયો એટલે આજે આપણી પાસે અગ્નિ અને ચક્ર જેવી બે મહાન શોધ ઉપલબ્ધ છે. તે માટે તેના જેવા ઓજારો બનાવો – શરત એ કે તે જે વસ્તુઓ વાપરતો એ જ વસ્તુઓ તમે વાપરી શકશો. તો વળી તે ગુફામાં ચિત્રો દોરતો તે કયા ચિત્રો દોરતો હશે ? તેવા ચિત્રો દોરો.
- શાળાના બગીચાની દેખરેખ અને કિચન ગાર્ડનમાં છોડ, વેલાના ઉછેરમાં ક્યાં ગણિત અને ક્યાં પર્યાવરણ છે તેની સમજ. જુદા જુદા ફળાઉ ઝાડ ઉછેરવામાં અને 'શો' માટેના ઝાડ ઉછેરવામાં શું ફરક છે તે તેઓ કામ કરતાં કરતાં શીખતા જાય છે. માટી સાથેની રમતો તેમને માટી સાથે જોડી રાખે છે.
- સામાજિક વિજ્ઞાનમાં ગોખણપટ્ટી અને માહિતીને બદલે તેમને ઈતિહાસની આજ પર અસરો સમજાવવા માટે ચર્ચાઓ થાય. જેમ કે રાજારામ મોહન રાય વિષે જણાવતા પહેલા – ગામના કુરિવાજોની યાદી બનાવી – અને હવે જો તેઓ તે દૂર કરવા માંગતા હોય તો એમને શું કરવું પડે – એની જૂથ ચર્ચા થાય તેના આધારે રાજા રામમોહન રાયે કરેલાં કાર્યો વિષે તેઓ સમજે.
- ટેકનોલોજીથી શાળાની પ્રવૃત્તિઓ ગામ સુધી અને સમાજના અન્ય લોકો સુધી સોશિયલ મીડિયાના માધ્યમથી પહોંચી. સાથે જ આ શાળા માટે અનેક શુભેચ્છકો અને સહાયકો મળ્યા.

**અસરો :**

- ગામના યુવાનો પોતે પગભર થઈ પોતાના રસ રુચિ મુજબના વ્યવસાયમાં જોડાઈ રહ્યા છે.
- તેમને સૌને હવે શીખવાની અને પરિશ્રમ કરી જીવન જીવવાની ધગશ જાગી છે.
- ગામના વિકાસ માટે તેઓ પરસ્પર સંવાદ કરી ઉકેલ શોધતા થયા છે.
- ધર્મ, જાતિ, જેવા વાડા તેઓએ તોડી નાખ્યા છે. તેઓ સૌ હવે નવા નદીસરના ગ્રામજન હોવાનું ગૌરવ મહેસૂસ કરે છે.
- ગામે 'ગ્રામોત્સવ' – ગામનો, ગામ વડે અને ગામ માટે ઊજવાતો એક ઉત્સવ ઊજવ્યો.
- ગામમાં થતી ચોરીઓ અટકી એટલું જ નહિ શાળામાંથી ચોરાયેલું લેપટોપ બાળકોની અને શાળાના શિક્ષકોની પીડા સામે ચોરી કરનારનું  દય પીગાળીને પાછું આવ્યું.
- આવી ઘટનાઓ દર્શાવે છે કે અનુભવ વડે અપાયેલું જ્ઞાન આપવું એ માત્ર જ્ઞાન ના રહેતા એ જીવનમાં પરિણમે છે.

**અંતે :**

ગાંધીજી 'સત્યના પ્રયોગો'માં કહે છે, 'હું તો પગલે પગલે જે જે વસ્તુઓને જોઉં તેના ત્યાજ્ય અને ગ્રાહ્ય એવા બે ભાગ પાડી લઉં અને જેને ગ્રાહ્ય વસ્તુ સમજું તે પ્રમાણે મારા આચારોને ઘડું.'

એવી જ રીતે જાતને ઘડતાં ઘડતાં શાળાનું ધ્યેય વાક્ય બન્યું : શ્રેષ્ઠ શાળા વડે શ્રેષ્ઠ સમાજ અને શ્રેષ્ઠ સમાજ વડે શ્રેષ્ઠ રાષ્ટ્રનું નિર્માણ !

# શાળામાં સ્થાપના દિવસની અનોખી ઉજવણી

**તોરલ આર. પટેલ**
પ્રિન્સિપાલ,
ઍમિટી સ્કૂલ (અંગ્રેજી માધ્યમ), ભરૂચ
મો. ૯૮૨૫૧૫૯૯૫૯

ઍમિટી સ્કૂલ, ભરૂચ સ્થાપનાનાં ૩૬ વર્ષ સફળતાપૂર્વક પૂર્ણ કરી તેના ૩૭મા સ્થાપના વર્ષમાં પ્રવેશ કરી ચૂકી છે. સામાન્ય રીતે કોઈપણ સ્થાપના દિવસ પ્રવચન, સાંસ્કૃતિક કાર્યક્રમ, સત્કાર સમારંભ, સમૂહભોજન જેવી પ્રવૃત્તિઓ કરી ઉજવણી કરવાનું ચલણ મોટાભાગે જોવા મળે છે. આધુનિક સમયમાં તો કેક કાપી કે નાચગાન જેવી આનંદપ્રત પ્રવૃત્તિઓ દ્વારા પણ સંસ્થાઓ સ્થાપના દિવસ ઊજવવાની પ્રથાએ હવે જોર પકડ્યું છે. આવા સમયમાં શાળાએ પોતાની ફિલસૂફીને અનુસરીને તા. ૧૨મી જૂન, ૨૦૨૨ના રોજ પોતાના ૩૬મા સ્થાપના દિવસની ઉજવણી અનોખી રીતે કરી. આ દિવસે શાળામાં ભરૂચના નાગરિકો માટે નિઃશુલ્ક મેડિકલ કૅમ્પનું આયોજન કરવામાં આવ્યું. મોટે ભાગે શહેરની ખ્યાતનામ હોસ્પિટલો, સામાજિક સંસ્થાઓ કે અગ્રગણ્ય ઔદ્યોગિક એકમો દ્વારા આવા મેડિકલ કૅમ્પનું આયોજન અવારનવાર થતું જ રહે છે, પરંતુ કોઈ શૈક્ષણિક સંસ્થા દ્વારા પોતાના જ વિદ્યાર્થીઓ થકી અને તે પણ કોઈ બાહ્ય સંસ્થાની મદદ વિના આવા નિઃશુલ્ક મેડિકલ કૅમ્પનું આયોજન કરવામાં આવ્યું હોય તેવું જવલ્લે જ જોવા મળે છે.

પોતાના નામ ઍમિટી (Amity) એટલે કે મૈત્રીના અર્થને કેન્દ્રમાં રાખી દર વર્ષે તેના સ્થાપના દિવસની ઉજવણી અનોખી રીતે કરવાની પદ્ધતિને સ્થાપના કાળથી અનુસરવામાં આવે છે. જેના ભાગરૂપે આ વર્ષે શાળામાંથી અભ્યાસ કરી ચૂક્યા હોય અને પોતાની કારકિર્દી તબીબી ક્ષેત્રે ધપાવી સમાજને પોતાની સેવાઓ આપી રહ્યા હોય તેવા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની મદદ દ્વારા નિઃશુલ્ક મેડિકલ કૅમ્પનું આયોજન કરવામાં આવ્યું. છેલ્લાં ૩૬ વર્ષો દરમિયાન શાળામાંથી અનેક વિદ્યાર્થીઓ અભ્યાસ કરી ચૂક્યા છે. જેમાંથી કેટલાક વિદ્યાર્થીઓ સરકારી કચેરીઓમાં, બૅંકમાં, ખાનગી સંસ્થાઓમાં તેમજ સ્વતંત્ર વ્યવસાય સાથે જોડાઈ પોતાની કારકિર્દીમાં સફળતા મેળવી રહ્યા છે. ઘણી મોટી સંખ્યામાં મેડિકલનો અભ્યાસ કરી તબીબીક્ષેત્રે પોતાની સેવા પણ કેટલાક વિદ્યાર્થીઓ આપી રહ્યા છે. આવા વિદ્યાર્થીઓ શું શાળામાં આવી પોતાની સેવાઓ આપી શકે ? તે મુજબની સંમતિ શાળાના આચાર્યશ્રી દ્વારા લેવામાં આવતા, સૌના આશ્ચર્ય વચ્ચે શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થી અને તબીબી ક્ષેત્રે સેવાઓ આપી રહેલા ઘણા ડૉક્ટરોએ ઉત્સાહપૂર્વક પોતાની સંમતિ આપી.

તબીબોની સંમતિ મળતાં જ મેડિકલ કૅમ્પના આયોજનનો ધમધમાટ શરૂ થયો. સૌ પ્રથમ મેડિકલ કૅમ્પની માહિતીનો પ્રચાર અને પ્રસાર સોશિયલ મીડિયા દ્વારા શરૂ કરવામાં આવ્યો. જેમાં શાળાના શિક્ષકો તેમજ વિદ્યાર્થીઓએ પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટ દ્વારા કેમ્પની માહિતી આપતા ચોપાનિયા મૂકવાના શરૂ કર્યા. શાળાના ધોરણ ૧૦ અને ૧૨ના કેટલાક ઉત્સાહી વિદ્યાર્થીઓએ કંપની માહિતી આપતા છાપેલ ચોપાનિયાઓને સ્વયં જવાબદારી લઈ પોતાના રહેણાંક વિસ્તારમાં ઘરે-ઘરે જઈ વહેચવાની સંમતિ દર્શાવી અને લગભગ ૧૨,૦૦૦ જેટલા ચોપાનિયા માત્ર બે-ત્રણ દિવસમાં પોતાના વિસ્તારની સોસાયટીઓમાં વહેચી આવ્યા.

બીજી તરફ શાળાના શિક્ષકોની તેમના રસ-રુચિ મુજબ અલગ-અલગ ડૉક્ટરોને મદદરૂપ થઈ શકે તે મુજબ કુલ ૧૫થી ૧૬ ટીમ રચવામાં આવી. આ દરેક ટીમને શાળાના વર્ગખંડને ડૉક્ટરને અનુકૂળ આવે તેવા માહિતીસભર રૂમમાં તબદીલ કરવાથી લઈ ડૉક્ટર સાથે

સંકલનની સંયુક્ત જવાબદારી સોંપવામાં આવી. લોકોની મૂળભૂત સમસ્યાઓને ધ્યાનમાં લઈ કુલ ૧૫ ડિપાર્ટમેન્ટની ગોઠવણ કરવામાં આવી. જેમાં બાળરોગ નિષ્ણાત, પેટના રોગોનાં નિષ્ણાત, કેન્સર રોગનાં નિષ્ણાત, ચામડીનાં રોગનાં નિષ્ણાત, દાંતના રોગનાં નિષ્ણાત, આંખો તેમજ નાક-કાન-ગળાના રોગોનાં નિષ્ણાત, હાડકાનાં રોગોનાં નિષ્ણાત, ડાયાબિટિસને લગતા રોગનાં નિષ્ણાત, સ્ત્રીરોગ નિષ્ણાત તેમજ ફિઝિયોથેરાપી, હોમિયોપેથી, આયુર્વેદિક સારવારના નિષ્ણાત ડૉક્ટરોની ટીમોને ધ્યાનમાં લઈ શાળાના પટાંગણને હોસ્પિટલમાં ફેરવવા માટેનું અનોખું અભિયાન શરૂ થયું. જેમાં ડૉક્ટરોને આમંત્રણ, શાળાના વાલીગણ અને ભરૂચના શહેરીજનોને આમંત્રણ, આવનાર જરૂરિયાતમંદોને રજિસ્ટ્રેશન, વાહનો માટેના પાર્કિંગની વ્યવસ્થા, આવનાર અતિથિ તેમજ જરૂરિયાતમંદો માટે ચા-નાસ્તાની વ્યવસ્થા વગેરે માટે એક આગવું આયોજન કરવામાં આવ્યું. જ્યાં ડૉક્ટર હોય, ત્યાં દવાની પણ જરૂર પડે જ. એટલે શાળાના જ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને હાલમાં ફાર્માસિસ્ટ તરીકે સેવા આપનાર વિદ્યાર્થીઓની સંયુક્ત ટીમ પણ દવાઓ લઈને તેના વિતરણ વગેરેની જવાબદારી સંભાળવા આ કેમ્પમાં રાજીખુશીથી જોડાવા તૈયાર થઈ ગઈ.

શાળાના ધોરણ ૧૨મા અભ્યાસ કરી રહેલા અને ખાસ કરી બાયોલોજી વિષય સાથે જોડાયેલા વિદ્યાર્થીઓને પ્રત્યક્ષ અનુભવ મળી રહે તેમજ પોતાની કારકિર્દી પસંદ કરવામાં માર્ગદર્શક બને તે હેતુસર દરેક ડૉક્ટર સાથે ત્રણથી ચાર વિદ્યાર્થીઓની ટીમને સ્વયંસેવક તરીકે ગોઠવવામાં આવી. શાળાના શિક્ષકો અને સ્વયંસેવકોની ટીમે મળી સોંપાયેલ વર્ગખંડો તેના નિષ્ણાત તબીબની જરૂરિયાત મુજબ સજાવ્યા. મેડિકલ કેમ્પના દિવસે આવનાર જરૂરિયાતમંદોને રજિસ્ટ્રેશન કરવા માટે ખાસ પ્રકારના કેસ પેપર, રજિસ્ટ્રેશન ફોર્મ વગેરેની ડિઝાઈન અને છાપકામ પણ શાળામાં જાતે જ કરવામાં આવ્યું. આવનાર લોકો કંટાળે નહીં તે માટે તેમનું માહિતીસભર મનોરંજન પણ થાય તેવા વીડિયો શોધી સ્ક્રિન પર દર્શાવવામાં આવે તેમ ગોઠવણ કરવામાં આવી. શાળામાં વિદ્યાર્થીઓને પોતાની આવડત પ્રસ્તુતિ કરવાની તક મળે તે માટે લાઈવ ગીત-સંગીત પ્રસ્તુતિની પણ વ્યવસ્થા કરાવાઈ હતી. ચાર્ટ પેપર મેડિકલ કેમ્પને શોભે તેવી વિવિધ માહિતી દર્શાવી અને વર્ગખંડોમાં, વેટિંગ રૂમમાં તેમજ શાળાના પટાંગણમાં તેના દ્વારા સજાવટ કરવામાં આવી. આવનાર લોકો પોતાની સમસ્યા મુજબના તબીબ પાસે સરળતાપૂર્વક પહોંચી શકે તે મુજબનું આયોજન થાય તેની ખાસ તકેદારી પણ રાખવામાં આવી.

આખરે સૌના આનંદ વચ્ચે ૧૨મી જૂન, ૨૦૨૨નો દિવસ પણ અનોખો સૂરજ લઈને ઊગ્યો. વહેલી સવારથી જ ડૉક્ટરો ઉત્સાહપૂર્વક શાળાના પટાંગણમાં પહોંચી રહ્યા હતા. કેમ્પની શરૂઆત પહેલા તેનો ઉદ્‌ઘાટન સમારંભ યોજાયો. જેમાં ઈન્ડિયન મેડિકલ એસોસીએશન, ભરૂચ ખાતેના પ્રમુખ ડૉક્ટર કીર્તિરાજસિંહ ગોહિલ તેમજ ભરૂચના ખ્યાતનામ સિનિયર ડૉક્ટર શ્રીમતી ભાવનાબેન શેઠનાં હસ્તે દીપ પ્રાગટ્ય કરી કેમ્પને ખુલ્લો મૂકવામાં આવ્યો. પોતાની સેવા આપવા પધારેલ શાળાનાં વિદ્યાર્થી ડૉક્ટરોનું પુસ્તકો અને પુષ્પો દ્વારા સ્વાગત કરવામાં આવ્યું. કેટલાક યાદગાર સંસ્મરણો વાગોળતા તબીબો પોતાની સેવા આપવા મચી પડ્યા. દસ વાગ્યાથી કેમ્પની શરૂઆત થઈ ત્યારથી જ લોકોનો અવિરત પ્રવાહ આવી રહ્યો હતો. આવનાર દરેકનું રજિસ્ટ્રેશન કરી તેમને ચા-નાસ્તો આપવામાં આવતો, ત્યાર બાદ તેઓ પોતાની જરૂરિયાત મુજબ તબીબોની સલાહ માટે સોંપાયેલ વર્ગખંડમાં ચેકઅપ માટે જતા. આ સાથે ડૉક્ટરો દ્વારા જરૂર પડે દવાઓ લખી આપવામાં આવતી, જે મેડિકલ સ્ટોર દ્વારા નિઃશુલ્ક આપવામાં આવતી. લોકોના સતત પ્રવાહ વચ્ચે ડૉક્ટરો દ્વારા હજારથી પણ વધુ લોકોની

(અનુસંધાન પૃષ્ઠ ૩૮ ઉપર)

# શિક્ષણમાં વસંત

**રાજુ કાનાણી**
'હેમહીરવા' શ્રી હરિપાર્ક સોસાયટી-૨, નવરંગ-૧ પાછળ,
૮૦ ફૂટ રોડ, વઢવાણ, સુરેન્દ્રનગર-૩૬૩૦૩૫.
મો. ૮૪૬૯૪૮૩૪૬૩

સિત્તેરના દસકામાં શિક્ષણ ક્ષેત્રે સમૂળી ક્રાંતિની શરૂઆતી સંઘર્ષનો સમય. ગાંધીચીંધ્યા ચીલે ચાલી માનવીય ઉત્થાનની અહાલેક જગાવી ધૂણી ધખાવી બેઠેલા યુગપ્રવર્તકોના આદર્શોને આત્મસાત કરી, આખાયે સમાજની આવતીકાલ અજવાળવા જાત જલાવી સમાજમાં વ્યાપ્ત અજ્ઞાનનાં અંધારા ઉલેચવા અથાક્ મથતાં પ્રજ્ઞાપુરુષો, શિક્ષણ ઋષિઓની પરંપરામાં એક આગવું અને અનોખું વ્યક્તિત્વ એટલે શ્રી વસંતલાલ હરિલાલ દોશી.

શ્રી હરિલાલ ડુંગરશી દોશીસાહેબ સૌરાષ્ટ્ર પ્રાંતના જૂના મોરબી રાજ્યના શિક્ષણ અધિકારી હતા. તેમના પુત્રરત્ન શ્રી વસંતલાલ હરિલાલ દોશી, મચ્છુ નદીના પાણી પી, ધરામાં ધુબકા મારતા મોટા થયા. રાજપુરુષ સો દેદિપ્યમાન દૈવી દેહ, માતૃવત્સલ હૈયામાં ધબકતો લોકકલ્યાણનો ધબકાર, દર્શન થતાં જ દૃષ્ટિમાં શીતળતા વ્યાપી રહે તેવું વ્યક્તિત્વ ! બાળવયે માતાપિતાની છત્રછાયા ગુમાવ્યા છતાં જાણે કો' અવતારકાર્ય માટે માંહ્યલામાં વિશુદ્ધ ચેતના સંગોપાતી રહી અને સંઘર્ષરત થતાં જ કેડી કંડારાતી રહી.

છોટુભાઈ સુતરિયાસાહેબનો હાથ ઝાલીને જાતનું જ નહીં, જગતનું જતન કરવાના નિરધાર સાથે શિક્ષણપથ પ્રશસ્ત થયો. એક દિવસ વસંતભાઈને સુતરિયાસાહેબ સાથે બહારગામ જવાનું થયું. સુરેન્દ્રનગર અને વિરમગામ વચ્ચે રાજપર બાળાના રેલવે સ્ટેશનથી ગાડીમાં બેસવાનું હતું. ગાડી આવે એ પેલા એક એવી ઘટના ઘટી કે વસંતભાઈએ પ્રામાણિકતાનો પ્રથમ પાઠ પઢ્યો !

ગામડાં ગામના નાનકડા ઉજ્જડ સ્ટેશને પ્લેટફોર્મ પાસ લેવાની જરૂર નથી, એવું વારંવાર કહેતા ઓળખીતા સ્ટેશન માસ્ટરનો પ્રેમાગ્રહ છતાં સુતરિયાસાહેબનું મન માન્યું નહીં અને તેમની પ્રામાણિકતા પ્રગટ થઈ ઊઠી. તેથી તેમણે પ્લેટફોર્મ પાસ જેટલી જ રકમના પોસ્ટકાર્ડ પોતાની બેગમાંથી બહાર કાઢી પોતાના હાથે જ ફાડીને બહાર કચરો નહીં કરવાની ચીવટ સાથે ફાડેલા પોસ્ટકાર્ડના ટુકડાઓ પોતાના જ ખિસ્સામાં સરકાવી દીધા પછી જ તેમને નિરાંત થઈ ! પ્રામાણિકતા અને સત્યનિષ્ઠાના પ્રત્યક્ષ દર્શન થકી વસંતભાઈના કુમળા માનસમાં પ્રામાણિકતાનો પાકો પાયો મંડાયો અને મજબૂત પાયા પર નિર્મિત અખંડ ચરિત્રની અજોડ ઈમારતમાંથી કદાપિ કાંકરી પણ ખરી નહીં !

શિક્ષણથી સૂકાભઠ્ઠ સૌરાષ્ટ્ર પ્રાંતમાં શ્રી હરિલાલ દોશીસાહેબે પોતાની જાત નિચોવી, જીવનપર્યંત શિક્ષણ યજ્ઞ પ્રજ્વલિત રાખ્યો. તેમના ઉત્તરાધિકારી તરીકે શ્રી વસંતભાઈ દોશીને સ્વયં વસંત સ્વરૂપે વિસ્તરીને શિક્ષણમાં વસંતના વધામણાં કર્યા. શ્રી વસંતભાઈ દોશીસાહેબનો કાર્યકાળ, શિક્ષણમાં વસંત બની રહ્યો !

શ્રી વસંતભાઈ દોશીસાહેબના દિલોદિમાગમાં આજીવન અમીટ અને અકબંધ સતવાયેલ રેલવે સ્ટેશન પર ઘટેલી ઘટના, આજની પેઢીને સમજવું અઘરું પડે ! કારણ કે આજના મોબાઈલ કલ્ચરમાં ટ્રેનની ટિકિટ લીધા વિના મુસાફરી કરી આવ્યાની વાતે ઉજાણી કરવામાં આવતી હોય ત્યાં ઊજળા આદર્શોની વાતે કદાચ વર્તમાન પેઢીને વસમું લાગે, પરંતુ પ્લેટફોર્મ પાસ નહીં લેવાના કારણે સરકારના રેવન્યુ વિભાગને મારા કારણે નુકસાન ના થાય માટે તેટલી જ કિંમતના પોસ્ટકાર્ડ ફાડી નાખીને જાત સાથે પ્રામાણિક રહેવાની વાત, વસંતભાઈના વ્યવહાર જગતને અખંડ જ્યોતની જેમ પ્રજ્ઞા વાળતી રહી. વસંતભાઈને વારસામાં મળેલા દયા, પ્રેમ અને કરુણાભીના ધાર્મિક સંસ્કારોમાં પાવન સ્પર્શે જ તેઓના

સરકારી અધિકારી તરીકેના કાર્યકાળે પણ માનવીય અભિગમ અગ્રતાક્રમે રહ્યો.

મહામહિમ શ્રી રાષ્ટ્રપતિજીના વરદ્ હસ્તે શ્રેષ્ઠ શિક્ષક તરીકેનું સન્માન મેળવ્યા ઉપરાંત તેઓ પ્રિન્સિપાલ, જિલ્લા શિક્ષણાધિકારી, માધ્યમિક શિક્ષણમાં પરીક્ષા સચિવ સુધીની જવાબદારીઓ નિભાવી. સંપૂર્ણ પ્રામાણિકતા પૂર્વક સત્યનિષ્ઠાપૂર્ણ સાતત્યભર્યો વહીવટ સંભાળવા છતાં તેઓ અંતરથી તો સદા શિક્ષક જ રહ્યાં. ગણિત વિષયના તજજ્ઞ હોવાના નાતે શ્રી દોશીસાહેબે પાઠ્યપુસ્તકો સહિત શિક્ષણ સંબંધિત વિપુલ પ્રમાણમાં લેખન કાર્ય કર્યું. જોકે તેમના સહપાઠી મિત્રો સાહિત્ય સર્જન તરફ વળ્યા ત્યારે તેમને પણ સાહિત્ય સર્જન માટે રુચિ થયેલી છતાં શિક્ષણના મશાલચી બનવાનું તેમના ભાગે નિર્માયેલું હતું, તે તેમણે સહર્ષ સ્વીકાર્યું અને સુપેરે પાર પણ પાડ્યું. શ્રી દોશીસાહેબની શિક્ષણ મશાલના અજવાળે તો તેમના કંઈ કેટલાય શિષ્યો શિક્ષણ, સાહિત્ય અને કલા ક્ષેત્રે સ્વયં પ્રકાશિત થયા છે.

સારાયે સમાજના સહિયારા ઉત્કર્ષ કાજે શ્રમ, સેવા અને શિક્ષણ મારગે મથતા રહી જીવન સાર્થક કરનાર શિક્ષણસેવીઓ અમરત્વ પામે છે. આવા રૂડાં મુઠ્ઠી ઊંચેરા માનવી, શિક્ષણમાં વસંત સમાન, સર્જકોના સર્જક શ્રી વસંતભાઈ દોશીસાહેબને, ગરવી ગુજરાતના શુષ્ક શિક્ષણમાં વસંત વેરી વ્યાપી જઈ, સમગ્ર શિક્ષણ જગત લીલુછમ્મ્ રહે તે માટે વાસંતી વાયરો બની વહ્યાં કરવા બદલ, વારંવાર વંદન.

## શાળામાં સ્થાપના દિવસની અનોખી ઉજવણી

સમસ્યાઓની ચકાસણી કરવામાં આવી. સમય ક્યારે વગી ગયો તેનો શાળાના શિક્ષકો, વિદ્યાર્થીઓ કે આવનાર તબીબોને પણ ખ્યાલ ન રહ્યો. એક વાગ્યાની આસપાસ કેમ્પ માટેનું રજિસ્ટ્રેશન બંધ કરવામાં આવ્યું. થોડા સમય બાદ બધા જ તબીબોએ શાળાના શિક્ષકો અને સ્વયંસેવકો સાથે ભોજન લેતા શાળા જીવનના અનુભવો વાગોળ્યા. વળી, ઘણા સમયે મળેલ મિત્રોએ શાળાના પટાંગણની મુલાકાત લઈ થયેલ બદલાવને જાણ્યા અને માણ્યા. આવનાર દરેક ડૉક્ટરને સ્મૃતિભેટ સાથે ભાવપૂર્ણ વિદાય આપવામાં આવી.

કેમ્પ દરમિયાન પોતાની સમસ્યાનો ઉકેલ મળતો જોઈ આવનાર દર્દીના મુખ પર છલકાતું હાસ્ય સુખદ ક્ષણોનો અનુભવ કરાવતું. કેમ્પ માટેની તૈયારી દરમિયાન એક વ્હિલચેરની ગોઠવણ કરવી તે બાબત ધ્યાનમાં હતી, પરંતુ અંતે સૌ એવા નિર્ણય પર પહોંચ્યા કે, જો જરૂર ઊભી થાય તો શાળામાં જ હાજર પૈડાંવાળી ખુરશીનો ઉપયોગ કરી લેવો. આ દિવસે શરીરથી ભરાવદાર તેવા એક વૃદ્ધને ચાલવાની તકલીફ હતી, તે શાળાના સ્વયંસેવકો પૈડાંવાળી ખુરશી ઉપર તેમને એક વર્ગખંડથી બીજા વર્ગખંડમાં નિદાન માટે લઈ જતા. આ દૃશ્ય હાજર સૌને રમૂજ પૂરી પાડતું હતું. તો વળી ઘણા જૂના દર્દથી પીડાતા અને કદાચ અહીંથી તેમની તકલીફનો ઉકેલ મળશે તેવી આશાએ બહેરા-મૂંગા દંપતીની ઉપસ્થિતિએ સૌ માટે લાગણીસભર દૃશ્યો ખડા કર્યા. આવા તો ઘણા વ્યક્તિઓ પોતાની સમસ્યાના ઉકેલ માટે ડૉક્ટરો સાથે ચર્ચા કરતા અને ડૉક્ટરો પણ તેમની વાત ખૂબ શાંતિથી સાંભળી યોગ્ય ઉકેલ કે આશ્વાસન આપતા.

કદાચ મોટી હોસ્પિટલ કે ઔદ્યોગિક એકમો દ્વારા આવા કેમ્પનું આયોજન થયું હોત તો તેમાં નવીન બાબત કોઈ જ ન હોત, પરંતુ ઍમિટી શાળાએ કરેલા આ નવતર પ્રયોગ થઈ તેમાં જોડાયેલ દરેક તબીબ વિદ્યાર્થી, શાળાનો શિક્ષક ગણ અને વિદ્યાર્થીઓ તેમજ દર્દી તરીકે આવેલ દરેક વ્યક્તિ માટે આ અનોખો નિદાન કેમ્પ સેવાયજ્ઞ બની રહ્યો. શાળા સમાજનું એવું અંગ છે જે નાગરિક ધર્મ દ્વારા રાષ્ટ્ર નિર્માણનું કાર્ય કરે છે. ઍમિટી શાળા આવા જ અનોખા ઉત્સવો દ્વારા નાગરિક ધર્મ અને રાષ્ટ્ર પ્રેમના પાઠ પોતાના વિદ્યાર્થીઓને સતત શીખવતી રહેશે.

# દીકરી વ્હાલનો દરિયો

**પ્રવીણભાઈ એલ. ખાચર 'પાર્થ'**
ઉમા પાર્ક-૩, બ્રાહ્મણ સોસાયટી પાછળ, રચિતનગર પાસે,
પંજવાણી કાંટા, પાળિયાદ રોડ, બોટાદ-૩૬૪૭૧૦.
મો. ૭૫૬૭૨૯૯૦૯

એક શબદ સમગ્ર બ્રહ્માંડમાં ગુંજી ઊઠે અને હૈયું પુલકિત થઈ જાય. એક શબદ  દયમાં હરખની હેલી છલકાવી દે. એક શબદ સંસારમાં વાત્સલ્યનું ઝરણું પ્રગટાવી દે. એક શબદ માનસપટને નવા ઉજાસથી ભરી દે. એક શબદ ઘરનાં આંગણાને ઊછળતું કરી દે. એક શબદ આતમદીપને અજવાળી અંધકાર ભગાવી દે. એક શબદ આખા આયખાને સજાવી દે. ને એક શબદ કેટલાય સંબંધોની સરવાણી વહાવી દે એ શબદ એટલે દીકરી અને બસ દીકરી.

આ શબ્દને જેટલા અવતરણોમાં ટાંકીએ એટલા ટૂંકા જ પડે. એના વિશે લખવા બેસીએ તો બધીજ ઉપમાઓ આછકલી લાગે,  દયમાં બસ નાનકડી પગલીઓમાં પહેરેલી ઝાંઝરીઓ ઝણ-ઝણવાં લાગે, ઘરનું આંગણું કલશોર કરી ઊઠે ઓલી આમ્રમંજરીની કોયલડી જેમ હો!

દીકરી એટલે  એક સભ્યતા, સંસ્કાર અને સાચા અર્થમાં સંસ્કૃતિનો દિવ્ય સંગમ. દીકરી એટલે એક સ્વાભિમાન. દીકરી એટલે ત્રણ અક્ષરની કવિતા, સ્તોત્ર અને મંત્ર. દીકરી એટલે કાળજાનો કટકો. દીકરી એટલે કુટુંબનો આધાર અને હૈયાનો ધબકાર. દીકરી એટલે તુલસીક્યારો. દીકરી એટલે વ્હાલપનો ભારો. દીકરી એટલે કાચનું દર્પણ. દીકરી એટલે સ્નેહનું સમર્પણ. દીકરી એટલે વિધાતાની અણમોલ ભેટ. દીકરી એટલે આત્મજા ખરેખર દીકરી એટલે સર્વસ્વ અને છેલ્લે એ મારો ગમતું *અવતરણ 'વ્હાલનો દરિયો'.*

***જેટલું લખું છું એ બધુંજ ઓછું લાગે છે,***
***બસ દીકરી નામની સીતાર હૈયામાં વાગે છે.***

બે દિવસ પહેલાં જ વર્ષો પહેલા ભણેલ પાઠ 'દીકરો' યાદ આવ્યો અને સહજ હીરબાઈ યાદ આવી અને બે પંક્તિઓ સરી પડી...

***એ ઓંશરીની ધાર પર ઊભી હતી***
***એ આંખ રાતી હાથમાં બરછી હતી***
***રાખી લીધી'તી આબરુ એ બાપની***
***દીકરાથી આગળ ડગ દીકરી હતી***

*- પાર્થ ખાચર*

આમ તો દીકરી શબ્દ પર ગુજરાતી સાહિત્યમાં અધધધ લખાયું છે પણ હું જ્યારે પણ આ શબ્દને યાદ કરું ત્યારે મારા  દયમાં ખુમારી અને સંસ્કારિતાની ધરોહર સમી બે હીરબાઈ મારી આંખ સામે તરવરે. એક શ્રીમાન લાખાવાળાની જંગદંબાનાં અવતાર સમી દીકરી હીરબાઈ અને બીજી ચાંપરડા શ્રીમાન વાઘાવાળાની દીકરી હીરબાઈ જેના માટેનો અદ્ભુત પ્રસંગ મેઘાણીએ સૌરાષ્ટ્રની રસધારમાં 'કરિયાવર' નામે આલેખ્યો છે. શું ખાનદાની, શું ખુમારી, શું તેજસ્વિતા અને શું સંસ્કાર આટલું વાંચી લ્યો અને ભીતરમાં આ પાત્ર માટે અધધ માન ઉપજે અને હૈયું પુલકિત થઈ જાય...

***પુનતિ પિતરાદીનિતિ.***
***પુત્રી પ્રતિકૃતિ રહ્યા ઈતિ.***

એટલે કે બિલકુલ એના જેવી જ, એટલે પુત્રી... કહેવાનો અર્થ કે આપણાં શાસ્ત્રોમાં પણ એને સમાન ગણવામાં આવી છે ત્યારે એને દીકરાથી જરા પણ ઓછી ગણનારાને આ વાત હૈયે સાચવવા જેવી છે.

મને દીકરી વિશે લખાયેલ ઘણા ભાવો પૈકી 'સ્ટુઅર્ટ અને લિન્ડા મેકફાર્લેન' એ લખેલી થોડી પંકિતઓ ખૂબ ગમી...

*ઝંઝાવાતની જેમ તું અમારી જિંદગીમાં આવી*
*તેં અમારી યોજનાઓ અવળસવળ કરી દીધી*
*સુંદર ફિલ્મોની વચ્ચે તેં ચીસાચીસ કરી મૂકી*
*તું ઘરની હરેક ચીજ અહીંતહીં ફંગોળતી રહી*
*તેં અમારી જિંદગીને અદ્ભુત બનાવી દીધી.*

કેટલો ભાવ, કેટલું અદ્ભુત વાત્સલ્ય શબદમાં અંકિત થયું છે પણ આ સાથે મને ગામડા ગામમાં બાપ અને દીકરી વચ્ચે સર્જાતા ઘણાં દશ્યો નજરે તરે... એ ખોળો ખુંદતી દીકરી... એ બાપની આંગળી પકડી હિલોળે ચડતી પારસવેલ... એ બહારગામથી કે વાડીએથી આવેલ પરસેવે રેબઝેબ બાપ માટે પાણીના ગ્લાસ સાથે ચુંદડીનાં પાલવથી લુછાતો પરસેવો... અહા! કેટલા દુર્લભ દશ્યો ખડા થાય અને છેલ્લે તો ખંભે બેસાડી નિશાળે મૂકવા જતો બાપ રૂડો બહુ લાગે હો! અને આવું દશ્ય જોઈને મારાથી લખાયું હતું કે

*દીકરી લાગે વ્હાલનો દરિયો દીકરી જગથી ન્યારી,*
*રોજ નિશાળે જાશે નક્કી થાશે તુલસીક્યારી.*

એનાથી વધારે ચંદ્રકાંત બક્ષી લખે કે 'પિતા અને પુત્રીનો એક વિચિત્ર સંબંધ છે. પિતાને પુત્રીનું કંઈ જ લેવું નથી અને પુત્રીને પિતા માટે બધું જ આપી દેવું છે. સર્જનહારે આ સંબંધમાં બંને મુઠ્ઠીઓ ભરીને પ્રેમ ઢોળી નાંખ્યો છે. ગયા સાત ભવમાં જેણે પુણ્યો કર્યા હોય એને આ ભવમાં એક જ પુત્રી મળે છે. હું ખુશકિસ્મત છું કે મારે એક જ પુત્રી જ છે અને દીકરી એ સવાઈ દીકરો છે. જિંદગીના છેલ્લા કલાકો સુધી એ તમારી સાથે રહે છે. એક એવો દિવસ આવે છે જ્યારે 'ડેડી' શબ્દ હું પર છવાઈ જાય છે.

કેટલી જાજરમાન વાત, પુત્રમોહમાં ઘેલા દરેકે આ વાત દયમાં સંઘરી રાખવા જેવી છે. ખરેખર આ ત્રણ અક્ષરનો શબદ વ્હાલનાં દરેક અવતરણો પર ભારે પડે છે અને એટલે જ તો એ ઘર આંગણાનું એવું નિરામય પતંગિયું છે કે જે આખા બાગની ખુશ્બૂ પળવારમાં પોતાની કાલીઘેલી વાણીથી ઘરમાં ફેલાવી શકે છે. આંબે ઝુલતી કોયલડી કરતા પણ એનો ટહુકો મીઠો છે. એની પગલીઓથી ઘરનાં આંગણામાં દરરોજ જાણે કે રંગોળી પુરાઈ જાય છે. ખરેખર દીકરી તો છે વ્હાલપનું ગીત, સૌના મોં પરનું સ્મિત, અનોખી રીત...

વિશ્વવંદનીય સંત અને કથાકારશ્રી મોરારિબાપુના શબદમાં...

*'મારી સમજ કાંઈક એવી છે કે પુત્ર એ પિતાનું રૂપ છે, પરંતુ પુત્રી પિતાનું સ્વરૂપ છે. પુત્ર એ બાપનો હાથ છે, પરંતુ દીકરી એ બાપનું હૈયું છે અને એટલે જ બાપ જ્યારે કન્યાદાન આપતો હોય ત્યારે, એ દીકરીનો હાથ જમાઈના હાથમાં આપતો હોય છે, પરંતુ વાસ્તવમાં તો એ પોતાનું હૈયું જ આપતો હોય છે.'*

**-મોરારિબાપુ**

દીકરી વિશે આમ લખ્યાં જ કરીએ તો આ તાર તૂટે એવો છે નહીં પણ અજવાસી કલમનું અવતરણ મને રોકે એ પહેલા ઘરઆંગણામાં રમતી એક કનકદીવડીને જોઈ એક બેઠકે હૈયામાં સ્ફુરેલ સ્પંદનો અહી કંડારી દઉં...

*ઢીંગલી રમે છે આજ લંગડી રે*
*એના વાંકડિયા છે વાળ...*
*હાથે શોભે છે એની બંગડી રે*
*એની કોરે ઘુઘરમાળ....*

*ઘમ્મર ઘેરી ઘાઘરીને પગમાં કાંબી ઠેસ...*
*ડોક રૂપા હાંસડીને તાણી બાંધ્યાં કેશ ...*
*નાકે સોનાની નથડી રે એતો ચાલે લટકતી ચાલ...*
*ઢીંગલી રમે છે આજ લંગડી રે એના વાંકડિયા છે વાળ*

*કાળો ભમ્મર ચોટલો ને નમણી નાગરવેલ...*
*મધદરિયામાં ઘુમતી હો જાણે પારસવેલ...*
*નવરંગ ઓઢી ચુંદડી રે એને જોતા ઉપજે વ્હાલ...*
*ઢીંગલી રમે છે આજ લંગડી રે એના વાંકડિયા છે વાળ.*

# વાલીશિક્ષણ (વાલી-જાગૃત્તિ)

**આશાબેન પંચાલ**
શાંતિકુમાર કોઠારી વિદ્યાલય (બાલભારતી)

વાલી એટલે વહાલ કરે તે વાલી. બાળકને આગળ લઈ જાય તે વાલી.

આપણે જાણીએ છીએ કે "આપણું સંતાન આપણું ભવિષ્ય છે."

કયા પ્રશ્નને લઈ આપણને બાળક માટે ચિંતા હોય છે ? જવાબ છે : (૧) ઉછેર માટે (૨) અભ્યાસ માટે (૩) નોકરી માટે (૪) લગ્ન માટે. આ બધા માટે ચિંતા છે પણ આપણે ક્યારેય બાળકના સારા સંસ્કાર માટે ચિંતા કરતા નથી. સજાગ નથી.

- આજના જમાનામાં આ બધા જ પ્રશ્નની જડ સ્માર્ટફોન, સ્માર્ટ ટી.વી. છે. જેના કારણે બાળકોમાં ભૂલવાની, પાચન ન થવું, ચશ્માના નંબર, આક્રમકતા, માનસિક રોગ, નાની ઉંમરે પીઢતા આવે, બાળકનું મગજ વિકૃત્ત બને, કેન્સર જેવી બીમારીઓ જોવા મળે છે.
- આજે વિદ્યાર્થીને ભણવું ગમતું નથી. જે ગમે છે તે વાલી કરવા દેતા નથી. વિદ્યાર્થીને શિક્ષક પ્રત્યે આદર નથી, ઈતર વાંચન નથી, પોતાને શું બનવું છે તેની કોઈ દિશા નથી.

  મોબાઈલ, ટી.વી. વગેરે સાધન ખોટા નથી ઉપયોગી જ છે. પરંતુ તેને વાપરવાની રીત ખોટી છે. તે બાળકને આપણે સમજાવવું જોઈએ. કેમકે બાળકને સારા-ખોટાનો વિવેક હોતો નથી.
- બાળક કૂમળા ફૂલ જેવું છે. તે આપણે કહીએ તેવું તો કરે છે પણ તેના કરતાં આપણે કરીએ તેવું વધારે કરે છે.

  બાળકની પરીક્ષા હોય ત્યારે આપણે તેને ભણવાનું કહીએ છીએ અને આપણે ટી.વી. જોઈએ, મોબાઈલમાં ગેમ રમીએ, તો બાળકને ભણવાનું મન ન થાય. આપણે ઘરમાં એવું વાતાવરણ ઊભું કરીએ કે જેથી બાળકને ભણવાનું મન થાય. આ માટે આપણે પણ ધાર્મિક પુસ્તકો સામયિકો વાંચીએ.

નીચેની બાબતો ધ્યાનમાં રાખીશું તો કદાચ આપણે સાચા અર્થમાં બાળકનું સાચું ઘડતર કરી શકીશું.

- ખોટું ન બોલવું, ગાળો ન બોલવી, ચોરી ન કરવી આ બધી વાતો માટે શાળામાં શિક્ષકો તો પ્રયત્ન કરે છે જ. પણ બાળક શાળામાં ૫-૬ કલાક રહે છે જ્યારે ૧૮ કલાક ઘરે માતા-પિતા સાથે રહે છે તેનું ધ્યાન રાખવું.
- સૌથી પહેલાં માતા-પિતા બાળકની હાજરીમાં સજાગ રહી તમે ખોટું ન બોલો, ગાળો ન બોલો, ઝઘડો નહીં.
- બાળકની ફરિયાદ બીજા બાળકની હાજરીમાં બીજા કોઈને, શિક્ષકને ન કરો. બીજા બાળક સાથે તેની તુલના ન કરો. તેના સારા કાર્યોની વાતો કરો, વખાણ કરો, બાળકની હાજરીમાં તેની સારી ટેવોની વાતો કરો.
- બાળક ક્યારેક કઈ ભૂલ કરે તો શાંતિથી સમજાવો. માતા-પિતા બાળકના મિત્રો બની તેની સાથે વાતો કરો.
- બાળકને શું ભાવે છે ? શું ગમે છે, શાનો શોખ છે, નવરાશના સમયમાં બાળકને શું કરવું ગમે છે, તેના મિત્રો કોણ છે, ટી.વી.માં તેને શું જોવું ગમે છે શા

માટે ? આવી નાની-નાની બાબતો ધ્યાનમાં રાખો. આ વાતોની બાળકો સાથે ચર્ચા કરો.

- બાળક મોટું થાય તેમ તેમ માતા-પિતા સાથે બોલવાનું ઓછું થાય પણ મિત્રો સાથે કલાકો સુધી વાતો કરે છે તેનું કારણ માતા-પિતા બાળકની જરૂરિયાત પૂરી કરે છે પણ તેને સમજતા નથી તેથી તે મિત્રો સાથે સમજણ કેળવાતા કલાકો વાતો કરે છે.
- વાલીએ એ વાત પણ ધ્યાનમાં રાખવી જોઈએ કે ઘણી વખત બાળકો જે માગે તે બધું જ તેમને વગર મહેનતે આપી દેવાથી તેઓ મહેનત કરવાનું જ ભૂલી જાય છે. તેને બદલે જો બાળકને નાનામાં નાની ચીજની પ્રાપ્તિ માટે પણ સંઘર્ષ કરવો પડ્યો હોય તો તે બાળક આ ચીજનું મૂલ્ય સમજે છે અને સંઘર્ષ કરીને જીવનમાં આગળ આવતા શીખી જાય છે.

છેલ્લે એક નાની વાર્તા...

એક ભરવાડ હતો. તે બકરીઓ ચરાવવા જંગલમાં જતો. એક વખત સિંહનું બચ્ચું સિંહથી છૂટી પડી ગયું અને બકરીઓનાં ટોળામાં આવી ગયું. ભરવાડ સિંહને પણ ઘાસ ખવડાવતો. સિંહનું બચ્ચું મોટું થઈ બે-બે બોલતાં શીખ્યું. થોડા વખત પછી ભરવાડ જંગલમાં બકરીઓ ચરાવતો હતો ત્યાં બીજો સિંહ આવ્યો. બીજા સિંહે રાડ નાખી. ભરવાડ અને બકરીઓ ભાગી ગયા. પણ સિંહનું બચ્ચું ત્યાં જ ઊભું રહ્યું. બીજા સિંહે સિંહનાં બચ્ચાને કહ્યું તું સિંહ છે. તો સિંહનું બચ્ચું કહે ના હું બકરી છું. બીજો સિંહ કહે તું રાડ નાખ. સિંહનું બચ્ચું બે-બે બોલે છે. બીજો સિંહ, સિંહના બચ્ચાને કૂવા પાસે લઈ જઈ તેમાં બતાવે છે કે જો તું મારા જેવો દેખાય છે. તું સિંહ છે.

આ વાર્તા પરથી કહી શકાય કે બાળકનું પણ આવું જ છે. સિંહનાં બચ્ચાં જેવું. આપણે તેનો ઉછેર જેવો કરીશું તેવું બાળક બનશે.

બસ આજથી આપણે સજાગ બનીએ અને બાળકના સાચા વાલી - પથદર્શક બનીએ.

---

## શિક્ષકની ચેતના

માધાંતાઓને પણ મુશ્કેલી હતી, છતાં તેણે એક આજ્ઞાપત્ર જાહેર કર્યું : 'કોઈપણ શિક્ષકને મારી મુલાકાત લેવી હશે, તો તેને માટે મારાં દ્વારા કાયમ ખૂલ્લાં રહેશે.' આ આજ્ઞાપત્રની ચમત્કારિક અસર થઈ ! સમગ્ર જર્મનમાં શિક્ષક વર્ગનો મોભો વધ્યો અને પ્રજા તેમના તરફ માનથી જોવા લાગી ! (પૃ. ૧૩૨)

ત્રિભુવનભાઈએ શાળાને જ પોતાનું કાર્યક્ષેત્ર ન ગણ્યું પણ આખા ગામને લોકશાળા સમું બનાવી દીધું. વહેમો-વળગાડમાંથી લોકોને મુક્ત કરી લોકશિક્ષક ધર્મ બજાવ્યો. જીવનના પાછળના ચાલીસ વર્ષની શિક્ષણ અને સાહિત્યની પ્રવૃત્તિ વિશે લખવાનું શક્ય બન્યું નથી. પ્ર. ત્રિવેદી સાહેબે જો આગ્રહપૂર્વક ફરજ ન પાડી હોત તો શરૂઆતના તબક્કાની 'આપકથા' પણ ન લખાઈ હોત. દમખાણિયાની સાડા ત્રણ વર્ષની નોકરીના અનુભવનું મૂલ્ય પાછળના પિસ્તાલીસ વર્ષના અનુભવ કરતાં પણ વધારે છે.

લેખકના જીવનકાર્યનો શરૂઆતનો એક જ તબક્કો અહીં આલેખાયેલો છે. આ આપકથા અધૂરી છે. શિક્ષણ જગત માટેની એ ખોટ છે. શ્રી દર્શક નોંધે છે કે : 'અફસોસ એ થાય છે કે તેઓ સ્મરણકથા પૂરી ન કરી શક્યા... પણ અફસોસ શા કામનો ? આટલું લખાયું-સચવાયું તે જ ગનીમત છે.' એક સમર્પિત શિક્ષક અને કવિએ પોતે જ પોતાનું વ્યક્તિત્વનું ઘડતર કેવી રીતે કર્યું તેનું સુરેખ અને વાસ્તવદર્શી ચિત્ર અહીંથી મળે છે.

(**'મારી શિક્ષણ સાધના'** લેખક : સ્વ. કવિ ત્રિભુવન વ્યાસ, પ્રથમ આવૃત્તિ : ૧૫-૮-૧૯૮૮, પ્રકાશક : રશ્મિબહેન વ્યાસ, રાજકોટ, મૂલ્ય રૂ. ૧૩/- પૃ.સં. ૧૩૨)

•

# સરસ્વતી વિદ્યામંડળ સંચાલિત
# અસારવા વિદ્યાલયમાં યોગ દિનની ઉજવણી







ઘરશાળા
ઓગસ્ટ-૨૦૨૨

Registered under RNI No. GUJ GUJ/1976/33936. Permitted to post at Ahmedabad PSO on the 2nd of every month under Postal Registration No. GAMC - 1550 / 2022-2024 Valid upto 31st December 2024
PUBLICATION : 2ND DATE OF MONTH છૂટક કિંમત : રૂ.૧૫/-● વાર્ષિક લવાજમ: રૂ. ૧૫૦/-

# આષાઢી સાંજનાં અંબર ગાજે

ઝવેરચંદ મેઘાણી

આષાઢી સાંજનાં અંબર ગાજે
અંબર ગાજે, મેઘાડંબર ગાજે !
- આષાઢી.
માતેલા મોરલાના ટૌકા બોલે
ટૌકા બોલે, ધીરી ઢેલડ ડોલે.
- આષાઢી.
ગરવા ગોવાળિયાના પાવા વાગે
પાવા વાગે, સૂતી ગોપી જાગે.
- આષાઢી.
વીરાની વાડીઓમાં અમૃત રેલે,
અમૃત રેલે, ભાભી ઝરમર ઝીલે
- આષાઢી.
ભાભીની રાતીચોળ ચૂંદડ ભીંજે,
ચૂંદડ ભીંજે,ખોળે બેટો રીઝે.
- આષાઢી.
આષાઢી સાંજનાં અંબર ગાજે
અંબર ગાજે મેઘાડંબર ગાજે !



માલિક : સરસ્વતી વિદ્યામંડળ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. ફોન : ૨૨૯૨૦૫૩૭
મુદ્રક, પ્રકાશક અને તંત્રી : સજુભા ઝાલા એ શ્રી ભગવતી પ્રિન્ટર્સ,
૭૯૭, કડિયાવાડ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. મો. ૯૮૨૫૭૫૨૪૩૭માં પ્રકાશિત કર્યું.